બફય્ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**ફેબ્રુઆરી-૨૦૨૬**

શાબાનુલ્ મુઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક
હિજરી સન : ૧૪૪૭

વર્ષ : ૨૩, અંક : ૨, સળંગ અંક : ૨૬૫



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000301
ISLAMIC WELFARE MISSION
IFSC Code : BARB0DAYADR

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |



: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | માણસના સર્જનનો હેતુ અને વર્તમાન મુસ્લિમ સમુદાય | 04 |
| 02 | દીની સુન્ની સાહિત્ય ક્ષેત્રે અંજુમને રઝાએ મુસ્તફા દયાદરાની ખિદમતો એક નજરમાં... | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 12 |
| 05 | હદાઈકે બખ્શિશ (ભાગ-૨) | 13 |
| 06 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 17 |
| 07 | ક઼ાનૂને શરીઅત (ભાગ-૨) | 19 |
| 08 | તઝકેરતુલ અવલિયા : હઝરત અબુલ હસન નૂરી رحمۃ اللہ علیہ | 22 |
| 09 | ઈસ્લામી અખ્લાક઼ો આદાબ | 25 |
| 10 | અંબિયા علیہم السلام ના તસર્રુફાત (અખત્યારો) કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 29 |
| 11 | (ત્રીજી સદીના મુજદ્દિદ : ૫) હઝરત અબૂ જઅફર મુહમ્મદ બિન જરીર તિબરી رحمۃ اللہ علیہ | 32 |
| 12 | કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) | 36 |
| 13 | ઝર્બે હૈદરી | 40 |
| 14 | એક પત્રનો ઈમાન અફરોઝ જવાબ | 43 |
| 15 | ઈરાન : જે યુદ્ધથી ન તૂટે, તેને બગાવતથી તોડો ! | 49 |


## દિલ મેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો

દિલ મેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો
ફિર તો ખલ્વત મેં અજબ અંજુમન આરાઈ હો
કભી ઐસા ન હુવા ઉન કે કરમ કે સદક઼ે
હાથ કે ફૈલનેસે પેહલે ન ભીક આઈ હો
આજ જો ઐબ કિસી પર નહીં ખુલને દેતે
કબ વો ચાહેંગે મેરી હશ્ર મેં રૂસ્વાઈ હો
ઉસ કી ક઼િસ્મત પે ફ઼િદા તખ્તે શહી કી રાહત
ખાકે તયબહ પે જિસે ચૈન કી નીંદ આઈ હો
આસ્તાને પે તેરે સર હો અજલ આઈ હો
ઔર અય જાને જહાં તૂ ભી તમાશાઈ હો
યહી મંઝૂર થા કુદરત કો કે સાયા ન બને
ઐસે યકતા કે લિયે ઐસી હી યકતાઈ હો
બંદ જબ ખ્વાબે અજલ સે હો 'હસન' કી આંખેં
ઉસ કી નઝરોં મેં તેરા જલ્વએ ઝૈબાઈ હો

અઝ : ઉસ્તાદે ઝમન હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ

# માણસના સર્જનનો હેતુ
## અને વર્તમાન
## મુસ્લિમ સમુદાય

મુસ્લિમ ઉમ્મતની એક મોટી ભૂલ એ છે કે તેણે માનવ સર્જનના હેતુ પર વિચારણા કરવાની કોશિશ નથી કરી. જો કે એમાં કોઈ શંકા નથી કે માનવ સર્જનના પાયાનો હેતુ અલ્લાહ રબ્બુલ ઈજ્જતની મઅરેફત તથા ઈબાદત છે. પરંતુ એની સાથોસાથ આ દુનિયાની જિંદગીને જે અંદાઝમાં કુર્આને કરીમે પ્રદર્શિત કરેલ છે એને સમજવું પણ જરૂરી છે. અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો :–

الَّذِیْ خَلَقَ الْمَوْتَ وَ الْحَیٰوةَ لِیَبْلُوَكُمْ اَیُّكُمْ اَحْسَنُ عَمَلًا ؕ وَ هُوَ الْعَزِیْزُ الْغَفُوْرُ

"તે જેણે મૌત તથા જિંદગી પેદા કરી કે જેથી તમારી પરખ થઈ જાય કે તમારામાં કોનું કામ અધિક સારું છે. તેજ ઈજ્જત તથા બખ્શિશ તથા કરમવાળો છે." *(સૂ. મુલ્ક, આયત–૨)* આ આયતથી માનવ સર્જનના હવાલાથી કુર્આને કરીમનો મહાન હિકમતનો ઈલ્મ સમજમાં આવે છે કે અલ્લાહ તઆલાએ મૌત તથા જિંદગીને એટલા માટે પેદા કર્યા જેથી તે દુનિયામાં અજમાવીને જુએ કે આપણામાંથી કોણ સારા અમલો કરે છે. એ જ પ્રમાણે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اِنَّا جَعَلْنَا مَا عَلَى الْاَرْضِ زِیْنَةً لَّهَا لِنَبْلُوَهُمْ اَیُّهُمْ اَحْسَنُ عَمَلًا

"બેશક ! અમે જમીન પર મૌજૂદ ચીજોને જમીનના માટે શોભા શણગારનો ઝરીયો બનાવ્યો જેથી અમે જમીન પર રહેનારાઓને અજમાવીએ કે એમનામાં કૌનાં કામ અધિક બેહતર છે."

*(સૂ. કહફ, આયત–૭)*

જ્યારે હું આખરી આયત પર વિચારણા કરું છું તો દિમાગ તરત જ એ ખયાલની તરફ વળે છે કે જમીન પર મૌજૂદ આ ઊંચા ઊંચા પહાડ, આ હિલ સ્ટેશનો, આ લીલાછમ બાગો અને નજરોને સુકૂન આપનારી હરીયાળી, આ સૈર કરવાની જગાઓ, વિશાળ તથા સાફ સ્વચ્છ નહેરો, અને આ આલીશાન ઈમારતો, સર્વ ચીજો શોભારૂપે આપણી નજરો સામે રાખવામાં આવી છે. પરંતુ આજે એ સર્વ સ્થાનો બુરાઈઓના અડ્ડા બની ચૂકેલ છે. ઈલ્લા માશા અલ્લાહ ! એશો ઈસ્રતના ખાતર આપણે અત્યારે દેખાવમાં સુંદર સ્થળો (જોવા લાયક) તથા હિલ સ્ટેશનો તરફ જઈએ છીએ. ત્યાં ગયા પછી આપણા રબના ફર્માનોથી ગાફેલ થઈને ગુનાહોની ગંદકીમાં સપડાય જઈએ છીએ અને પોતાના દામન પર ગુનાહોના ધબ્બા લગાડીને પરત થઈ જઈએ છીએ વળી પરવરદિગાર ﷻએ એ પણ ફર્માવ્યું : وَ اِنَّا لَجٰعِلُوْنَ مَا عَلَیْهَا صَعِیْدًا جُرُزًا "બેશક ! જમીન પર મૌજૂદ સર્વ ચીજોને અમે એક દિવસ સપાટ મેદાન બનાવીને છોડીશું." સૂ. કહફ, આ.૮) એ જ પ્રમાણે અલ્લાહ તઆલાએ શ્રવણ શક્તિ તથા દૃષ્ટિ શક્તિના વિશે ઈર્શાદ ફર્માવ્યો :

اِنَّا خَلَقْنَا الْاِنْسَانَ مِنْ نُّطْفَةٍ اَمْشَاجٍ ۖۗ نَّبْتَلِیْهِ فَجَعَلْنٰهُ سَمِیْعًۢا بَصِیْرًا

"બેશક ! અમે માણસને મિશ્ર વિર્યથી પેદા કર્યો જેથી કરીને તેને પરખીએ, તો અમે તેને સાંભળનાર તથા જોનાર બનાવી દીધો." *(સૂ. દહર, આ.૨)* સૂરએ બની ઈસ્રાઈલમાં રબ તઆલાનો ઈર્શાદ છે :

اِنَّ السَّمْعَ وَ الْبَصَرَ وَ الْفُؤَادَ كُلُّ اُولٰٓئِكَ كَانَ عَنْهُ مَسْـُٔوْلًا

અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

વધુ પેજ 39 પર..

દીની સુન્ની સાહિત્ય ક્ષેત્રે

## અંજુમને રઝાએ મુસ્તફા દયાદરા ની

ખિદમતો એક નજરમાં...

### તંત્રી લેખ

*કામ વો લે લીજીયે તુમકો જો રાઝી કરે*
*ઠીક હો નામે 'રઝા' તુમ પે કરોડોં દુરૂદ*

ઈલ્મે દીન એવી રોશની છે જેના સહારે માનવી જહન્નમમાં લઈ જનારી ભયાનક ગુમરાહીઓથી બચીને પોતાના ઈમાન તથા અમલને સાચવી તથા સમારી શકે છે. જેવી રીતે અંધાર્યા માર્ગે ચાલનાર વ્યક્તિ અથવા આંખોની બીનાઈ વિનાનો માણસ ભટકીને દુનિયામાં ગમે ત્યાં ખાઈમાં પડી શકે છે, તેમ ઈલ્મે દીન વિના માનવી બદઅક઼ીદગી તથા બદઅમલીની ચુંગાલમાં ફસાયને જહન્નમની ભયાનક ખાઈઓમાં પહોંચી શકે છે. જેથી અલ્લાહના ફઝલથી ઈલ્મે દીનની રોશનીનો ચિરાગ **"અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"** નામથી અમોએ રોશન કર્યો જેની રોશનીથી કાંઈ કેટલાય હક઼્ના માર્ગના તાલિબોને રાહે રાસ્ત પર રહેવા માટે માર્ગદર્શન મળ્યું છે.

અલ્લાહના ફઝલો કરમથી તેના હબીબે પાક ﷺના સદક઼ામાં ગૌષો ખ્વાજાઓ અશરફો રઝાઓ જુમ્લા અવલિયા رحمۃ اللہ علیہم اجمعینની દુઆઓથી રબીઉલ આખર હિ.સ. ૧૪૦૯ ઈ.સ. ૧૯૮૮ ડિસેમ્બરથી **"અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"**ની શરૂઆત પ્રથમ પ્રકાશન *"બેદીનસે ઈલ્મે દીન સીખના કૈસા ?"* (બયાન : શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાની કછોછવી)થી થઈ, જે બયાન દયાદરા મસ્જિદમાં જુમ્આના રોજ થયું હતું જેને છાપવા માટે હિદાયત કરનાર ખલીફા હુઝૂર મુફતીયે આ'ઝમે હિંદ હઝરત મૌલાના ક઼ારી અબુલ કલામ રઝવી સાહબ હતા, કે જેમણે મુઝ નાચીઝને ૧૯૮૮માં જ ઉર્દૂ લખતા વાંચતા શીખવ્યું અને ઉર્દૂનો ગુજરાતી તર્જમો કરતાં શીખવ્યું. અને આ દીની સાહિત્યના કામ માટે પ્રોત્સાહન આપ્યું. અલ્લાહના ફઝલો કરમથી એ શરૂઆતથી આજે ૨૦૨૬ સુધીમાં ૩૮ વરસોમાં નાની મોટી અમૂલ્ય કિતાબો અન્ય અનુવાદકોની પણ બહાર પડતી રહી જેનો **આંકડો ૩૦૦** સુધી પહોંચવા જઈ રહ્યો છે.

### સુન્ની મહાન લેખકોનાં યાદગાર ઈમાન અફરોઝ પ્રકાશનો

اَلْحَمْدُ لِلّٰہ ! **દુનિયાની સૌથી સત્ય કિતાબ કિતાબુલ્લાહ** *(સૂ. અન્આમ, ૬/૧૧૫)* કુર્આને કરીમ જેનો ઉર્દૂ અનુવાદ **ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہએ રજૂ કર્યો અને તફસીર સદરુલ અફાઝિલ **હઝરત અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી** رحمۃ اللہ علیہએ રજૂ કરી... તે અણમોલ કિતાબ **"કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન"** જેનો ગુજરાતી અનુવાદ **હઝરત મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہએ કર્યો. શરૂમાં દારૂલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામથી મર્હૂમ વલીભાઈ ગોરજી થકી અને પછીથી આ અણમોલ પ્રકાશનની કેટલીય આવૃત્તિઓ દયાદરા અંજુમન થકી પ્રસિધ્ધ થઈ ચૂકી, જે અહલે સુન્નતના ઈમાનમાં તાજગી અર્પી રહી છે. એ ઉપરાંત આ'લા હઝરત رحمۃ اللہ علیہની "તમ્હીદે ઈમાન બ આયાતે કુર્આન" બાર–તેર વાર પ્રસિધ્ધ કરી દુનિયામાં જ્યાં જ્યાં ગુજરાતી છે ત્યાં પહોંચાડવા કોશિશ કરવામાં આવી. તેમજ આ'લા હઝરતના અન્ય રિસાલા પ્રસિધ્ધ કર્યા જેમ કે : કાળો ખિઝાબ હરામ, તસ્વીર વિશે હુકમ, તબર્રુકાતની તા'ઝીમ વિશે, માબાપના

હક્કો, હુઝૂર ﷺના મા બાપ જન્નતી, તેમજ ઝકાતનું મહત્વ, દીદારે ઈલાહી, બરકાતુલ ઈમદાદ, વહાબિયત વિશે હુકમ, નિદાએ યા રસૂલલ્લાહ ﷺ વગેરે અન્ય પણ કિતાબો છપાઈ.

- **નુઝહતુલ કારી શરહે સહીહ બુખારી** : (નવ ભાગોમાં લગભગ ૬૦૦૦ પેજીસ) : **કુર્આન બાદ સૌથી અફઝલ**, હદીષોની **સૌથી શ્રેષ્ઠ કિતાબ** બુખારી શરીફ જે **હઝરત મુહમ્મદ બિન ઈસ્માઈલ બુખારી** رحمۃ اللہ علیہની લખેલ જેના શરહકર્તા **ફકીહે અસ્ર મુફતી શરીફુલ હક્ક અમજદી** رحمۃ اللہ علیہએ શાનદાર ઈલ્મી રૂહાની શરહ (હદીષોની સમજૂતી) પેશ કરી છે તે પણ અંજુમન તરફથી છપાતી રહી છે, મુફતી સાહબની સુન્ની દેવબંદી મતભેદની ન્યાયી તપાસ, ફિલ્મી ગીતોની ભયાનકતા કિતાબ પણ અંજુમને છાપી છે.
- **મિર્આતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ** : મિશ્કાત શરીફની ઉમદા શરહ **હકીમુલ ઉમ્મત મુફતી અહમદ યારખાં નઈમી** رحمۃ اللہ علیہએ આઠ ભાગોમાં લખી છે તેના **છ ભાગ ગુજરાતીમાં છપાય ગયા,** (કુલ પેજીસ લગભગ **૩૦૦૦**), સાતમો કંમ્પોઝમાં છે અને છેલ્લા ભાગ આઠમાનો અનુવાદ ચાલુ છે.
- **મુફતી અહમદ યારખાં નઈમી** رحمۃ اللہ علیہની અન્ય અણમોલ કિતાબો ગુજરાતીમાં : જા અલ્ હક્ક, અન્વારુલ કુર્આન, રહમતે ખુદા બ વસીલએ અવલિયા, સલ્તનતે મુસ્તફા ﷺ, શાને હબીબુર્રહમાન ﷺ.
- **બહારે શરીઅત** : અકીદાથી લઈને નમાઝ રોઝા, હજ, ઝકાત, તલાક, નિકાહ વગેરે મસાઈલોનો ઈન્સાયકલો પીડિયા જે ઉર્દૂમાં **સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદ અલીખાં** رحمۃ اللہ علیہની ૨૦ ભાગમાં લખેલ છે, તેનો ગુજરાતી અનુવાદ હઝરત મૌલાના પીર કમરૂદ્દીન બાવા કારંટવી તેમજ મર્હૂમ ડોસુભાઈ પહોંચીયા મોડાસવીએ (૧૦ ભાગમાં) કરેલ તેને પણ અંજુમન વરસોથી પ્રસિધ્ધ કરતી આવી છે. અને સુન્ની અવામમાં ઈલ્મનું નૂર ફેલાવી રહેલ છે. તેમજ નાચીઝે ગુજરાતી કરેલ અણમોલ કિતાબ :–
- ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ **હઝરત મૌલાના કારી અબુલ કલામ રઝવી** : (હાલ–લેસ્ટર, યુ.કે.) "રહનુમાએ હક્ક" (અનુવાદક : મર્હૂમ ઈસ્માઈલ હાફેઝ નબીપુરી) (રદ્દે વહાબિયતમાં) તથા "હકીકતે તસવ્વુફ" ૧૯૮૮–૮૯માં તેમજ પછીથી પણ તેમની ત્રણ આવૃત્તિઓ પ્રકાશિત કરી.
- **ઈમામ મુહમ્મદ ગિઝાલી** رحمۃ اللہ علیہની અણમોલ કિતાબો મિન્હાજુલ આબિદીન, મુકાશફતુલ કુલૂબ.
- **રઈસુલ કલમ અલ્લામા અર્શદુલ કાદરી** رحمۃ اللہ علیہની કાંતિકારી કિતાબ ઝલઝલા, ઉપરાંત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ કુર્આનમાં, તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં, સરકાર ﷺના શરીરને સાયો ન હતો, દાવતે ઈન્સાફ, જમાઅતે ઈસ્લામીની અસલિયત વગેરે...
- **ઉસ્તાઝુલ ઉલમા હઝરત અલ્લામા અબ્દુલ મુસ્તફા આઝમી** رحمۃ اللہ علیہની લખેલ સીરતે મુસ્તફા, સહાબાની કરામતો, રૂહાની હિકાયતો (ભાગ–૧ + ૨), જહન્નમના ખતરાઓ.

- **પાસબાને મિલ્લત હઝરત અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી** رحمۃ اللہ علیہની લખેલ "જમાઅતે ઈસ્લામીનો શીશ મહલ"
- **હઝરત મૌલાના બદરુલ કાદરી** رحمۃ اللہ علیہ (હોલેન્ડ)ની : "ઈસ્લામ અને વિશ્વશાંતિ"
- **હઝરત અલ્લામા શમ્સુદ્દીન જોનપુરીની** : ક઼ાનૂને શરીઅત (બે ભાગ)માં (અનુ. મર્હૂમ હાફિઝ મૂસા તથા માસ્તર ઈબ્રાહીમ વેમી)
- **હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી** رحمۃ اللہ علیہની : ૨૪ આયતોનો કુર્આની ભાવાર્થ, ઈમામ અહમદ રઝા, ખ્વાજએ હિંદ رحمۃ اللہ علیہ, વસાયા શરીફ પર વાંધાઓનો જવાબ, વસીલા તથા ઝિયારતના મસાઈલ.
- **હુઝૂર તાજુશ્શરીઅહ મુફ્તી અખ્તર રઝા અઝહરી** رحمۃ اللہ علیہની : અલામાતે ક઼યામત, દાવતે મૈયત વિશે ખુલાસો.
- **મુફ્તી જલાલુદ્દીન અમજદી** رحمۃ اللہ علیہની : બદમઝહબોંસે રિશ્તે, તહક઼ીક઼ી ફૈંસલો, બુઝુર્ગોના અક઼ીદા, ફિકહી પહેલિયાં, ગૈર મુકલ્લિદોના ધોકાઓ, અન્વારુલ હદીષ.
- **મૌલાના નૂરબખ્શ તવક્કુલી** (પાક.)ની કિતાબ : સીરતે રસૂલે અરબી ﷺ (અનુ. : મર્હૂમ હાફેઝ મૂસા વેમી ઝંઘારવી)
- **મલિકુલ ઉલમા હઝરત અલ્લામા ઝફરૂદ્દીન બિહારી** رحمۃ اللہ علیہ : ઈસાલે સવાબના પ્રકારો. (અનુ. આલિમા અનીસા હલદરવા)
- **મુહક્કિ઼કે મસાઈલે જદીદા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** : ઈસ્લામ અને અર્વાચીન બેંક કારોબાર, ફિક઼્હી સેમીનારના ફૈંસલા, ઈમરાનાનો મસ્અલો, મશીની ઝબીહા, ૭૩માં એક કોણ ? તર્કે તકલીદ ઔર ગૈર મુકલ્લિદીન કે ઈજતેહાદી મસાઈલ, ત્રણ તલાકનો શરઈ હુકમ, અહાદીષે સહીહૈનસે ગૈર મુકલ્લિદીનકા ઈન્હેરાફ (ભાગ–૧), ફિક઼્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ વગેરે...
- **અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદ શાકિર નૂરી** :ની બરકાતે શરીઅત, બરકાતે સુન્નતે રસૂલ ﷺ, તોહફાએ નિકાહ, પયગંબરે રહમત ﷺ, મુસલમાનની ખૂબીઓ તથા બુઝદિલીના સબબો, લૈષ મિન્ના : તે અમારો નથી , કૌમોની તબાહીનો મૂળ સબબ, પાંચ નબવી નસીહતો...વગેરે.
- **હાફિઝે મિલ્લત શાહ અબ્દુલ અઝીઝ મુરાદાબાદી** رحمۃ اللہ علیہની લાજવાબ કિતાબો : અક઼ાઈદે ઉલમાએ દેવબંદ, ઈર્શાદુલ કુર્આન.
- **મૌલાના શફીઅ ઓકાળવી** رحمۃ اللہ علیہની : રાહે હક્ક઼, અંગૂઠા ચૂમવા.
- **સદરુલ અફાઝિલ અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી** : તબર્રુકાતની તાઝીમ.
- **મૌલાના ગુલામ હસન**–લાહોર : શરહે હદાઈદે બખ્શિશ.
- **ઈમામ જઝૂલી** رحمۃ اللہ علیہ**ની** : દલાઈલુલ ખયરાત. (૭૦૦ દુરૂદોનો સંગ્રહ તર્જુમા સાથે)

- **ઈમામ જલાલુદ્દીન સિયૂતી શાફઈ** : શરહુસ્સુદૂર–મૌત તથા કબ્રના હાલાત.
- **ઈમામ કુશૈરી** رحمۃ اللہ علیہ : અવલિયા અલ્લાહની કરામતો.
- **મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા** : તોહફાએ નજાત (ભાગ–૧ થી ૧૫)માં દીની મસાઈલોનો ખજાનો.

આ ઉપરાંત **મહાન સુન્ની ઉલમા** : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી (મુબારકપુર) હઝરત મુજીબ અશરફ નાગપુરી رحمۃ اللہ علیہ, હઝરત અલ્લામા સઈદ અહમદ કાઝમી رحمۃ اللہ علیہ, મુફતી શફીક ઈલાહાબાદી, મૌલાના કૌષર નિયાઝી (પાક.), હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ કછોછવી رحمۃ اللہ علیہ, શાહ તુરાબુલ હક્ક, મૌલાના રઝાઉલ મુસ્તફા (પાક.), ઉપરાંત પ્રો. મસ્ઊદ અહમદ નકશબંદી رحمۃ اللہ علیہ, મુફક્કિરે ઈસ્લામ અલ્લામા કમરુઝ્ઝમાં આઝમી, મુફતી અખ્તર હુસૈન કાદરી (જમદાશાહી), મુબારકહુસૈન મિસ્બાહી (મુબારકપુર), રાઝ ઈલાહાબાદી તેમજ મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી, મૌલાના મોહસિન મક્કી (સેગવા), કારી અમાનત રસૂલ, મૌલાના તત્હીર અહમદ રઝવી, મૌલાના ઈલ્યાસખાન નૂરી (રતનપુર), મુફતી મુહમ્મદ કલીમ રઝવી, મુફતી મુહમ્મદશાકિર પટેલ–લેસ્ટર, મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી, મૌલાના તૌસીફ હાફિઝ હસન હલદરવી, મૌલાના ઈમરાન રઝા દયાદરવી, હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ વગેરે અહલે સુન્નતના ઉલમાની સંપાદિત કિતાબો ગુજરાતી તેમજ ઉર્દૂ–અંગ્રેજીમાં પણ પ્રકાશિત કરવામાં આવી છે.

તેમજ **વિવિધ કિતાબોના અનુવાદકો** જેમ કે : પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક) તેમજ મર્હૂમ હાફિઝ મૂસા વેમી ઝંઘારવી, મર્હૂમ માસ્તર ઈબ્રાહીમ વેમી, મર્હૂમ ઈસ્માઈલ હાફિઝ નબીપુરી, મર્હૂમ અબ્દુલ ગફ્ફાર ચોલા, મર્હૂમ ઈસ્માઈલ સાલેહ–દયાદરા, મર્હૂમ શેખ સરદાર અહમદ "શખ્સ"–સરખેજ, જનાબ અનીસ પારેખ–સૂરત, ઈસ્માઈલ અશરફી–પગુથણ, સલીમ ઘીસા–પ્રેસ્ટન, ફાતિમા ઝહ્રા–લેસ્ટર, મૌલાના અ.રહમાન મિસ્બાહી પારખેતી, હાફિઝ ઈલ્યાસ જંબુસરી, મૌલાના ઈસ્માઈલ અમજદી, મુફતી સાબિર નજમી મિસ્બાહી, મૌલાના મુહમ્મદ રઉફ નજમી–પાલેજ, હાફિઝ ઉષ્માન કોલવનવી, મુહમ્મદ સજ્જાદ પટેલ–દયાદરા, હાફિઝ નાસિર અશરફી દયાદરવી, મૌલાના સઈદ મિસ્બાહી–પીપળીયા, મૌલાના સલીમ ખત્રી, જનાબ મુહમ્મદબશીર યૂસુફ ગોડિલ–પોરબંદર, સીરાજભાઈ લોખંડવાલા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભાવનગર), દાઉદ આદમ ઝંઘારવી વગેરેએ ફી સબીલિલ્લાહ ખિદમત આપેલી છે.

અત્યાર સુધીમાં ૩૮ વરસોમાં લાખોની સંખ્યામાં કિતાબો થકી અહલે સુન્નત મસ્લકે આ'લા હઝરતના પ્રચાર અર્થે ગુજરાત તેમજ દુનિયાભરમાં રહેતા સુન્ની મુસ્લિમ ગુજરાતીઓ સુધી દીની સુન્ની સાહિત્ય પહોંચાડીને તેમના ઈમાનની પુખ્તગી તથા અમલી સુધારણા માટે સતત અથાગ કોશિશો **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** થકી થઈ જેમાં સુન્ની સખીદાતાઓનો ખાસ રોલ રહ્યો છે. અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદકામાં આ નેક કામમાં હિસ્સો લેનાર સૌની નેકીઓને અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદકે કબૂલ ફર્માવે, તેમની તથા તેમની ઔલાદોની દુનિયા તથા આખેરત સંવારી આપે. (આમીન) હજી પણ આપના તરફથી દીનો સુન્નિયતની ભલાઈ ખાતર સુન્ની અવામથી સહકારની અપેક્ષા છે તો અમને આપની સખાવતમાં ભૂલશો નહીં. *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ છે.

قَالَ الْمَلَاُ الَّذِیْنَ اسْتَكْبَرُوْا مِنْ قَوْمِهٖ لَنُخْرِجَنَّكَ یٰشُعَیْبُ وَ الَّذِیْنَ
اٰمَنُوْا مَعَكَ مِنْ قَرْیَتِنَاۤ اَوْ لَتَعُوْدُنَّ فِیْ مِلَّتِنَاؕ قَالَ اَوَ لَوْ كُنَّا كٰرِهِیْنَ ﴿٨٨﴾
قَدِ افْتَرَیْنَا عَلَى اللّٰهِ كَذِبًا اِنْ عُدْنَا فِیْ مِلَّتِكُمْ بَعْدَ اِذْ نَجّٰىنَا اللّٰهُ مِنْهَاؕ
وَ مَا یَكُوْنُ لَنَاۤ اَنْ نَّعُوْدَ فِیْهَاۤ اِلَّاۤ اَنْ یَّشَآءَ اللّٰهُ رَبُّنَاؕ وَسِعَ رَبُّنَا كُلَّ شَیْءٍ
عِلْمًاؕ عَلَى اللّٰهِ تَوَكَّلْنَاؕ رَبَّنَا افْتَحْ بَیْنَنَا وَ بَیْنَ قَوْمِنَا بِالْحَقِّ وَ اَنْتَ خَیْرُ
الْفٰتِحِیْنَ ﴿٨٩﴾ وَ قَالَ الْمَلَاُ الَّذِیْنَ كَفَرُوْا مِنْ قَوْمِهٖ لَىٕنِ اتَّبَعْتُمْ شُعَیْبًا
اِنَّكُمْ اِذًا لَّخٰسِرُوْنَ ﴿٩٠﴾ فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ فَاَصْبَحُوْا فِیْ دَارِهِمْ
جٰثِمِیْنَ ﴿٩١﴾ الَّذِیْنَ كَذَّبُوْا شُعَیْبًا كَاَنْ لَّمْ یَغْنَوْا فِیْهَاۚ اَلَّذِیْنَ كَذَّبُوْا
شُعَیْبًا كَانُوْا هُمُ الْخٰسِرِیْنَ ﴿٩٢﴾ فَتَوَلّٰى عَنْهُمْ وَ قَالَ یٰقَوْمِ لَقَدْ اَبْلَغْتُكُمْ
رِسٰلٰتِ رَبِّیْ وَ نَصَحْتُ لَكُمْۚ فَكَیْفَ اٰسٰى عَلٰى قَوْمٍ كٰفِرِیْنَ ﴿٩٣﴾ وَ مَاۤ اَرْسَلْنَا
فِیْ قَرْیَةٍ مِّنْ نَّبِیٍّ اِلَّاۤ اَخَذْنَاۤ اَهْلَهَا بِالْبَاْسَآءِ وَ الضَّرَّآءِ لَعَلَّهُمْ
یَضَّرَّعُوْنَ ﴿٩٤﴾ ثُمَّ بَدَّلْنَا مَكَانَ السَّیِّئَةِ الْحَسَنَةَ حَتّٰى عَفَوْا وَّ قَالُوْا قَدْ
مَسَّ اٰبَآءَنَا الضَّرَّآءُ وَ السَّرَّآءُ فَاَخَذْنٰهُمْ بَغْتَةً وَّ هُمْ لَا یَشْعُرُوْنَ ﴿٩٥﴾ وَ
لَوْ اَنَّ اَهْلَ الْقُرٰۤى اٰمَنُوْا وَ اتَّقَوْا لَفَتَحْنَا عَلَیْهِمْ بَرَكٰتٍ مِّنَ السَّمَآءِ وَ
الْاَرْضِ وَ لٰكِنْ كَذَّبُوْا فَاَخَذْنٰهُمْ بِمَا كَانُوْا یَكْسِبُوْنَ ﴿٩٦﴾ اَفَاَمِنَ اَهْلُ
الْقُرٰۤى اَنْ یَّاْتِیَهُمْ بَاْسُنَا بَیَاتًا وَّ هُمْ نَآىٕمُوْنَ ﴿٩٧﴾ اَوَ اَمِنَ اَهْلُ الْقُرٰۤى اَنْ
یَّاْتِیَهُمْ بَاْسُنَا ضُحًى وَّ هُمْ یَلْعَبُوْنَ ﴿٩٨﴾ اَفَاَمِنُوْا مَكْرَ اللّٰهِۚ فَلَا یَاْمَنُ مَكْرَ
اللّٰهِ اِلَّا الْقَوْمُ الْخٰسِرُوْنَ ﴿٩٩﴾ اَوَ لَمْ یَهْدِ لِلَّذِیْنَ یَرِثُوْنَ الْاَرْضَ مِنْۢ بَعْدِ
اَهْلِهَاۤ اَنْ لَّوْ نَشَآءُ اَصَبْنٰهُمْ بِذُنُوْبِهِمْۚ وَ نَطْبَعُ عَلٰى قُلُوْبِهِمْ فَهُمْ لَا
یَسْمَعُوْنَ ﴿١٠٠﴾ تِلْكَ الْقُرٰى نَقُصُّ عَلَیْكَ مِنْ اَنْۢبَآىٕهَاۚ وَ لَقَدْ جَآءَتْهُمْ
رُسُلُهُمْ بِالْبَیِّنٰتِۚ فَمَا كَانُوْا لِیُؤْمِنُوْا بِمَا كَذَّبُوْا مِنْ قَبْلُؕ كَذٰلِكَ یَطْبَعُ
اللّٰهُ عَلٰى قُلُوْبِ الْكٰفِرِیْنَ ﴿١٠١﴾

## 'સૂરએ અઅ્રાફ'ની તફસીર

તેની કોમના ઘમંડી સરદારો બોલ્યા "હે શુએબ ! કસમ છે કે અમે તમને અને તમારા સાથીદાર મુસલમાનોને અમારા ગામમાંથી કાઢી મૂકીશું, અથવા તમે અમારા ધર્મમાં આવી જાવ" (શુએબે) કહ્યું,[૧] "શું અમે બેઝાર હોઈએ તો પણ ?[૨] (૮૮) "અમને અલ્લાહે એનાથી બચાવ્યા[3] પછી પણ જો અમે તમારા ધર્મમાં આવી જઈએ તો અમે અવશ્ય અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડીશું, અને અમે મુસલમાનોમાં કોઈનું એ કામ નથી કે તમારા ધર્મમાં આવી જઈએ, સિવાય કે અલ્લાહ ઈચ્છે,[૪] જે અમારો પાલનહાર છે, અમારા પરવરદિગારનું જ્ઞાન પ્રત્યેક વસ્તુને ઘેરેલું છે, અમે અલ્લાહ પર જ ભરોસો કર્યો.[૫] હે અમારા પરવરદિગાર ! અમારી અને અમારી કોમની વચમાં સત્ય ફૈસલો કર[૬] અને તારો ફૈસલો સર્વોત્તમ (છે)" (૮૯) અને બોલ્યા. તેની કોમના કાફિર આગેવાનો કે, "જો તમે શુએબને અનુસર્યા તો અવશ્ય તમે ખોટમાં રહેશો" (૯૦) તો તેમને ધરતીકંપે પકડી લીધા, તો સવારમાં પોતાના ઘરોમાં ઊંધા પડેલા રહ્યા[૭] (૯૧) શુએબને જૂઠાડનારાઓ જાણે કે તે ઘરોમાં કદી રહ્યા જ ન હતા શુએબને જૂઠાડનારાઓ જ વિનાશમાં પડયા (૯૨) તો શુએબે તેમનાથી મોઢું ફેરવી લીધું[૮] અને કહ્યું, "હે મારી કોમ ! હું તમને મારા રબની રિસાલત પહોંચાડી ચૂક્યો, અને તમારા હિત

ખાતર શિખામણ આપી,[૯] તો (હવે હું) કાફિરોનો ખેદ શા માટે કરું ?" (૯૩) અને અમે કોઈ પણ નબીને કોઈ પણ વસ્તી તરફ ન મોકલ્યો[૧૦] પણ એ કે ત્યાંના લોકોને પકડી લીધા સખ્તી અને તકલીફમાં[૧૧] કે ક્યાંક તેઓ કોઈ રીતે આજેઝી કરે[૧૨] (૯૪) પછી અમે બુરાઈની જગ્યાએ ભલાઈ બદલી આપી[૧૩] ત્યાં સુધી કે તેઓ ઘણા થઈ ગયા[૧૪] અને બોલ્યા, "બેશક ! અમારા બાપદાદાઓને દુઃખ અને રાહત થયાં હતાં, તો અમે અચાનક તેમને તેમની ગફલતમાં પકડી લીધા[૧૬] (૯૫) અને જો ગામવાળાઓ ઈમાન લાવત અને ડરત[૧૭] તો અમે અવશ્ય તેમના માટે આસ્માન અને જમીનમાંથી બરકતો ખોલી આપત,[૧૮] પણ તેમણે તો જૂઠાડયા,[૧૯] તો અમે તેમને તેમના કર્યા બદલ પકડયા[૨૦] (૯૬) શું વસ્તીવાળાઓ[૨૧] (એ વાતથી) ડરતા નથી કે તેમના પર અમારો કોપ રાત્રે આવી ચડે જ્યારે તેઓ સૂતા હોય ? (૯૭) શું વસ્તીઓવાળા ડરતા નથી કે તેમના પર અમારો કેર દિવસ ચઢયે આવે જ્યારે તેઓ રમી રહ્યા હોય.[૨૨] (૯૮) શું અલ્લાહની છુપી તદબીરથી અજાણ છે ?[૨૩] તો અલ્લાહની છુપી તદબીરથી નીડર નથી બનતા પણ નાશ પામનારાઓ[૨૪] (૯૯) અને શું તેઓ જમીનના માલિકો પછી તેના વારસદાર બન્યા ? એમને એટલી હિદાયત ન મળી કે અમે ઈચ્છીએ તો એમને એમના ગુનાહો બદલ આફત પહોંચાડીએ.[૨૫] અને અમે એમના દિલો પર મોહર મારીએ છીએ કે (જેથી) તેઓ કશું સાંભળ તા નથી[૨૬] (૧૦૦) આ (તે) વસ્તીઓ છે[૨૭] કે જેના હેવાલ અમે તમને સંભળાવીએ છીએ.[૨૮] અને બેશક ! તેમના રસૂલો તેમની પાસે સ્પષ્ટ દલીલો[૨૯] લઈને આવ્યા. તો તેઓ[૩૦] એવા યોગ્ય ન થયા કે તેના પર ઈમાન લાવે, જેને પ્રથમ જૂઠાડી ચૂક્યા હતા.[૩૧] અલ્લાહ આવી જ રીતે કાફિરોના દિલો પર છાપ મારી દે છે[૩૨] (૧૦૧)

## સિપારો નં. ૯ શરૂ

### :: સમજૂતી ::

**૧** : હઝરત શુઐબ علیہ السلام.

**૨** : કહેવાનો હેતુ એ છે કે અમે તમારો ધર્મ નહીં સ્વીકારીએ અને જો તમે અમારા પર જોર જુલ્મ કરશો તો પણ અમે નહીં માનીએ, કારણ કે,

**૩** : અને તમારા અસત્ય ધર્મની ખરાબીઓ અને અપૂર્ણતાનું જ્ઞાન આપ્યું.

**૪** : અને તેણે નાશ કરવાનું ધાર્યું હોય અને એ મુજબ જ ભાગ્યનો લેખ હોય.

**૫** : અમારા બધા જ કાર્યોમાં, તે જ અમને ઈમાન પર અટલ રાખશે અને તે જ શ્રદ્ધામાં વધારો કરશે.

**૬** : ઝુજાજ (મુફસ્સિરે) કહ્યું છે કે એનો મતલબ એ થઈ શકે છે કે, હે પરવરદિગાર ! અમારા કાર્યને જાહેર કર. એનો હેતુ એ છે કે એમના પર એવો અઝાબ (કોપ) ઉતાર કે જેનાથી એમનું અસત્ય પર હોવું અને હઝરત શુઐબ તેમજ તેમના અનુયાયીઓનું સત્ય પર હોવું જાહેર થઈ જાય.

**૭** : હઝરત ઈબ્ને અબબાસ رضی اللہ عنہما એ કહ્યું છે કે, અલ્લાહ તઆલાએ તે કૌમ પર જહન્નમનાં દ્વાર ઉઘાડી દીધાં, અને તેમના પર દોઝખની અતિશય ગરમી મોકલી, જેથી તેમના શ્વાસ રૂંધાઈ ગયા, હવે તેમને ન તો છાંયડો કામ આવતો હતો, ન તો પાણી. એવી પરિસ્થિતિમાં તેઓ ભોંયરાઓમાં જતા રહ્યા, જેથી ત્યાં તેમને થોડી રાહત મળે, પરંતુ ત્યાં બહાર કરતાં વધારે ગરમી હતી. ત્યાંથી નીકળીને જંગલ તરફ નાસી છૂટયા. અલ્લાહ તઆલાએ એક વાદળ મોકલ્યું જેમાં ખૂબ ઠંડો અને સરસ પવન હતો. તેના છાંયડામાં આવ્યા, એકે બીજાને બૂમ પાડી પાડીને બોલાવ્યો, પુરૂષો, સ્ત્રીઓ, બાળકો બધાં જ એકઠાં થયાં, ત્યારે તે વાદળ અલ્લાહના હુકમથી ભડકો બની ગયું, અને

તેઓ એમાં એવી રીતે બળી મર્યા જેવી રીતે ભટ્ટીમાં કોઈ વસ્તુ શેકાઈ જાય છે.

કતાદાનું કથન એ છે કે અલ્લાહ તઆલા હઝરત શુઐબ علیہ السلام ને અયકાવાળાઓ માટે પણ મોકલ્યા હતા, અને મદયનવાળાઓ માટે પણ. અયકાવાળાઓ તો વાદળથી વિનાશ પામ્યા અને મદયનવાળા ધરતીકંપમાં પકડાયા, અને એક ભયાનક ચીસથી વિનાશ પામ્યા. **૮** : તેમના પર કોપ ઉતર્યો ત્યારે. **૯** : પણ તમે કોઈ રીતે ઈમાન ન લાવ્યા. **૧૦** : જેને તેની કૌમે જૂઠાડયો હોય. **૧૧** : ગરીબી અને નાદારી તેમજ રોગ અને બીમારીમાં પકડયા. **૧૨** : ઘમંડ ત્યજે તૌબા કરે અલ્લાહના આદેશને અનુસરે. **૧૩** : કારણ કે સખ્તી અને તકલીફ પછી રાહત અને આરામ મળવો તેમજ શારીરિક અને આર્થિક ન્યામતો પ્રાપ્ત થવી એ કહ્યાગરું બનવા તથા આભારવશ થવા માટે કારણરૂપ બને છે. (તો ક્યાંક તે લોકો પણ એવા બને.)

**૧૪** : તેમની સંખ્યા અને દૌલત બંને વધ્યાં.

**૧૫** : અર્થાત એ તો સમયચક્રની વાત છે કે કદી તકલીફ આવે છે તો કદી આરામ મળે છે, અમારા વડવાઓ ઉપર પણ આવી હાલતો આવી હતી. એનાથી તેમનો આશય એ હતો કે પાછળ જે સમયે તકલીફોમાં પસાર થયો છે તે અલ્લાહ તરફથી કંઈ સજા કે કોપ ન હતો, જેથી પોતાનો ધર્મ ત્યજવો ન જોઈએ. ન તો તે લોકોએ સખ્તી અને તકલીફથી કશો બોધ ગ્રહણ કર્યો. ન તો રાહત અને આરામના કારણે તેમનામાં આભારવશતા અને ફર્માંબરદારીના ભાવ પેદા થયા, તેઓ ગફલતમાં મસ્ત રહ્યા.

**૧૬** : જ્યારે કે તેમને કુદરતી કેરનો ખ્યાલ પણ ન હતો. આવા બનાવોથી બોધગ્રહણ કરવો જોઈએ અને બંદાઓએ ગુનાહ અને ઘમંડ ત્યજીને પોતાના માલિકની ખુશી ઢુંઢવી જોઈએ.

**૧૭** : અને અલ્લાહ તેમજ રસૂલના હુકમોને અનુસરત અને જે બાબતથી અલ્લાહ તથા રસૂલે મનાઈ કરી તે બાબતથી દૂર રહ્યા હોત.

**૧૮** : દરેક તરફથી તેમને ભલાઈ મળત, સમયસર ફાયદાકારક વરસાદ થાત, ધરતીમાં ખેતી અને ફળો ખૂબ પેદા થાત, રોજી બહોળી થાત, સુલેહ શાંતિ રહેત, આફતોથી બચેલા રહેત.

**૧૯** : અલ્લાહના રસૂલોને.

**૨૦** : અને પ્રકાર પ્રકારના અઝાબમાં સંડોવ્યા.

**૨૧** : કાફિરો, મક્કાના રહીશ હોય કે આજુબાજુના કે ગમે ત્યાંના.

**૨૨** : અને અઝાબના આગમનથી અજાણ હોય.

**૨૩** : અને તેણે ઢીલ આપવાથી અને દુનિયાની ન્યામતો મળવાથી ઘમંડી બનીને તેના અઝાબથી બેફિકર બની ગયા છે.

**૨૪** : અને તેના નિખાલસ બંદાઓ (તો) તેનો ડર રાખે છે. રબીઅ બિન ખૈસમની દીકરીએ તેમને પૂછયું, "હું જોઉં છું કે બધા સૂઈ જાય છે પણ તમે સૂતા નથી એનુ કારણ શું છે ?" કહ્યું, "હે મારી નૂરે નઝર ! તારો બાપ રાત્રે સૂવાથી ડરે છે" અર્થાત ગાફિલ બનીને સૂઈ જવું ક્યાંક અઝાબનું કારણરૂપ ન બને. **૨૫** : જેમ કે અમે એમના પૂર્વજોને એમની નાફર્માનીના કારણે હલાક કર્યા. **૨૬** : અને કોઈ શિખામણ માનતા નથી. **૨૭** : હઝરત નૂહ, આદ, ષમૂદ, હઝરત લૂત અને હઝરત શુઐબની કૌમોની. **૨૮** : જેથી જાહેર થાય કે અમે અમારા રસૂલોની અને તેમને માનનાર ઈમાનવાળાઓની અમારા દુશ્મનો એટલે કે કાફિરો સામે મદદ કરીએ છીએ. **૨૯** : અર્થાત ખુલ્લા મો'જિઝા. **૩૦** : મરતા સુધી. **૩૧** : પોતાના કુફ્ર અને જૂઠાડવા પર અટલ રહ્યા. **૩૨** : જેમના વિશે તે જાણે છે કે તેઓ કુફ્ર પર અટલ રહેશે અને કદી ઈમાન નહીં લાવે. –*(ક્રમશઃ)*

# દર્સે હદીષે પાક એટલે મિર્આતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ્ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

## (વિભાગ : ૩)

*"હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ અસ્ર પઢી અને ત્રણ રકાતોમાં સલામ ફેરવી દીધી. પછી પોતાના ઘરે જતા રહ્યા. તેમની ખિદમતમાં એક સાહબ હાજર થયા જેમને ખિર્બાક્ કહેવામાં આવતા હતા. તેમના હાથોમાં કાંઈક લંબાઈ હતી. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ પછી આપનો અમલ શરીફ વર્ણવ્યો. તો આપ ગુસ્સામાં પોતાની ચાદર ખેંચતા તશરીફ લાવ્યા ત્યાં સુધી કે લોકો સુધી પહોંચી ગયા. ફર્માવ્યું, શું એમણે દુરુસ્ત કર્યું ? તો લોકોએ કહ્યું, હા ! તો એક રકાત પઢી પછી સલામ ફેરવી, પછી બે સજદા કર્યા પછી સલામ ફેરવી[૧]." (મુસ્લિમ)*

**૧.** સહીહ એ છે કે આ બીજો બનાવ છે, કેમ કે અહીં હુજરા શરીફ પહોંચી જવાનો ઝિક્ર છે અને ત્યાં મસ્જિદમાં રોકવાનો ઉલ્લેખ હતો. અહીં ગુસ્સાનુ કારણ માલૂમ ન થઈ શક્યું. અને બીજા ثُمَّ سَلَّمَ થી માલૂમ થાય છે કે સજદએ સહ્‌વના પછી પણ અત્તહિય્યાત પઢવામાં આવશે કેમ કે ષુમ્મ લેટ થવાના માટે આવે છે.

*"હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું કે જે નમાઝ પઢે કે કમીમાં શક કરે તો અધિક પઢી લે ત્યાં સુધી અધિક્તામાં શક છે[૧]." (અહમદ)*

**૧.** એટલે કે જો નમાઝીને અસમંજશ છે કે મેં ત્રણ પઢી કે ચાર તો ત્રણ માનીને એક રકાત અધિક માની લે જેથી હવે એ અસમંજશ થઈ જાય કે ચાર પઢી કે પાંચ અને સહ્‌વનો સજદો કરી લે કે જો પાંચ રકાતો થઈ ગઈ હોય તો સલામમાં લેટ થવાના કારણે જે નુકસાન પેદા થયું તેનો બદલો એનાથી થઈ જશે. યાદ રાખશો કે આ આખા પ્રકરણમાં હુઝૂર ﷺ ના સહ્‌વનો ઉલ્લેખ થયો. પ્રથમ અત્તહિય્યાતમાં ન બેસવું, બે રકાત પર સલામ ફેરવી દેવી, ત્રણ રકાત પર સલામ ફેરવવી, ચારને બદલે પાંચ રકાતો પઢવી અને એ સૌમાં સજદએ સહ્‌વનું વર્ણન આવ્યું. એ કારણે ફકીહો ફર્માવે છે કે નમાઝનો વાજિબ છૂટી જવાથી સજદએ સહ્‌વ વાજિબ થઈ જાય છે ન કે સુન્નતો તથા ફર્ઝ છૂટવાથી. આપણા મઝહબમાં ફત્વો એના પર છે કે દરેક સજદાએ સહ્‌વના માટે પ્રથમ અત્તહિય્યાત પઢે અને એક સલામ ફેરવીને બે સજદા કરે પછી અત્તહિય્યાત બંને દુરૂદ દુઆ પઢીને સલામ ફેરવે.

## ભૂલ સુધારો

**બરકાતે ખ્વાજા જાન્યુઆરી-૨૦૨૬, પેજ : ૩૮, કોલમ-૨, લીટી નં. ૧૧માં "પછી ઉમર, પછી ઉષ્માન, પછી અલી** رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن **(આમ સુધારી લેવું)** -તંત્રી : બરકાતે ખ્વાજા માસિક

શરહે
# હ઼દાઈકે઼ બખ્શિશ
ભાગ-ર

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

## (નઅત શરીફ઼ : ૭૯)

**મિલ્કે ખાસે કિબ્રિયા હો–માલિકે હર મા સિવા હો**

*(મિલ્ક = મિલ્કત, જાગીર, કબજો. મા સિવા = અલ્લાહ સિવાયની દરેક ચીજ)*

**અર્થાત :** આ શેઅરમાં તૌહીદ તથા રિસાલતનો સહીહ ખયાલ પ્રદર્શિત કરવામાં આવ્યો છે કે હુઝૂર ﷺ અલ્લાહ તઆલા વહદહૂ લા શરીકની ખાસ મિલ્કિયત છે અને અલ્લાહ તઆલાના સિવાય જે કાંઈ પણ છે તે હુઝૂર ﷺની મિલ્કિયત છે. તો જે હુઝૂરનુ છે તે સર્વ કાંઈ અલ્લાહનું જ તો છે.

આપ ﷺએ ફર્માવ્યું : بینا انا نائم اذ جئی بمفاتیح خزائن الارض فوضعت فی یدی મને સૂતેલી હાલતમાં જ જમીનના સર્વ ખજાનાઓની ચાવીઓ આપી દેવામાં આવી (ઉઠવાની રાહ જોવાનુ પણ માન્ય ન રાખ્યુ. યાદ રાખશો કે નબીનો ખ્વાબ પણ વહીનો દરજો ધરાવે છે.)

*યહ ઈકરામ હૈ મુસ્તફા પર ખુદા કા–કે સબકુછ ખુદાકા હુવા મુસ્તફા કા*

દલાઈલુન્નુબુવ્વતમાં હઝરત અલીયે મુર્તઝા શેરે ખુદા کرم اللہ وجہہ الکریم થી રિવાયત છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે આખી દુનિયાની ચાવીઓ અબલક઼ ઘોડા પર રાખીને મને આપી દેવામાં આવી જે સૈયદુલ મલાઈકા હઝરત જિબ્રઈલે અમીન علیہ السلام લઈને આવ્યા. જયારે કે એ ઘોડા પર નરમ તથા નાઝુક રેશમનું ઝીન હતું તેમ છતાં આપની સ્થિતિ જુઓ !

*માલિકે દીનો દુન્યા હોકર–દોનોં જહાંકે દાતા હોકર*
*ફાકે઼સે હૈં સરકારે દો આલમ–સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ*

**કોઈ ક્યા જાને કે ક્યા હો–અક઼લે આલમસે વરા હો**

**અર્થાત :** લોકો જો આપને (હે મારા શાનવાળા આક઼ા ! ﷺ) કેવળ એક ઈન્સાન કે બશર (માનવ) કહીને વાત ખત્મ કરી આપે છે તો તેઓ પણ શું કરે ! આપની હક઼ીક઼ત કોઈ જાણે તો આપની પૂરી શાન સમજે. આપની હક઼ીક઼ત તો આખા જહાનની સમજમાં નથી આવી શકતી.

આપે હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہ ને ફર્માવ્યું : یا ابابکر لم یعرفنی حقیقۃ سواربی "હે અબૂબક્ર ! મારી

હક઼ીકતને મારા રબ સિવાય કોઈ નથી જાણતું."

*મુહમ્મદ સિર્રે વહદત હૈં–કોઈ રમ્ઝ ઉનકી ક્યા જાને*
*શરીઅતમેં તો બંદે હૈં–હક઼ીક઼તમેં ખુદા જાને*

**અર્થાત** : બસ જે અલ્લાહે કુર્આનમાં, હુઝૂર ﷺએ હદીષોમાં તથા ઈલ્મ તથા મઅરેફતવાળાઓએ કુર્આન હદીષની રોશનીમાં વર્ણન કરી આપ્યું છે આપણે એટલુ જ જાણીએ છીએ. પણ એ નથી કે એના ઉપરાંત આપની કોઈ શાન નથી, આપનો ફઝ્લો કમાલ તથા હુસ્નો જમાલ તો સીમા વિનાનો સમુદ્ર છે જેની હદો ખુદા જ જાણે છે.

### કન્ઝે મકતૂમે અઝલ મેં–દુર્રે મકનૂને ખુદા હો

*(કન્ઝે મકતૂમ = ગુપ્ત ખજાનો. અઝલ = હમેશાંથી. દુર્રે મકનૂન = છુપાયેલ કિંમતી મોતી)*

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! ﷺ રોઝે અઝલના છુપા ખજાનામાં આપની હેસિયત એ કિંમતી તથા અજોડ મોતીની છે જેને રબ્બુલ આલમીને ઘણી હિફાઝતમાં રાખેલ છે. આ શેઅર તસવ્વુફની કિતાબોમાં જોવા મળતી આ હદીષે કુદસીનો ખુલાસો છે જેમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : كنت كنزا مخفيا فاحببت ان اعرف فخلقت محمدا (صلى الله عليه وسلم) "હું એક છુપો ખજાનો હતો. પછી મેં ચાહ્યું કે મારી ઓળખ થાય. તો મેં મુહમ્મદ (ﷺ)ને પેદા કર્યા જેથી મને ઓળખવામાં આવે."

એકવાર જિબ્રઈલે અમીન علیہ السلامએ ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી, السلام عليك يا اول. السلام عليك يا اخر. السلام عليك يا ظاهر. السلام عليك يا باطن (રિવાયત કરી તિલ્મસાનીએ અન ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما) અને સૂરએ હદીદની આયતે કરીમ هو الاول والاخر والظاهر والباطن وهو بكل شيئ عليمની એક તફસીર શયખ મુહક્કિક઼ અબ્દુલહક્ક઼ દહેલ્વી رحمۃ اللہ علیہએ પણ મદારિજમાં એ જ ફર્માવી છે.

### સબસે અવ્વલ સબસે આખિર–ઈબ્તિદા હો ઈન્તિહા હો

*(ઈબ્તિદા = શરૂઆત, ઈન્તિહા = અંત, છેડો)*

**અર્થાત** : આપનું નૂર સર્વ મખ્લૂકથી પહેલાં પેદા કરવામાં આવ્યું એટલા માટે આપ અવ્વલ (પ્રથમ) થયા. اوّل ما خلق الله نوری આપ સર્વ નબીઓ બાદ ખાતમુન્નબીય્યીન બનાવીને મોકલવામાં આવ્યા, એટલા માટે આપ આખર (અંતિમ) પણ થયા. انا خاتم النبيين. انا اخر الانبياء જેથી આપ કાઈનાત (સૃષ્ટિ)ની અસલ છો, એટલા માટે કે કાઈનાતની શરૂઆત પણ આપનાથી થઈ : والخلق كلهم من نوری અને આપના પર નબુવ્વતનો અંત આણવામાં આવ્યો. એટલા માટે આપ કાઈનાતની છેવટ પણ ઠર્યા.

### જો વસીલે સબ નબી તુમ–અસ્લે મક઼સૂદે હૂદા હો

**અર્થાત** : તમામ અંબિયાએ કિરામ علیہم السلام આપના સુધી (હે મારા આક઼ા !) લોકોને પહોંચાડવાના વસીલા અને વાસ્તા હતા. એટલા માટે અંબિયાએ કિરામ علیہم السلام જ્યારે પોતાની ક઼ૌમને સંબોધન કરતા તો પોતાનો ઉલ્લેખ ઓછો કરતા અને આપનો અધિક કરતા હતા. એનો મતલબ એ છે કે તેમનું માર્ગદર્શન તથા પ્રથમ આવવાનો હેતુ પણ આપની ઝાતે બાબરકત હતી, જેથી લોકો અધિકથી અધિક આપને જાણે અને

فاحببت اعرفનો ઈરાદો પરિપૂર્ણતાએ પહોંચે.

**પાક કરનેકા વુઝૂ થે-તુમ નમાઝે જાં ફઝા હો**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ તમામ અંબિયાએ કિરામ علیہم السلام જો વુઝૂના જેમ છે કે જેના થકી બંદો નમાઝ પઢવાને પાત્ર બને છે તો હું આપને નમાઝ કહીશ, અને નમાઝ પણ એવી જે ઈમાનને જિંદગી અતા કરનારી હોય.

**સબ બશારત કી અઝાં થે-તુમ અઝાંકા મુદઆ હો**

**અર્થાત :** તમામ અંબિયાએ કિરામ علیہم السلام પોતપોતાના દૌરમાં હુઝૂર ﷺના આગમનની ખુશ ખબરી પોતાની ઉમ્મતને સંભળાવીને જાણે અઝાન આપતા રહ્યા. એટલે કે આપની અઝમતના ડંકા વગાડતા રહ્યા અને આપની શાનનું એલાન કરતા રહ્યા. અને આપ તે છે કે જે એ સર્વ ખુશખબરીઓ, એલાનો તથા અઝાનોનો હેતુ, મંઝિલે મક઼સૂદ તથા મક઼સદ અને મુરાદ છે.

**અઝમતે મુસ્તફા ﷺનો એક મુદ્દો :** જેવી રીતે માનવ શરીરમાં દિલ અગ્રેસર અંગોમાંથી છે બલ્કે અંગોનો સરદાર છે, એટલા માટે પૂરા શરીરમાં જ્યાં પણ તકલીફ થાય તો દિલને ખબર થઈ જાય છે. અને એ તકલીફને દૂર કરવાની ફિકર પણ દિલને થઈ જાય છે. એ જ રીતે સર્વ જહાનનું એક રૂહાની દિલ છે અને તે મહબૂબે ખુદા ﷺની ઝાત છે કે જ્યાં પણ કોઈની સાથે કોઈ વાત થઈ જાય તો હુઝૂર ﷺને ખબર થઈ જાય છે. અને એ તકલીફના નિવારણ માટે આપ બેચેન થઈને અલ્લાહની બારગાહમાં દુઆગો થઈ જાય છે.

*બેખબર હો જો ગુલામોંસે વો આક઼ા ક્યા હૈ-બંદા મિટ જાએ ન આક઼ાપે વો બંદા ક્યા હૈ*

**અર્થાત :** એ જ પ્રમાણે માનવ શરીરમાંથી જે ચીજને દિલ સાથે સંબંધ નથી, જેમ કે નખો તથા વાળ, તે જો કહે કે દિલને અમારી ખબર નથી, તો બરાબર તો કહે છે કે તેમણે દિલની સાથે સંબંધ સ્થાપિત જ નથી કર્યો. અને જે લોકો આ આલમે કબીરમાં (પૂરા જગતમાં) એવું કહે છે કે હુઝૂર ﷺને આ ખબર નથી, તે ખબર નથી, તો તેઓ પણ પોતાના હાલના પ્રમાણે બરાબર જ કહે છે. કેમ કે તેમણે આ કાઈનાતના દિલ સાથે સંબંધ જોડયો જ નથી ! અથવા જો કદી જોડયો છે તો હવે તોડી નાખ્યો છે. તો જે રીતે આંગળી કાપીને ફેંકી દેવામાં આવે તો તેને કીડા મકોડા ખાય અથવા કોઈ કૂતરો ખાય જાય તો દિલ પર અસર થશે નહીં, કેમ કે સંબંધ જ ન રહ્યો. આ પરથી હાઝિરો નાઝિર તથા હયાતુન્નબી ﷺનો મસ્અલો પણ હલ થઈ ગયો.

**સબ તુમ્હારી હી ખબર થે-તુમ મોઅખ્ખિર મુક઼તદા હો**

**અર્થાત :** મુબ્તદા હક઼ીક઼તમાં પ્રથમ (મુક઼દ્દમ) હોય છે અને ખબર બાદમાં (મોઅખ્ખિર) હોય છે. આ ઈલ્મે નહ્‌વનો ક઼ાઈદો તથા ઈસ્તેલાહ છે. અને જો કદી એનાથી ઉલ્ટુ થઈ જાય તો التقدیم ما حقه التاخیر یفید الحصر જેને હક્ક઼ પાછળ હોય તેને પ્રથમ કરી દેવાથી હસ્રનો ફાયદો હાંસલ થાય છે. لان المبتداء ذات والخبر حال من احوالها والذات مقدم علی احوالها *(શરહે જામી)* અને કાફિયામાં છે : واصل المبتداء التقدیم કે મુબ્તદામાં અસલ એ છે કે પ્રથમ હોય, કેમ કે તે જાત છે અને ખબર તેની હાલત વર્ણવે છે. અને જાત હશે તો હાલત હશે.

આ'લા હઝરતે આ શેઅરમાં ફર્માવ્યું કે હુઝૂર ﷺની ઝાત અસલમાં સર્વ કાઈનાતથી પહેલાંની છે اول ماخلق اللّٰہ نوری પરંતું આપને મુબ્તદાએ મુઅખ્ખિર (خاتم النبیین) એટલા માટે બનાવવામાં આવ્યા કે જેથી હસ્રનો ફાયદો હાંસલ થાય, તે એ કે સર્વ નબી હુઝૂર ﷺના જ આગમનનું એલાન કરતા રહે. ખુદા પણ આપની જ શાનો વર્ણવે અને ખુદાના સર્વ નબી પણ પોત પોતાના દૌરમાં પોત પોતાની ઉમ્મતના સામે, એકવાર સર્વ મળીને મેઅરાજની રાતે હુઝૂર ﷺની રૂબરૂ પણ આપની અઝમતના ખુત્બા પઢે અને સર્વે એલાન કરી આપે કે : *મુહમ્મદકી હૈ રોશની હર ઝમન મેં—મુહમ્મદ હૈં નબીયોંકી હર અંજુમન મેં (ﷺ)*

### કુર્બે હક્ક કી મંઝિલેં થે–તુમ સફરકા મુન્તહા હો

**અર્થાત :** સર્વ અંબિયાએ કિરામ علیہم السلام અલ્લાહ તઆલાના કુર્બની મંઝિલો હતા અથવા અલ્લાહ તઆલાના સિફાતી કુર્બના જલ્વા હતા. અને હે મારા આકા ! આપ કુર્બે ઈલાહીની આખરી મંઝિલ (અઝમતનું અંતિમ સ્ટોપ) છે કે આપના બાદ બારગાહે ઈલાહીનો ઈલાકો શરૂ થઈ જાય છે. જે ફનાફિર્રસૂલ થઈ ગયો તે ફનાફિલ્લાહ થઈ ગયો. અથવા આપ અલ્લાહ તઆલાની ઝાતના કુર્બનો જલ્વો છે.

### કબ્લ ઝિક્રે અઝમાર કિયા જબ–રુત્બા સાબિક આપકા હો

*(અઝમાર = ઝમીર લાવવી, ઈસ્મનો ઉલ્લેખ કરવાને બદલે ઝમીર વાપરવી, નહ્વની ઈસ્તેલાહ છે.*
*સાબિક =પહેલા, અગાઉ થઈ ગયેલ)*

**અર્થાત :** શેઅર નં. ૮ ની સમજૂતી બીજીવાર પઢીને આ શેઅરને સમજો. જ્યારે મુબ્તદાનો રુત્બો તથા મકામ પ્રથમ હોય છે તો અઝમાર કબ્લઝ્ ઝિક્ર કેવી રીતે ? કે કોઈ કહેતો ફરે કે મા કબ્લઝ્ ઝિક્ર કરવાથી પહેલાં ઝમીર લોટાવવામાં આવી રહી છે. કેમ કે મુબ્તદા મુઅખ્ખિર કેવળ શાબ્દિક રીતે જ મોઅખ્ખિર છે, હકીકતમાં મુકદમ (અગ્રેસર) જ છે ભલે જાહેરી રીતે ઘણી બધી મખ્લૂક હુઝૂર ﷺના પહેલાં આવી પરંતું અલ્લાહ તઆલાએ સૌથી પ્રથમ પોતાના નબીના નૂરને જ પેદા કર્યું. હુઝૂર ﷺનું મુબ્તદા (અગ્રેસર) હોવું કેવી રીતે છે તેનું ઈમાન અફરોઝ બયાન આ'લા હઝરત ની ઝબાનથી સાંભળો, પઢો અને વજ્દની કૈફિયત પોતાના ઉપર લાગુ કરીને કહો :

*ઉન્કી બખ્શિશકા ઠિકાના નહીં હૈ કોઈ—હર ગુનેહગાર પર રહમતકી નઝર રખતે હૈં*
*કૌન કિસ હાલમેં હૈ કિસને પુકારા ઉનકો—મેરે સરકાર દો આલમકી ખબર રખતે હૈં*

### તૂરે મૂસા ચર્ખે ઈસા–ક્યા મસાવિય્યે દના હો

*(તૂર = પહાડનું નામ, ચર્ખ = આસ્માન, મસાવી = સમાન, દના = નજીક થયા)*

**અર્થાત :** હઝરત મૂસા علیہ السلامને કોહે તૂર પર બોલાવ્યા, હઝરત ઈસા علیہ السلامને આસ્માન પર બોલાવ્યા, અને આપણા આકા ﷺને અર્શ પર બોલાવીને ثم دنیٰ فتدلّٰینો કુર્બ અતા ફર્માવ્યો, ભાઈઓ ! જરા ઈન્સાફ તો કરો, હુઝૂર ﷺની બરાબરી થઈ શકે છે ?! નહીં ! કદાપિ નહીં ! જ્યારે આપનો નબીઓમાં કોઈ બરાબરી કરનાર નથી, તો કોઈ મનહૂસ જો હુઝૂર ﷺની સાથે પોતાની બરાબરીની વાત કરે તો તેનું મોં સળગી કેમ નથી જતું ! બલ્કે સળગેલો તો પહેલેથી જ છે, તેના મોં પર ખાસડુ કેમ મારવામાં નથી આવતુ ! સારું, રહેવા દો ક્યાંક ખાસડુ ખરાબ ન થઈ જાય !

*જો નૂર ઔર હયાત કે મુન્કિર હૈં દેખ લો – આંખેં બુઝી બુઝી હૈં ચેહરે મરે મરે !*

# ફવાઈદુલ ફવાદ
## દિલોના ફાયદા
ભાગ-બીજો

# હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### (છઠ્ઠી મજલિસ)

### ★ દોલત જમા કરવા વિશે ★

એ જ વરસે મુહર્રમની ૨૫મી તારીખે બુધવારે કદમબોસીની સઆદત (નેક બખ્તી) હાંસલ થઈ. એ લોકોનો ઉલ્લેખ થયો જેઓ દોલત જમા કરે છે, અને જેટલા પ્રમાણમાં અધિક દોલત હોય છે એટલી જ ઔર અધિક માગે છે. ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે, હક્ક તબારક વ તઆલાએ વિવિધ પ્રકારની તબીઅતો બનાવી છે દા.ત. કોઈ માણસને દસ દિરહમ જ પૂરતા હોય છે અને એમનામાં વધારો થાય છે તો જ્યાં સુધી ખર્ચ ન કરે તેને ચૈન જ નથી આવતું. અને કોઈ શખ્સને એવો બનાવવામાં આવે છે કે જેટલો વધારો થાય છે એટલી જ હવસ વધે છે. અને એ વાત તેની પોતાની નથી હોતી અઝલી કિસ્મતની હોય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે સૌના ચાંદીની રાહત ખર્ચ કરવામાં છે. એટલે માણસને કોઈ ચીજથી રાહત નથી મળી શકતી જ્યાં સુધી રૂપિયા ખર્ચ ન કરી લે. દા.ત. જો તે ચાહે છે કે ઉમદા લિબાસ પહેરે અથવા તેને સારા ભોજનની આરઝૂ હોય, અથવા એ પ્રકારની અન્ય કોઈ તમન્ના હોય તો જ્યાં સુધી રૂપિયા ખર્ચ નથી કરતો તેની ખ્વાહિશ પૂરી નથી થતી. તો જાણવા મળ્યું કે સોના ચાંદીથી જો રાહત હાંસલ થઈ શકે છે તો એના જવાથી થઈ શકે છે.

ત્યારબાદ ફર્માવ્યું કે સોના ચાંદીને જમા કરવાનો મકસદ એ હોવો જોઈએ કે તેનાથી બીજા લોકોને ફાયદો પહોંચે. એ દરમિયાન ફર્માવ્યું કે મારું દિલ શરૂથી જ કાંઈ જમા કરવા પ્રતિ આકર્ષિત ન હતું. અને દુનિયાની તલબનો મને તદ્દન ખયાલ ન હતો. ત્યારબાદ જ્યારે શૈખુલ ઈસ્લામ ફરીદુદ્દીનથી મુરીદ થયો તો થીંગડુ પણ એવી જગાએ થયું કે તેમની નજરમાં બંને જહાન જચતાં ન હતાં, મુત્લક ત્યાગ હતો.

ત્યારબાદ ફર્માવ્યું કે એનાથી પહેલાં મને રોજીની કાંઈક તંગી હતી પણ ખુશીથી ગુજરાન થતુ હતું. એક રોજ કોઈ શખ્સ મારી પાસે કસમયે અડધો તિન્કો (સિક્કો) લાવ્યો. મેં કહ્યું કે આજે તો મોડુ થઈ ગયું છે અને જે કાંઈ જરૂરિયાત હતી એ પૂરી થઈ ચૂકી છે એને કાલે વાપરીશ. જ્યારે રાત થઈ અને હું ઈબાદતમાં મશગૂલ થયો તો એ અડધા સિક્કાએ મારા દિલના દામનને પકડી લીધો અને નીચે ખેંચવાનું શરૂ કર્યું. જ્યારે મેં આ હાલ જોયો તો કહ્યું, ખુદાવંદા ! સવાર ક્યારે થશે કે આનાથી પીછો છોડાવું અને ખર્ચ કરું.

## (સાતમી મજલિસ)

### ★ હવામાં ઉડવા વિશે ★

એ જ વરસે શનિવારના દિવસે માહે સફર (અલ્લાહ તેને ખૈર તથા કામયાબીથી ખત્મ કરાવે)ની પાંચમી તારીખે કદમબોસીની દોલત મયસ્સર આવી. અસ્હાબે વિલાયત (વલીઓ)ની સ્થળાંતર કરવાની પાત્રતાનું વર્ણન આવ્યું કે અમુક ઉડવા પર શક્તિ ધરાવે છે. એના બારામાં કિસ્સો સંભળાવ્યો કે બદાઉંમાં એક ઝાકિર હતા. તેમનો મિમ્બર એક દીવાલથી લાગેલો હતો અને એ દીવાલમાં મિમ્બરથી લગભગ માણસ જેટલી ઊંચાઈ પર ઘણા તાખલા હતા, અને એ તાખલા એ રીતે વાંકાચૂકા હતા કે કોઈ એના પર બેસી શકતો ન હતો. એ ઝાકિર પર વઅઝ દરમિયાન એક કૈફિયત છવાતી કે એ કૈફિયતમાં તે જમ્પ કરતા અને એ તાખલાઓમાં જઈને બેસતા. અને એના અનુસંધાનમાં આ હિકાયત વર્ણવી કે એકવાર કોઈ જોગી ઓચમાં આવ્યો અને ચેલેન્જરૂપે શયખ સફીઉદ્દીન ગાઝરૂની પાસે આવીને બહષ કરવા લાગ્યો. અને શયખને બોલ્યો કે, આવો ! ઉડીને દેખાડીએ. શયખે કહ્યું કે દાવેદાર તમે છો તો તમે જ ઉડીને દેખાડો ! જોગી જમીનથી હવામાં અધ્ધર થઈ ગયો ત્યાં સુધી કે તેનુ માથુ છત સાથે અડી ગયું. પછી એ જ રીતે સીધો નીચે ઉતરી આવ્યો. પછી શયખને કહેવા લાગ્યો કે તમે પણ ઉડીને બતાવો ! શયખ શફીઉદ્દીન ગાઝરૂનીએ આસ્માનની તરફ ચહેરો કરીને કહ્યું, ખુદાવંદા ! તેં ગૈરોને આવી ઉડવાની પાત્રતા અતા કરી છે મને પણ એ ક્ષમતા અતા કર. ત્યારબાદ શયખ પોતાની જગાએથી ઉઠયા અને કિબ્લાની તરફ ઉડયા, ત્યારબાદ ઉત્તર તરફ ગયા પછી દક્ષિણ તરફ થઈને પોતાની જગા પર આવીને બેસી ગયા. જોગી હેરાન રહી ગયો અને શયખના કદમોમાં માથુ રાખી દીધું અને બોલ્યો કે, અમારાથી કેવળ આટલુ જ થઈ શકે છે કે જમીનથી થોડાક સુધી સીધા ઊંચે ઉડીએ અને એ રીતે પછી નીચે આવી જઈએ, એના સિવાય જમણે ડાબે નથી જઈ શકતા, પરંતુ આપ તો જે તરફ ચાહો છો ઉડો છો ! એ હક્ક છે અને અલ્લાહની તરફથી છે અમારું જે કાંઈ છે તે બાતિલ છે.

### ★ ફિલોસોફરે તૌબા કરી લીધી ★

આ રીતની ઈરાદી હરકતના બારામાં હિકાયત વર્ણવી કે એક વાર કોઈ ફિલોસોફર સમયના ખલીફાની પાસે પોતાની કિતાબો લઈને આવ્યો અને ચાહ્યું કે ખલીફાને હક્ક માર્ગથી ભટકાવી દે, અને ખલીફાએ પણ તેના ઈલ્મથી દિલચસ્પી દેખાડી. આ ખબર હઝરત શયખ શહાબુદ્દીન સુહરવર્દી قدس سرہની પાસે પહોંચી તો શયખે તેના પ્રતિ ધ્યાન કર્યું અને ફર્માવ્યું કે જ્યારે ખલીફા એ ફિલોસોફરો તરફ વળશે તો એક જહાનમાં અંધકાર છવાય જશે. આવું ફર્માવીને ઉભા થઈ ગયા. અને ખલીફાના મહેલમાં તશરીફ લાવ્યા. એ વખતે ખલીફાએ એ બદબખ્ત હકીમના માટે એકાંત કરી રાખ્યું હતું. અને એ જ ઈલ્મની બહષમાં મશગૂલ હતો. ખબર કરવામાં આવી કે શયખ શહાબુદ્દીન તશરીફ લાવ્યા છે. શયખને અંદર બોલાવવામાં આવ્યા. શયખ અંદર આવ્યા તો ખલીફા તથા ફિલોસોફરને જોઈને પૂછયું કે તમે લોકો અત્યારે શું ચર્ચા કરી રહ્યા હતા ? ખલીફાએ જવાબ આપ્યો કે કાંઈ અન્ય વાત થઈ રહી હતી. ફિલોસોફીની ચર્ચાને તેમણે છુપાવી. શયખે ખૂબ જ આગ્રહ કર્યો કે બતાવો ! શું વાત કરી રહ્યા હતા ? જ્યારે શયખે ખૂબ તકાઝો કર્યો તો તે ફિલોસોફર બોલ્યો કે અમે અત્યારે એ ચર્ચા કરી રહ્યા હતા કે આસ્માનની હરકત તબઈ (Natural) છે. હરકતોના ત્રણ પ્રકાર છે : તબઈ, ઈરાદી અને કસ્રી વધુ પેજ 24 પર..

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ–૨)

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક** : **મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## પાયજામો, તેહબંદ (લુંગી) તથા ધોતીના મસાઈલ

**મસ્અલા** : પાયજામો પહેરવો સુન્નત છે કેમ કે એમાં સતરે ઔરત (છુપાવવાનાં અંગો) વધુ પ્રમાણમાં છુપાય છે. *(આલમગીરી)* એને એ અર્થમાં સુન્નત કહેવામાં આવે છે કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને પસંદ ફર્માવ્યો અને સહાબાએ કિરામ رضی اللہ عنہم એ એને પહેર્યો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતે તેહબંદ પહેર્યા કરતા હતા, પાયજામો પહેર્યાનું સાબિત નથી.

**મસ્અલા** : મર્દે એવો પાયજામો પહેરવો કે જેના પાયચાનો આગલો ભાગ કદમના પાછલા ભાગ પર રહેતો હોય મકરૂહ છે. કપડાંમાં એટલો નીચે કૂર્તો, ઝબ્બો કે પાયજામો તથા તેહબંદ પહેરવો કે જેનાથી ઘુંટીઓ ઢંકાઈ જાય તેની મના છે. એ કપડાં અડધી પીંડલીથી લઈને ઘુંટી સુધીનાં હોવાં જોઈએ, એટલે કે ઘુંટી ઢંકાવી ન જોઈએ. *(આલમગીરી)*

**મસ્અલા** : જાડાં કપડાં પહેરવાં તથા જૂનાં થઈ જાય તો થીંગડાં મારીને પહેરવાં ઈસ્લામી તરીકો છે. *(આલમગીરી)*

હદીષ શરીફમાં ફર્માવ્યું છે કે જ્યાં સુધી કપડાંને થીંગડું લગાડીને ન પહેરો ત્યાં સુધી તેને જૂનું ન સમજો અને બહુ બારિક કપડાં ન પહેરો જેનાથી બદનની રંગત દેખાય. ખાસ કરીને તેહબંદને કે જો બારિક હોય તો સતરે ઓરત નહીં થઈ શકે. આજના યુગમાં એક બલા પેદા થઈ છે કે સાડીના તેહબંદ (લુંગી) પહેરે છે **જેનાથી સતરે ઓરત બિલ્કુલ થતું નથી અને એને પહેરીને કેટલાક લોકો નમાઝ પઢે છે એમની નમાઝ પણ થતી નથી. કેમ કે નમાઝમાં સતરે ઓરત ફર્ઝ છે.** કેટલાક લોકો પાયજામા અને તેહબંદની જગ્યાએ ધોતિયું બાંધે છે. ધોતિયું બાંધવું (પહેરવું) હિન્દુઓનો તરીકો છે, એનાથી સતરે ઓરત પણ નથી થતું. ચાલવામાં જાંગનો પાછલો ભાગ ઉઘાડો થઈ જાય છે અને નજરમાં આવે છે.

## ★ ચામડાના લિબાસના મસાઈલ ★

**મસ્અલા** : ચામડાનો કૂર્તો પહેરવો જાઈઝ છે. બુઝુર્ગાને દીન તથા ઉલ્મા, મશાઈખએ પહેર્યો છે. જે જાનવર હલાલ નથી જો એને ઝુબ્હ કર્યું હોય યા એના ચામડાને પકાવવામાં આવ્યું હોય તો એનો કૂર્તો પહેરી શકાય છે, એની ટોપી પહેરી શકાય છે. દા.ત. શિયાળનો (શિયાળના ચામડાનો) કૂર્તો અથવા સમૂર (બિલાડીના પ્રકારનુ જાનવરનો કૂર્તો બનાવવામાં આવે છે) એ રીતે સનજાબ (ઘુસની શિકલનું જાનવર થાય છે)નો કૂર્તો. *(આલમગીરી)*

**મસ્અલા** : જંગલી જાનવર (ફાડી ખાનાર વાઘ, ચિત્તો વગેરે)ના કૂર્તામાં પણ વાંધો નથી અને પહેરી શકીએ છીએ. એને પહેરીને નમાઝ પઢી શકાય છે. (આલમગીરી) જો કે એનાથી બચવું અફઝલ છે. હદીષમાં ચિત્તાના ચામડા પર સવાર થવાની મનાઈ આવી છે.

**મસ્અલા** : નાક, મોં લૂછવા માટે રૂમાલ રાખવો યા વુઝૂ કર્યા પછી હાથ મોં લૂછવા માટે

રૂમાલ રાખવો જાઈઝ છે. પસીનો લૂછવા માટે રૂમાલ રાખવો જાઈઝ છે અને જો અભિમાનના મકસદથી હોય તો મના છે. *(આલમગીરી)*

## ★ કપડાં પહેરવાનો તરીકો ★

**મસ્અલા** : કપડાં વગેરે તો જમણી બાજુથી શરૂ કરે એટલે કે પ્રથમ જમણી બાંયમાં (હાથ નાંખે) યા જમણા પાયચાથી (જમણા પાયચામાં પગ નાંખે) ત્યાર બાદ ડાબામાં હાથ પગ નાંખે.

# અમામાનું બયાન

અમામો બાંધવો સુન્નત છે. ખાસ કરીને નમાઝમાં કેમ કે નમાઝ અમામા સાથે પઢવામાં આવે તેનો સવાબ ઘણો વધારે છે. અમામા સંબંધી કેટલીક હદીષો આગળ બયાન કરી ચૂક્યા છીએ.

## ★ અમામો બાંધવાનો તરીકો ★

**મસ્અલા** : અમામો બાંધે તો એનો છેડો પીઠ પર બંને ખભાની વચમાં લટકાવો. છેડો કેટલો લાંબો હોવો જોઈએ તે બાબતમાં મતભેદ છે પરંતુ વધુમાં વધુ એટલો લાંબો હોવો જોઈએ કે બેસવાથી દબાય નહીં. *(આલમગીરી)* કેટલાક લોકો છેડો બિલ્કુલ લટકાવતા નથી એ સુન્નતની ખિલાફ છે અને કેટલાક છેડાને ઉપર લાવી અમામામાં ખોસી દે છે એવું પણ ન કરવું જોઈએ. ખાસ કરીને નમાઝમાં એવું કરવામાં આવેલ હોય તો નમાઝ મકરૂહ થશે.

**મસ્અલા** : અમામાને ફરીથી બાંધવો હોય તો એને ઉતારીને જમીન પર ન ફેંકવો બલ્કે જે રીતે લપેટેલો છે એ રીતે એને ઉતારી લે. *(આલમગીરી)*

**મસ્અલા** : અમામો ઉભા રહીને બાંધે અને પાયજામો બેસીને પહેરે. જેણે એનાથી ઉલટું કર્યું તે એવા રોગમાં (બીમારીમાં) સપડાશે જેની દવા નથી.

**મસ્અલા** : ટોપી પહેરવી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાબિત છે. *(આલમગીરી)* પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અમામો પણ બાંધતા હતા. એટલે કે અમામાની નીચે ટોપી હોતી. અને ફર્માવ્યું કે અમારામાં અને તેમનામાં ફરક ટોપી ઉપર અમામો બાંધવાનો છે. અમે બંને ચીજો રાખીએ છીએ અને તેઓ ફક્ત અમામો જ બાંધે છે, એની ટોપી રાખતા નથી. જેમ કે અહીંના કાફિરો જો પાઘડી બાંધે છે તો એની નીચે ટોપી નથી પહેરતા. મિરકાત શરહે મિશ્કાતમાં મઝકૂર છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો **નાનો અમામો સાત હાથનો** અને **મોટો અમામો બાર હાથનો** હતો. તો એ સુન્નત પ્રમાણેનો અમામો રાખવો. એનાથી મોટો ન રાખવો. કેટલાક લોકો બહુ મોટો અમામો બાંધે છે, એવું ન કરે. કેમ કે સુન્નતની ખિલાફ છે. મારવાડ ઈલાકામાં ઘણા લોકો પાઘડીઓ બાંધે છે જે ઘણી ઓછી પહોળાઈની હોય છે અને ચાલીસ પચાસ ગજ લાંબી હોય છે. એ રીતે પાઘડીઓ મુસલમાન ન બાંધે.

**મસ્અલા** : પાયજામાનો તકિયો ન બનાવશો કેમ કે અદબની ખિલાફ છે અને અમામાનો પણ તકિયો ન બનાવવો. *(આ'લા હઝરત વ બહાર)*

## ★ કયું તાવીઝ પહરેવું જાઈઝ ★

**મસ્અલા** : ગળામાં તાવીઝ લટકાવવું (પહેરવું) જાઈઝ છે. અર્થાત આયાતે કુર્આનીયા, અસ્માએ ઈલાહીયા, યા દુઆઓથી તાવીઝ બનાવવામાં આવે. કેટલીક હદીષોમાં જે તાવીઝોની મના કરવામાં આવી છે તેનાથી મતલબ તે તાવીઝો છે જે નાજાઈઝ શબ્દોથી બનાવવામાં આવેલાં હોય છે. જે જહાલતના જમાનામાં બનાવતા હતા. એ રીતે તાવીઝો અને આયતો, હદીષો તથા દુઆઓને

રકાબીમાં લખીને બીમારને શિફાની નિય્યતથી પીવડાવવાં પણ જાઈઝ છે. જનાબતવાળો, હૈઝવાળી તથા નિફાસવાળી પણ તાવીજોને ગળામાં પહેરી શકે છે, હાથ પર બાંધી શકાય છે જ્યારે કે ગિલાફમાં (કપડામાં લપેટેલ) હોય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

## ★ પાથરણા પર લખેલ કે છાપેલ હોય તેનો હુકમ ★

**મસ્અલા :** બિછાના પર કે મુસલ્લા પર કંઈ લખેલું હોય તો એનો ઉપયોગ નાજાઈઝ છે. એ લખાણો એની બનાવટમાં હોય યા છાપેલ હોય યા શાહીથી લખેલી હોય. ભલે એકલા અક્ષરો લખેલા હોય તો પણ, કેમ કે એનો એહતેરામ કરવો જોઈએ. *(રદ્દુલ મુહ્તાર)*

મોટા ભાગે દસ્તરખ્વાન પર ઈબારત લખેલી હોય છે એવા દસ્તરખ્વાનનો ઉપયોગ કરવો, એના પર ખાવું ન જોઈએ. કેટલાક લોકોના તકિયા પર અશ્આર લખેલા હોય છે તેનો ઉપયોગ પણ ન કરવો.

## બુટ પહેરવાનું બયાન

**૧.** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યારે બુટ પહેરે ત્યારે પ્રથમ જમણા પગમાં પહેરે પછી ડાબા પગમાં અને જ્યારે ઉતારે (કાઢે) ત્યારે પ્રથમ ડાબા પગનો ઉતારે. પહેરવામાં જમણો પહેલો અને ઉતારવામાં પાછળ. *(બુખારી, મુસ્લિમ)*

**૨.** ફર્માવ્યું કે એક જોડો પહેરીને ન ચાલે. બંને ઉતારી લે અથવા બંને પહેરી લે. *(બુખારી, મુસ્લિમ)*

**૩.** તિર્મિઝી તથા ઈબ્ને માજામાં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઉભા ઉભા બુટ પહેરવાની મના ફર્માવી છે. એ મના એવા બુટ માટે છે જેને ઉભા રહીને પહેરવામાં મુશ્કેલી પડતી હોય, જેમાં દોરીઓ બાંધવાની જરૂરત પડતી હોય છે. એ રીતના બુટ જોડા બેસીને પહેરે કેમ કે એમાં પણ દોરી બાંધવી પડતી હોય છે અને ઉભા રહીને પહેરવામાં મુશ્કેલી પડે છે અને જે એવા પ્રકારના નથી હોતા જેવા કે સલીમશાહી, યા પમ્પ યા તે ચપ્પલ જેમાં દોરી બાંધવાથી નથી પડતી તેને ઉભા રહીને પહેરવામાં કોઈ વાંધો નથી. અબૂ દાઊદમાં છે કે કોઈએ હઝરત આઈશા رضی اللہ عنہا ને કહ્યું કે એક ઔરત જોડા પહેરે છે. એમણે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મર્દાની ઓરતો પર લા'નત ફર્માવી છે. એટલે કે ઓરતોએ મર્દાના જોડા ન પહેરવા જોઈએ બલ્કે તે તમામ બાબતો (ચીજો) જેમાં મરદો અને ઓરતોનો ફરક (તમીઝ) હોય છે એમાં દરેકે એકબીજાનો રંગ ઢંગ અખત્યાર કરવાની મના છે. મરદે ન ઓરતનો રંગ ઢંગ અખત્યાર કરવો, ન ઔરતે મરદનો રંગ ઢંગ અખત્યાર કરવો.

અબૂ દાઊદમાં છે કે કોઈએ ફઝાલા ઈબ્ને ઉબૈદ رضی اللہ عنہ ને કહ્યું કે શું વાત છે આપ પરેશાન હાલ જણાવો છો ? એમણે કહયું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અમને સજી ધજીને રહેવાની મના ફર્માવતા હતા. એમણે કહ્યું કે શું વાત છે તમને ઉઘાડા પગે જોઉં છું ? તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અમને હુકમ ફર્માવતા હતા કે કોઈ કોઈ વખતે અમે ઉઘાડા પગે રહીએ.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# તઝકેરતુલ અવલિયા

# હઝરત અબુલ હસન નૂરી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપ આપના દોરના તે સૌથી અનોખા બુઝુર્ગોમાંથી થયા છે. જેમને સર્વ શયખોએ અઝમત તથા મર્તબાઓના એતબારથી અમીરુલ કુલૂબનો લક્બ અતા કર્યો. આપ હઝરત સર્રી સકતી رحمۃ اللہ علیہના પીરો મુર્શિદ અને હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہના સમકાલિન હતા. જીવનનો મોટાભાગનો હિસ્સો હઝરત અહમદ હવારીની સોહબતમાં ગુજર્યો. આપ આપના મસ્લકના એતબારથી તસવ્વુફને ફક્ર પર અગ્રતા આપતા હતા અને ફર્માવ્યા કરતા કે કુર્બાની તથા ત્યાગ વિના શયખની સોહબત જાઈઝ નથી. અને આપને "નૂરી"નો લક્બ એટલા માટે આપવામાં આવ્યો કે આપના મોંથી એવું નૂર પ્રકટ થતું કે પૂરુ મકાન મુનવ્વર થઈ જતું. અને બીજો સબબ એ પણ બતાવવામાં આવ્યો છે કે જંગલની જે ઝુપડીમાં આપ રિયાઝતમાં મશગૂલ રહેતા હતા તે આપની કરામતથી અંધારી રાતમાં પણ રોશન રહેતી હતી. આપના વિશે હઝરત અબૂ અહમદ મગારીનો એ કૌલ હતો કે મેં આપના કરતાં અધિક હઝરત જુનેદને પણ ઈબાદતગુઝાર નથી પામ્યા.

**હાલાત** : રિયાઝતના પ્રારંભિક દોરમાં આપ ઘરેથી ખાણુ લઈને નીકળતા અને રસ્તામાં ખૈરાત કરીને ઝહોરની નમાઝ બાદ પોતાની દુકાન પર જઈને બેસતા, ત્યાં સુધી કે આ ક્રમ વીસ વરસ સુધી ચાલતો રહ્યો. પરંતું આપનાં ઘરવાળાં એ ખયાલમાં રહેતાં કે દુકાન પર ખાવા ખાય લીધુ હશે. આપ ફર્માવ્યા કરતા હતા કે મારા માટે વરસોના મુજાહિદાઓ તથા એકાંત સૌ બેકાર સાબિત થયાં. અને જ્યારે મેં અંબિયાએ કિરામના કૌલના પ્રમાણે વિચારવાનું શરૂ કર્યું કે કદાચ મારી ઈબાદતમાં રિયાનું તત્વ સામેલ થઈ ગયું હોય તો જાણવા મળ્યું કે મારા નફસે દિલ સાથે સાઠગાંઠ કરી લીધી છે. પરંતુ જ્યારે મેં નફસનો વિરોધ શરૂ કર્યો તો મારા ઉપર બાતિની રહસ્યો ઉઘડવા લાગ્યાં અને જ્યારે મેં નફ્સને તેની કૈફિયત પૂછી તો તેણે કહ્યું કે મારી કોઈ મુરાદ પૂરી ન થઈ શકી. ત્યારબાદ મેં દજલા નદીમાં માછલી પકડવા ગલ નાખીને ખુદા તઆલાથી અર્ઝ કરી કે જ્યાં સુધી આમાં માછલી ફસાશે નહીં ત્યાં સુધી આમ જ ઉભો રહીશ. આવુ કહેતાં જ માછલી ફસાઈ ગઈ. તો મેં હઝરત જુનેદને પોતાના મર્તબાની ઉચ્ચતાનો ઝિક્ર કર્યો. આપે ફર્માવ્યું કે જો માછલીના બદલે તમે સાપનો શિકાર કરત તો યકીનન ! કરામત હોતી, પરંતું કેમ કે હજી તમે દરમિયાની મંઝિલમાં છો એટલા માટે તમારા બનાવને કરામતથી નહીં બલ્કે ધોકાથી સરખાવી શકાય છે.

જે વખતે ગુલામ ખલીલે બુઝુર્ગની દુશ્મનીમાં ખલીફાથી એ ફરિયાદ કરી કે એક એવો ગિરોહ પેદા થઈ ગયો છે જે રક્સો સુરૂર (નાચકૂદ) પણ કરે છે અને ઈશારા સંકેતોમાં વાતચીત પણ કરે છે અને જીભથી એવા શબ્દો કાઢે છે જે ગરદન ઉડાડવાને પાત્ર છે. આ શિકાયત પર ખલીફાએ સર્વ મશાઈખને કત્લ કરવાનો હુકમ આપી દીધો અને જ્યારે સૌ પ્રથમ જલ્લાદે હઝરત અરક઼ામને ક઼ત્લ કરવા ચાહ્યું તો હઝરત નૂરી સસ્મિત વદને તેમની જગા પર જઈને બેઠા અને લોકોએ જ્યારે આપને કહ્યું કે હમણા આપનો નંબર નથી આવ્યો, તો ફર્માવ્યું કે મારી

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

તરીકતનો પાયો ત્યાગભાવના (કુર્બાની)ના જઝબા પર આધારિત છે અને હું મુસલમાનોની જાનના બદલે મારી જાન આપવી અધિક બેહતર સમજુ છું. જો કે મારી નજીક દુનિયાની એક પળ મેહશરના હજાર વરસો કરતાં અફઝલ છે, કેમ કે દુનિયા ખિદમતની જગા છે અને ઉક્બા (આખેરત) કુર્બતની જગા છે. પરંતું ખિદમત વિના કુર્બતની પ્રાપ્તિ અશક્ય છે. આ અનોખી વાણી સાંભળીને ખલીફાએ કાઝીને સવાલ કર્યો કે એમના બારામાં શરઈ હુકમ શું છે ? કાઝીએ હઝરત શિબ્લીને દીવાના ખયાલ કરતાં સવાલ કર્યો, વીસ દીનાર પર કેટલી ઝકાત થાય છે ? ફર્માવ્યું કે સાડા વીસ દીનાર ! એટલે કે વીસ દીનારથી વધુ એ જુર્મમાં અદા કરે કે એણે વીસ દીનાર ભેગા શા માટે કર્યા ? જેવી રીતે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પાસે ચાલીસ દીનાર હતા અને તેમણે બધા જ ઝકાતમાં આપી દીધા. પછી કાઝીએ હઝરત નૂરીને એક સવાલ કર્યો જેનો તેમણે તુરંત જ જવાબ આપીને ઉલ્ટુ કાઝીને કહ્યું કે, હવે તમે પણ સાંભળી લો કે ખુદાએ એવા બંદા પણ સર્જન કર્યા છે જેમની હયાત તથા મૃત્યુ અને કયામત તથા કલામ સૌ તેના મુશાહેદાથી સંબંધિત છે. અને જો એક પળ માટે પણ તે મુશાહેદાથી વંચિત રહી જાય તો મૌત આવી પડે. અને આ તે જ લોકો છે જેઓ એની સામે રહે છે, એનાથી સૂએ છે, તેનાથી ખાય છે, તેનાથી સાંભળે છે અને તેનાથી માગે છે. આ જવાબ સાંભળીને કાઝીએ ખલીફાને કહ્યું કે જો આવી વ્યક્તિઓ પણ મુલ્હિદ તથા ઝિંદીક (અધર્મી) થઈ શકે છે તો મારો ફત્વો એ છે કે પૂરા જગતમાં કોઈ પણ મુવહ્હિદ (રબને એક માનનાર) નથી. અને જ્યારે ખલીફાએ એ હઝરાતને કહ્યું કે મારાથી કાંઈક માગો ! તો સૌએ કહ્યું કે અમારી ખ્વાહિશ તો કેવળ એ છે કે તમે અમને ભૂલી જાવ. આ સાંભળીને ખલીફા પર રિક્કત (રડવા જેવી સ્થિતિ) છવાઈ ગઈ અને સૌને તાઝીમ તથા એહતેરામની સાથે વિદાય કરી આપ્યા.

કોઈકને આપે નમાઝ દરમિયાન દાઢી સાથે રમત કરતો જોઈને ફર્માવ્યું કે તમારો હાથ ખુદાની દાઢીથી દૂર રાખો. આ શબ્દો સાંભળીને અમુક લોકોએ ખલીફાને શિકાયત કરતાં જણાવ્યું કે આ કુફ્રી શબ્દો છે. અને જ્યારે ખલીફાએ આપને સવાલ કર્યો કે, તમે આવુ વાક્ય શા માટે કહ્યું ? ફર્માવ્યું કે જ્યારે બંદો ખુદ ખુદાની માલિકીમાં છે તો તેની દાઢી પણ ખુદાની માલિકીમાં છે. આ જવાબ સાંભળીને ખલીફાએ કહ્યું કે, ખુદાનો શુક્ર છે, મેં આપને કત્લ ન કર્યા.

આપ ફર્માવ્યા કરતા હતા કે મારો નફ્સ ચાલીસ વરસથી નફસથી અલગ છે જેના કારણે મારા દિલમાં ગુનાહનો ખયાલ પણ નથી આવ્યો. પરંતું આ મકામ મને એ વખતે હાંસલ થયો જ્યારે ખુદાને પહેચાની લીધો. પછી ફર્માવ્યું કે એક નૂરનો મુશાહેદો (દીદાર) કરતાં કરતાં હું ખુદ નૂર બની ગયો. અને જ્યારે મેં ખુદાથી કાયમી હાલત તલબ કરી તો જવાબ મળ્યો કે કાયમ રહેનારા સિવાય કાયમી હાલત પર કોઈ સબ્ર નથી કરી શકતું.

આપે હઝરત જુનેદને ફર્માવ્યું કે ત્રીસ વરસથી હું એ ઉલઝનમાં સપડાયેલો છું કે જ્યારે અલ્લાહ તઆલા જાહેર થાય છે તો હું ગુમ થઈ જાઉં છું અને જ્યારે હું જાહેર થાઉં છું તો તેની જાત ગુમ થઈ જાય છે. એટલે તેની હુઝૂરી મારી ગયબિયતમાં છુપાયેલી છે. અને જ્યારે હું કોઈ કોશિશ કરું છું તો હુકમ થાય છે કે ક્યાં તો તું રહીશ કે હું. હઝરત જુનેદ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે આપ એ જ હાલત પર કાયમ રહો કે જાહેર તથા બાતિનમાં કેવળ તે જ દેખાયા કરે અને આપ ગુમ રહો.

અમુક હઝરાતે હઝરત જુનેદને બતાવ્યું કે હઝરત નૂરી ત્રણ રાત દિવસથી પથ્થર પર બેસીને મોટા અવાજે અલ્લાહ અલ્લાહ કરી રહ્યા છે અને ખાવા પીવા સૌ બંધ કરી રાખ્યું છે, પરંતું નમાઝ તેના

સહીહ સમયમાં અદા કરી લે છે. હઝરત જુનેદ رحمۃ اللہ علیہના મુરીદોએ કહ્યું કે આ તો ફનાઈયતની દલીલ નથી બલ્કે હોશિયારીની નિશાની છે, કેમ કે ફાનીને નમાઝનો હોશ બાકી નથી રહેતો. હઝરત જુનેદ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, એ વાત નથી બલ્કે એમના પર વજ્દનો આલમ છવાયેલો છે, અને વજ્દવાળો ખુદાની હિફાઝતમાં હોય છે. પછી જુનેદે આપની પાસે પહોંચીને ફર્માવ્યું કે જો અલ્લાહને રઝા પસંદ છે તો આપ શોર શા માટે મચાવો છો ? એ સાંભળીને આપે શોર બંધ કરતાં કહ્યું કે, હે જુનેદ ! તમે મારા બેહતરીન ઉસ્તાદ છો.

આપે હઝરત શિબ્લી رحمۃ اللہ علیہના વઅઝમાં પહોંચીને જ્યારે અસ્સલામુ અલૈકુમ યા અબા બકર ! કહ્યું તો તેમણે જવાબ આપ્યો કે, વઅલૈકસ્સલામ યા અમીરુલ કુલૂબ ! પછી આપે ફર્માવ્યું કે, બેઅમલ આલિમથી અલ્લાહ તઆલા ખુશ નથી થતો જેથી જો તમે બાઅમલ આલિમ છો ત્યારે તો વઅઝ ચાલુ રાખો, નહીં તો મિમ્બર પરથી નીચે ઉતરી આવો. આ સાંભળીને જ્યારે હઝરત શિબ્લીએ આપના કૌલ પર વિચારણા કરી તો મેહસૂસ થયું કે અમલમાં યક઼ીનન ! કોઈ કમી છે, જેથી મિમ્બર પરથી નીચે ઉતરી આવ્યા અને ગોશાનશીન થઈને ઈબાદતમાં મશગૂલ થઈ ગયા. અને જ્યારે બીજીવાર લોકોએ વઅઝ કહેવા માટે મજબૂર કરીને મિમ્બર પર લાવીને બેસાડયા તો હઝરત નૂરી ખબર પામતાં જ ત્યાં પહોંચ્યા અને ફર્માવ્યું કે તમે મખ્લૂક઼થી છુપાવાની કોશિશ કરી તો તમને સન્માનપૂર્વક ફરીથી મિમ્બર પર લઈ આવ્યા. પરંતું મેં મખ્લૂક઼ સાથે સંબંધ રાખીને જ્યારે હિદાયતનો રસ્તો દેખાડવા ચાહ્યો તો મારી પથ્થર વડે ખાતિરદારી (સ્વાગત) કરવામાં આવી. આ સાંભળીને હઝરત શિબ્લીએ પૂછયું કે આપની હિદાયત અને મારી પોશીદગીનો ભાવાર્થ શું છે ? ફર્માવ્યું કે મારી હિદાયત તો એ હતી કે મેં ખુદા ખાતર મખ્લૂક઼ સાથે સંબંધ સ્થાપિત કર્યો, અને તમારી પોશીદગીનો ભાવાર્થ એ છે કે તમે ખાલિક઼ તથા મખ્લૂક઼ની વચ્ચે હિજાબ તથા વાસ્તો બનેલા રહ્યા, જ્યારે કે તમને એ હક઼ હાંસલ નથી કે તમે બંનેની વચ્ચે હિજાબ તથા વાસ્તો બની શકો, અને મારે કોઈ વાસ્તાની જરૂરત નથી એના કારણે હું તમને કામનો બંદો ખયાલ નથી કરતો.

પેજ 18 નું ચાલુ..

(જબરદસ્તી). તબઈ હરકત તે છે કે ખુદ પોતાની ખાસિયતથી ભ્રમણ થાય. જેમ કે પથ્થરને હાથથી છોડવામાં આવે તો તે જમીન પર પડે છે. ઈરાદી હરકત તે છે કે પોતાની મરજીથી જે તરફ ચાહે હરકત (હલન ચલન) કરે. ક઼સરી હરકત તે છે કે તેને કોઈ અન્ય હરકતમાં લાવે. જેમ કે કોઈ વાતાવરણમાં પથ્થર ફેંકે, તેને ક઼સરી હરકત કહીશું. જ્યારે ફેંકવાની શક્તિ ઓછી થશે તો તે પોતાની ખાસિયત પ્રમાણે જમીન પર પડી જશે, જેને તબઈ હરકત કહે છે. હવે અમે એ ચર્ચામાં છીએ કે આકાશની હરકત તબઈ છે. શયખે ફર્માવ્યું કે નહીં ! એવું નથી. તેની હરકત ક઼સરી છે. તે બોલ્યા કે કેવી રીતે ? શયખે ઈર્શાદ કર્યો કે આવા દેખાવ તથા સૂરતનો એક ફરિશ્તો છે તે ખુદા તઆલા ﷻના ફર્માન પ્રમાણે આસ્માનને ભ્રમણમાં રાખે છે, જેવું કે હદીષમાં પણ આવ્યું છે. ફિલોસોફર હસવા માંડયો. ત્યારબાદ શયખ ખલીફા તથા તે હકીમ (ફિલોસોફર)ને તે છતની નીચેથી કે જ્યાં તેઓ બેઠા હતા ત્યાંથી બહાર લાવ્યા, અને આસ્માનની તરફ ચહેરો કરીને ફર્માવ્યું કે ખુદાવંદા ! જે કાંઈ તું મારા ખાસ બંદાઓને દેખાડે છે તે એમને પણ દેખાડ. પછી ખલીફા તથા ફિલોસોફરને સંબોધીને ફર્માવ્યું કે આસ્માનની તરફ જુઓ. તે બંનેવે આસ્માનની તરફ જોયું તો તે ફરિશ્તો દેખાય ગયો જે આકાશને ભ્રમણ આપે છે. એ વખતે ખલીફાએ એ અક઼ીદાથી તૌબા કરી અને દીને ઈસ્લામ પર મજબૂત થઈ ગયો.

والحمد للہ رب العلمین

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો: ૨૯

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો ઘણો ખરો ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

## ખેલકૂદનું બયાન

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِىْ لَهْوَ الْحَدِيْثِ لِيُضِلَّ عَنْ سَبِيْلِ اللّٰهِ بِغَيْرِ عِلْمٍ ۖ وَّيَتَّخِذَهَا هُزُوًا ۚ اُولٰٓئِكَ لَهُمْ عَذَابٌ مُّهِيْنٌ ۝

કેટલાક લોકો રમતની વાતો ખરીદે છે કે અલ્લાહની રાહથી બેહકાવી દે સમજ્યા વિના અને તેને મજાક બનાવી લે તેમના માટે બેઈજ્જતીનો અઝાબ છે. *(સૂ. લુકમાન, ૩૧/૬)*

**હદીષ–૧** : તિર્મિઝી વ અબૂ દાઊદ અને ઈબ્ને માજહએ ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવ્યું કે ''જેટલી વસ્તુઓથી માણસ રમત રમે છે. તે તમામ ખોટી છે, પરંતુ કમાનથી તીર ચલાવવું અને ઘોડાને અદબ શીખવાડવી અને સ્ત્રીની સાથે હંસીખેલ કરવી, એ ત્રણેવ હક્ક છે.''

**હદીષ–૨** : ઈમામ અહમદ વ મુસ્લિમ વ અબૂ દાઊદ વ ઈબ્ને માજહએ બુરેદહ رضی اللہ عنہથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જેણે શતરંજ રમ્યુ જાણે કે સુવ્વરના ગોશ્ત અને લોહીમાં પોતાનો હાથ નાખી દીધો. બીજી રિવાયત અબૂ મૂસા رضی اللہ عنہથી છે કે એણે અલ્લાહ અને રસૂલની નાફરમાની કરી.''

**હદીષ–૩** : ઈમામ અહમદે અબૂ અબ્દુર્રહમાન ખતમી رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ''જે શખ્સ શતરંજ રમે છે પછી નમાઝ પઢવા ઉઠે છે, તેનું ઉદાહરણ તે શખ્સની જેમ છે જે પરુ અને સુવ્વરના લોહીથી વુઝૂ કરીને નમાઝ પઢવા ઊભો થાય છે.''

**હદીષ–૪** : દયલમીએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, ''બાદશાહવાળા જહન્નમથી છે, જે આવું કહે છે કે મેં તારા બાદશાહને મારી નાખ્યો એનાથી મુરાદ શતરંજ રમવાવાળો છે જે બાદશાહને હરાવી નાખે છે.

**હદીષ–૫** : બયહકીએ હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત કરી કે એ ફર્માવે છે શતરંજ અજમીઓનો જુગાર છે. અને ઈબ્ને શિહાબે અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہથી રિવાયત કરી કે તે કહે છે કે શતરંજ નહી રમે, પરંતુ ખતાકાર. અને તેમનાથી જ બીજી રિવાયત છે કે તે બાતિલ (અસત્ય, ગલત) છે અને અલ્લાહ તઆલા બાતિલને દોસ્ત નથી રાખતો.

**હદીષ-૬** : અબૂ દાઊદ વ ઈબ્ને માજહએ અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી અને ઈબ્ને માજહએ અનસ અને ઉષ્માન رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એક શખ્સને કબૂતરીની પાછળ દોડતાં જોયો તો ફર્માવ્યું, શૈતાન પાછળ શૈતાન જઈ રહ્યો છે.

**હદીષ-૭** : તિર્મિઝીએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ જાનવરોને લડાવવાથી મના ફર્માવ્યું છે."

**હદીષ-૮** : બઝ્ઝારે અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે, બે અવાજ દુનિયા અને આખેરતમાં મલ્ઊન (લાનતવાળી) છે : ગાતી વખતે બેન્ડવાજાનો અવાજ અને મુસીબતના સમયે રડવાનો અવાજ."

**હદીષ-૯** : બયહકીએ જાબિર رضی اللہ عنہ થી રિવાયત કરી. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવ્યું, ગાવાથી દિલમાં નિફાક (મુનાફિકપણુ) પેદા થાય છે જેવી રીતે પાણીથી ખેતી પેદા થાય છે."

**હદીષ-૧૦** : તિબ્રાનીએ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે, ગાવાથી અને ગાવાનું સાંભળવાથી ગીબતથી અને ગીબત સાંભળવાથી, ચુગલીથી ચુગલી કરવાથી અને ચુગલી સાંભળવાથી મના ફર્માવ્યું.

**હદીષ-૧૧** : બયહકીએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે "અલ્લાહ તઆલાએ શરાબ અને જુગારને અને ઢોલને હરામ કર્યુ અને ફર્માવ્યું કે દરેક નશાવાળી વસ્તુ હરામ છે."

**હદીષ-૧૨** : અબૂ દાઊદ હઝરતે આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરી કે કહે છે, ઢીંગલીથી રમ્યા કરતી હતી અને ક્યારેક રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એવા સમયે તશરીફ લાવતા કે છોકરીઓ મારી પાસે હોતી, જ્યારે હુઝૂર તશરીફ લાવતા તો છોકરીઓ જતી રહેતી અને જ્યારે હુઝૂર તશરીફ લઈ જતા તો છોકરીઓ આવી જતી."

**હદીષ-૧૩** : સહીહ બુખારી અને મુસ્લિમમાં હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે હું નબીએ કરીમ صلی اللہ علیہ وسلم ની ત્યાં ગુડિયા (ઢીંગલી) રમ્યા કરતી હતી અને મારી સાથે કેટલીક છોકરીઓ પણ રમતી, જ્યારે તશરીફ લાવતા તો તે સંતાઈ જતી, હુઝૂર તેમને મારી પાસે મોકલી દેતા અને તે મારી પાસે આવીને રમવા લાગતી.

**હદીષ-૧૪** : અબૂ દાઊદ હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત કે કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ તબૂક અથવા ખૈબરથી તશરીફ લાવ્યા અને તેમના તાખલા પર ગુડિયા (ઢીંગલી) હતી અને પર્દો પડેલો હતો. હવા ચાલી અને પર્દાનો કિનારો ખસી ગયો, હઝરતે આઈશા رضی اللہ عنہا ની ઢીંગલીઓ દેખાવા લાગી. હુઝૂરે ફર્માવ્યું, આઈશા આ શું છે ? અર્ઝ કરી, મારી ઢીંગલીઓ છે. આ ઢીંગલીઓની વચમાં કપડાનો એક ઘોડો જેના બે બાઝૂ (પાંખો) હતા. હુઝૂરે એ ઘોડાની તરફ ઈશારો કરીને ફર્માવ્યું, "ઢીંગલીઓની વચમાં આ શું છે ? "અર્ઝ કરી" આ ઘોડો છે." ઈર્શાદ ફર્માવ્યું, ઘોડાના આ શું છે ?" અર્ઝ કરી "આ ઘોડાના બાઝૂ" ઈર્શાદ ફર્માવ્યું "ઘોડાના માટે બાઝૂ ?" હઝરત આઈશા رضی اللہ عنہا એ અર્ઝ કરી "શું આપે એ નથી સાંભળ્યું કે હઝરત સુલેમાન علیہ السلام ના ઘોડાના બાઝૂ હતા, હુઝૂરે સાંભળીને તબસ્સુમ (મુસ્કુરાહટ) ફર્માવ્યું."

**મસ્અલા** : નગારું વગાડવું અગર ફખ્ર (અભિમાન) કરવા માટે હોય તો નાજાઈઝ છે અને અગર લોકોને ચેતવવા માટે હોય અથવા સૂર ફુંકવાનું

યાદ દેવડાવવા માટે હોય તો ત્રણ સમયમાં નગારું વગાડવાની ઈજાઈઝ છે. અસર પછી, ઈશા પછી અને અડધી રાત પછી કે આ સમયમાં નગારાને વગાડવું સૂર ફૂંકવા બરાબર છે. (દુર્રે મુખ્તાર) આ નિય્યત ઘણી સારી છે કે નગારું વગાડનારને પણ આનું ધ્યાન હોય અને ખાસ સાંભળનારને પણ નગારાનો અવાજ સાંભળી સૂર ફૂંકવાનું યાદ આવે, પરંતુ આ જમાનામાં એવા લોકો ક્યાં કે અહીંયા તો નગારુ વગાડવાનો ખયાલ ધૂમધામ અને શાદી વિવાહની રોનક અને શણગારનો છે.

**મસ્અલા :** ઈદના દિવસે શાદીઓમાં દફ વગાડવું જાઈઝ છે, જ્યારે કે દફ સાદા હોય. એમાં (ઝાંઝર) ઝંકાર ન હોય. અને મ્યુઝિકના કાયદાની રીતે ન વગાડવામાં આવે એટલે કે ફક્ત ઢપ ઢપના સૂર વગરના અવાજથી નિકાહનું એલાન મકસૂદ હોય. *(દુર્રે મુખ્તાર, આલમગીરી)*

**મસ્અલા :** લોકોને જગાડવા અને ખબરદાર કરવાના ઈરાદથી બ્યુગલ (વ્હિસલ) વગાડવું જાઈઝ છે જેવું કે બાથરૂમમાં વ્હિસલ એટલા માટે વગાડવામાં આવે છે કે લોકોને ખબર પડી જાય કે બાથરૂમ ખુલી ગયું. રમઝાન શરીફમાં સહરી ખાવાના સમયે કેટલાક શહરોમાં નગારું વગાડે છે જેનાથી એ મકસૂદ હોય છે કે લોકો સહરી ખાવા માટે જાગી જાય અને તેમને ખબર પડી જાય કે હજુ સહરીનો સમય બાકી છે, આ જાઈઝ છે કે આ પરિસ્થિતિ ખેલકૂદમાં નથી ગણાતી (દુર્રે મુખ્તાર) આ જ રીતે કારખાનાઓમાં કામ શરૂ થતા પહેલાં અને પૂરા થવાના સમયે સીટી વાગતી રહે છે, આ જાઈઝ છે કે રમત મકસૂદ થતી બલ્કે ચેતવણી આપવા માટે આ સીટી વગાડવામાં આવે છે. એ જ રીતે રેલગાડીની સીટીથી પણ આ જ હેતુ હોય છે કે લોકોને ખબર પડી જાય કે ગાડી છૂટી રહી છે અથવા આવી જ જાતના બીજા સાચા હેતુઓ માટે સીટી આપવામાં આવે છે એ પણ જાઈઝ છે.

**મસ્અલા :** પત્તા ચોસર રમવું નાજાઈઝ છે. શતરંજનો પણ આ જ હુકમ છે. આ જ રીતે ખેલકૂદની જેટલી વસ્તુઓ છે તમામ ખોટી છે ફક્ત ત્રણ રીતની રમતોની હદીષમાં ઈજાઝત છે પત્નીથી અને ઘોડાની સવારી અને તીરંદાજી. *(રદ્દુલ મોહતાર)*

**મસ્અલા :** સૂફી જમાનાનાં વાજિંત્રોની સાથે કવ્વાલી સાંભળે છે અને ક્યારેક ઉછળે છે કૂદે છે અને નાચવા માંડે છે **આ રીતનું ગાવું વગાડવું નાજાઈઝ છે આવી મહેફિલોમાં જવું અને ત્યાં બેસવું નાજાઈઝ છે.** મશાઈખથી આ જાતના ગાવાનો કોઈ સબૂત નથી. જે વસ્તુ મશાઈખથી સાબિત છે તે કેવળ એ છે કે જો ક્યારેક કોઈએ તેમની સામે શેર પઢયો જે તેમની હાલત કેફિયતના પ્રમાણે છે તો એમની પર કેફિયત તારી થઈ ગઈ અને બેખૂદ થઈને ઊભા થઈ ગયા અને આ હાલતે બે ખબરીમાં એમનાથી ઈખ્ત્યાર વગરની હરકતો જાહેર થાય એમાં કોઈ વાંધો નથી. મશાઈખ અને બુર્ઝુગાને દીનની હાલતો અને તેમની સૂફીયતવાળી હાલતોમાં જમીન આસમાનનો તફાવત છે. અહીયાં વાંજિત્રો સાથે મહેફિલો કરવામાં આવે છે જેમાં ફાસિકો અને ફાજિરોનો સમૂહ થાય છે, લાયકાત વગરના લોકો ભેગા થાય છે. ગાવાવાળાઓમાં વધારે પડતા શરીઅત વગરના હોય છે, તાલીઓ વગાડે છે અને વાંજિત્રોની સાથે ગાય છે, અને ઘણા ઉછળતા કૂદતા નાચતા હોય છે. અને તેમનું નામ વજદ રાખે છે. આ હરકતો સૂફિયાએ કિરામની હાલતોથી શું નિસ્બત રાખે છે ? અહીંયા તમામ વસ્તુઓ પોતાની મરજીથી થાય છે અને ત્યાં વગર મરજીથી થાય છે.

**મસ્અલા** : કબૂતર પાલવવું અગર ઉડાડવા માટે ન હોય તો જાઈઝ છે અને કબૂતરોને ઉડાવતો હોય તો નાજાઈઝ છે કારણ કે આ એક જાતની રમત છે અને કબૂતર ઉડાડવા માટે છત (અગાસી) પર ચઢે છે જેનાથી લોકોની બેપર્દગી થતી હોય અથવા ઉડાડવા માટે કાંકરીઓ ફેંકે છે તેનાથી લોકોના વાસણો તૂટવાનો ભય હોય તો એને સખ્તીથી રોકવામાં આવે અને સજા આપવામાં આવે અને તેમ છતાં પણ ન માને તો હુકૂમત તરફથી તેના કબૂતરને ઝબહ કરીને તેને આપી દેવામાં આવે જેથી કરીને કબૂતર ઉડાડવાની આદત બંધ થઈ જાય છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જાનવરોને લડાવવા દા.ત. મરઘો, બટેર, તેતર, ઘેટાં, ભેંસો વગેરે કે એ જાનવરોને અમુક લોકો લડાવે છે, આ હરામ છે. અને તેમાં ભાગ લેવો અથવા તેનો તમાશો જોવો પણ નાજાઈઝ છે.

**મસ્અલા** : કેરીની ઋતુમાં નવરોઝ કરવા નવ યુવાન છોકરીઓ બગીચાઓમાં જાય છે અને પછી છીલકાં ગોટલીથી રમે છે, એનો વાંધો નથી.

*(આલમગીરી)*

**મસ્અલા** : કુશ્તી લડવી એ ખેલકૂદ માટે ન હોય પણ એ માટે હોય કે શરીરમાં તાકત આવે અને કાફિરોથી લડવામાં કામ આવે, આ જાઈઝ અને સારું સવાબનું કામ છે, એ શરતની સાથે છે કે સતર છુપાયેલું રહે. આજકાલ નગ્ન થઈને ફક્ત એક ચડ્ડી અથવા જાંગિયો પહેરી લડે છે કે આખી જાંગ ખુલ્લી રહે તે નાજાઈઝ છે. હુઝૂરે અકદસ ﷺએ રુકાનાથી કુશ્તી લડી અને ત્રણ વખત પછાડયો, કારણ કે રુકાનાએ કહ્યું હતું કે મને પછાડશો તો હું ઈમાન લાવીશ, ત્યાર પછી આપ મુસલમાન થઈ ગયા. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મોહતાર)*

**મસ્અલા** : હંસી મજાકમાં જો બેહૂદા વાતો ગાળાગાળી અને કોઈ મુસલમાનને તકલીફ ન પહોંચતી હોય, ફક્ત મજા અને દિલ ખુશ કરવાવાળી વાતો હોય જેનાથી મેહફિલવાળાઓને હસી આવે અને ખુશ થાય, તેમાં કોઈ વાંધો નથી. *(આલમગીરી)*

## દયાદરામાં જશ્ને મેઅરાજુન્નબી ﷺ શાનો શૌકતથી મનાવાયો

**દયાદરા** : મુખ્તારુલ મસાજિદ ઉર્ફે નૂરાની મસ્જિદ દયાદરા ખાતે ૨૭ રજબ હિ.સ. ૧૪૪૭ અંગ્રેજી તા. ૧૬–૧–૨૦૨૬ જુમ્આના રોજ ઈશાની નમાઝ બાદ મેઅરાજુન્નબી ﷺના નૂરાની મોકા પર શાનદાર પ્રોગ્રામ થયો જેમાં ઈશાની નમાઝ બાદ મેહફિલે દુરૂદ તથા ખત્મે યાસીન શરીફ બાદ જનાબ કારી મકસૂદ અશરફી (પેશ ઈમામ) સાહબે પોતાના અનોખા અંદાઝમાં કલામે રઝા "કસીદએ મેઅરાજિયા" પેશ કર્યો. બાદમાં ઈસ્તિગફાર, ઝિક્ર બાદ રિક્કતઅંગેઝ અંદાઝમાં દુઆ કરવામાં આવી. સલાતો સલામ બાદ પ્રોગ્રામ ખત્મ થયો. બાદમાં લોકોએ નફલ નમાઝો અદા કરી હતી.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❐ **દયાદરા** : ખાતે તા. ૧૩–૧–૨૦૨૬, મુ. ચાંદ ૨૩ રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૪૭ના રોજ હજીયાણી જુબેદાબેન દાઊદ કરાવાલાનો લગભગ ૮૨ વરસની વયે ઈન્તેકાલ થયો છે.

**જેતપુર** : થી ગુલામ અહમદ નૂરી રઝવી જણાવે છે કે એમના બનેવી અનીસભાઈ બરકાતી તા. ૩–૧૨–૨૦૨૫ મુ. ચાંદ ૧૧ જમાદિઉલ આખર, હિ.૧૪૪૭ બુધવાર, લગભગ ૫૫ વરસની વયે ઈન્તેકાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન) –(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

# મસ્અલા 10

# અંબિયા عليهم السلام ના તસર્રુફાત (અખત્યારો)

## કિતાબ તથા સુન્નતની રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

ક઼ાદિરે મુત્લક઼ ﷻએ પોતાના મહબૂબ તથા મુક઼ર્રબ બંદાઓ : અંબિયા, અવલિયા, શહીદોને ઘણા બધા તસર્રુફાત (અધિકારો, અખત્યારો)ની કુદરત અતા કરી છે. દા.ત. :

★ બીમારને શિફા આપવી ★ નાબીના (અંધ)ને આંખોમાં રોશની આપવી ★ ફરિયાદ કરનારાઓની ઈમદાદ કરવી ★ મુશ્કેલીઓથી ભેટેલા મજબૂરીની દસ્તગીરી કરવી ★ જીત તથા હાર આપવી ★ મુડદાંને જીવંત કરવું વગેરે...

પણ વહાબી ફિર્ક઼ો ક઼ાદિરે મુત્લકના ઈઝ્ન તથા અતા કરવાથી પણ અંબિયા તથા અવલિયાના માટે આ પ્રકારના તસર્રુફાત માનવાને શિર્ક કહે છે.

### ★ અહલે સુન્નતની દલીલો ★

કુર્આને હકીમની ખૂબ જ અધિક આયતો અને અગણિત નબવી હદીષોથી અંબિયા તથા અવલિયાના માટે અલ્લાહના ઈઝ્ન (હુકમ)થી આલમમાં તસર્રુફાતની સાબિતી પૂરી પડે છે. અમે અહીં કેવળ અમુક આયતો તથા હદીષોના ઉલ્લેખ પર સંતોષ માનીએ છીએ પછી સ્પષ્ટ કરીશું કે વહાબી ફિર્ક઼ો આ આયતો તથા હદીષોથી આંખ આડા કાન કરે છે.

### ★ અલ્લાહની કિતાબથી તસર્રુફાતની સાબિતી ★

(૧) અલ્લાહ ﷻ હઝરત ઈસા علیہ السلامને પોતાના ખાસ ઈનામો યાદ અપાવતાં એમનાં તસર્રુફાત (અખત્યારો)નો ઉલ્લેખ કરે છે. ઈર્શાદ છે :

وَ اِذْ تَخْلُقُ مِنَ الطِّیْنِ كَهَیْـٴَـةِ الطَّیْرِ بِاِذْنِیْ فَتَنْفُخُ فِیْهَا فَتَكُوْنُ طَیْرًۢا بِاِذْنِیْ وَ تُبْرِئُ الْاَكْمَهَ وَ الْاَبْرَصَ بِاِذْنِیْۚ وَ اِذْ تُخْرِ جُ الْمَوْتٰى بِاِذْنِیْۚ

"અને જ્યારે તું માટી વડે પક્ષી જેવી મૂરત મારા હુકમથી બનાવતો છે, પછી તેમાં ફૂંક મારતો તો તે મારા હુકમથી ઉડવા લાગતી. અને તું જન્મજાત આંધળા અને સફેદ દાગવાળાને મારા હુકમથી શિફા આપતો, અને જ્યારે તું મુડદાંઓને મારા હુકમથી જીવતાં કાઢતો." *(સૂ. માઈદા, ૫/૧૧૦)*

આ આયતે કરીમાથી સાબિત થયું કે હઝરત ઈસા علیٰ نَبِیِّنَا وعلیہ الصّلاۃ والسلام અલ્લાહ તઆલાના ઈઝ્ન (હુકમ)થી :

★ માટીની મૂરતને પોતાની ફૂંકથી જીવતુ પક્ષી બનાવી દેતા.

★ માદરઝાદ (પેદાઈશી) આંધળાને આંખની રોશની અતા કરી આપતા.

★ સફેદ દાગવાળાને તુંદુરસ્ત સાજો કરી આપતા.

★ મુડદાંઓને જીવંત કરી આપતા.

આ વિના શંકાએ અલ્લાહ તઆલાની અતાથી હઝરત સૈયિદિના ઈસા علیٰ نَبِیِّنَا وعلیہ الصّلاۃ والسلام ના મહાન મોજિઝાઓ છે જે યક઼ીનન ! એમના મહાન તસર્રુફાતમાંથી છે.

(૨) બલ્કે ખુદ સૈયદના ઈસા علیہ السلامએ પણ પોતાના તસર્રુફાત (પહોંચ, અખત્યાર)નો ઉલ્લેખ કર્યો છે. જેમ કે સૂરએ આલે ઈમરાનમાં છે :

اَنِّیْ قَدْ جِئْتُكُمْ بِاٰیَةٍ مِّنْ رَّبِّكُمْ ۙ اَنِّیْۤ اَخْلُقُ لَكُمْ مِّنَ الطِّیْنِ كَهَیْـَٔةِ الطَّیْرِ فَاَنْفُخُ فِیْهِ فَیَكُوْنُ طَیْرًۢا بِاِذْنِ اللّٰهِ ۚ وَ اُبْرِئُ الْاَكْمَهَ وَ الْاَبْرَصَ وَ اُحْیِ الْمَوْتٰى بِاِذْنِ اللّٰهِ ۚ وَ اُنَبِّئُكُمْ بِمَا تَاْكُلُوْنَ وَ مَا تَدَّخِرُوْنَ ۙ فِیْ بُیُوْتِكُمْ ؕ اِنَّ فِیْ ذٰلِكَ لَاٰیَةً لَّكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِیْنَ ۝

(હઝરત ઈસા عليه السلامએ બની ઈસ્રાઈલથી ફર્માવ્યું :) "હું તમારી પાસે એક નિશાની લાવ્યો છું (જે મારા નબી હોવાની દલીલ છે) તમારા રબની તરફથી કે ★ હું તમારા માટે માટીથી પક્ષીઓ જેવી મૂરત બનાવું છું પછી એમાં ફૂંક મારું છું તો તે તરત પક્ષી બની જાય છે અલ્લાહના હુકમથી ★ અને હું શિફા આપુ છું પેદાઈશી આંધળા અને સફેદ દાગવાળાને ★ અને હું મુડદાં જીવંત કરુ છું અલ્લાહના હુકમથી અને તમને બતાવું છું જે તમે ખાવ છો ★ અને જે પોતાનાં ઘરોમાં એકત્ર કરી રાખો છો. બેશક ! એ વાતોમાં તમારા માટે મોટી નિશાની છે, જો તમે ઈમાન ધરાવો છો." *(સૂ. આલે ઈમરાન, ૩/૪૯)*

**(૩)** હઝરત દાઊદ عليه السلامને જે તસર્રુફાત અતા થયા તેનો ઉલ્લેખ આ આયતોમાં છે :

وَّ سَخَّرْنَا مَعَ دَاوٗدَ الْجِبَالَ یُسَبِّحْنَ وَ الطَّیْرَ ؕ وَ كُنَّا فٰعِلِیْنَ ۝

"અને દાઊદ عليه السلامની સાથે પહાડ મુસખ્ખર (તાબામાં) કરી આપ્યા કે તસ્બીહ કરતા અને પક્ષીઓ (તાબામાં કરી આપ્યાં) અને અમારાં કામ હતો. *(સૂરએ અંબિયા, ૨૧/૭૯)*

**(૪)** બીજી આયતમાં છે :–

وَ لَقَدْ اٰتَیْنَا دَاوٗدَ مِنَّا فَضْلًا ؕ یٰجِبَالُ اَوِّبِیْ مَعَهٗ وَ الطَّیْرَ ۚ وَ اَلَنَّا لَهُ الْحَدِیْدَ ۝

"અને બેશક ! અમે દાઊદને પોતાનો મોટો ફઝ્લ આપ્યો. હે પહાડો ! એની સાથે અલ્લાહની તરફ રુજૂઅ કરો. અને હે પક્ષીઓ ! અને અમે એમના માટે લોખંડ નરમ કર્યું." *(સૂ. સબા, ૩૪/૧૦)*

**(૫)** બીજી આયતમાં છે :–

وَ اذْكُرْ عَبْدَنَا دَاوٗدَ ذَا الْاَیْدِ ۚ اِنَّهٗۤ اَوَّابٌ ۝ اِنَّا سَخَّرْنَا الْجِبَالَ مَعَهٗ یُسَبِّحْنَ بِالْعَشِیِّ وَ الْاِشْرَاقِ ۝ وَ الطَّیْرَ مَحْشُوْرَةً ؕ كُلٌّ لَّهٗۤ اَوَّابٌ ۝ وَ شَدَدْنَا مُلْكَهٗ وَ اٰتَیْنٰهُ الْحِكْمَةَ وَ فَصْلَ الْخِطَابِ ۝

"અને અમારા બંદા દાઊદ નેઅમતોવાળાને યાદ કરો બેશક ! તે મોટો રુજૂઅ કરનારો છે. બેશક ! અમે તેમની સાથે પહાડ મુસખ્ખર (તાબામાં) કરી દીધા કે તસ્બીહ કરતા સાંજે અને સૂરજ ચમકતાં. અને પક્ષીઓ જમા કરેલાં, સૌ એનાં આજ્ઞાકિત હતાં. અને અમે તેની સલ્તનતને મજબૂત કરી અને તેને હિક્મત અને ફૈસલો કરનાર ક઼ૌલ આપ્યો.

*(સૂ. સાદ, ૩૮/૧૭ થી ૨૦)*

આ આયતોથી એ સાબિત થાય છે કે :

અલ્લાહ તઆલાએ દાઊદ عليه السلامના માટે :

★ પહાડોને મુસખ્ખર (સ્થગિત, તાબામાં) કરી આપ્યા.

★ અને પક્ષીઓને પણ સ્થગિત કરી આપ્યાં

★ અને લોખંડને નરમ કરી આપ્યું.

★ અને આપને મજબૂત સલ્તનત અતા કરી.

આ કુનના આલમમાં હઝરત દાઊદ عليه السلامના ઉઘાડા તસર્રુફો (અખત્યારો) છે જે ખુદાએ ક઼ાદિર તથા શક્તિવાળાએ આપને અતા કર્યા.

ખુદાએ ક઼દીરે હઝરત દાઊદ عليه السلامના અવાજમાં એટલી જબરદસ્ત તાષીર તથા ક્ષમતા આપી દીધી હતી કે આપની તસ્બીહ સાંભળીને પહાડ અને પક્ષીઓ પણ મોટા અવાજે તસ્બીહ શરૂ કરી આપતા. અને આપના હાથમાં ખુદાએ કાદિર વ તવાના (શક્તિશાળી)એ તે ઉષ્માવાળી અસર આપી હતી કે લોખંડ આપના હાથ મુબારકમાં આવતાં જ મીણની જેમ નરમ થઈ જતું. તો આ અલ્લાહની અતાથી આપનો અવાજ અને હાથનો તસર્રુફ (અખત્યાર) થયો જેને અલ્લાહ તઆલાએ

પોતાની તરફ સંબંધિત કર્યો છે. જેમ કે તે નબી કરીમ ﷺના ફેઅલ (કામ)ને પોતાનું કામ બતાવે છે :–

وَمَا رَمَيْتَ اِذْ رَمَيْتَ وَلٰكِنَّ اللّٰهَ رَمٰى

اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ

(અને હે મહબૂબ ! એ માટી જે તમે ફેંકી હતી, બલ્કે અલ્લાહે ફેંકી હતી. સૂ. અન્ફાલ, ૮/૧૭) (હે ઈમાનવાળાઓ ! અલ્લાહ વ રસૂલ ના બોલાવવા પર હાજર થઈ જાવ, જ્યારે રસૂલ તમને એ ચીજના માટે બોલાવે જે તમને જિંદગી બખ્શશે. *(સૂ. અન્ફાલ, ૮/૨૪)*

**(૬)** હઝરત સુલૈમાન علیہ السلامને કુદરતની તરફથી જે તસર્રુફાત (અખત્યારો) અતા થયા તેનું વર્ણન કુર્આને પાક આ રીતે કરે છે :

وَ لِسُلَيْمٰنَ الرِّيْحَ عَاصِفَةً تَجْرِيْ بِاَمْرِهٖۤ اِلَى الْاَرْضِ الَّتِيْ بٰرَكْنَا فِيْهَا ؕ وَ كُنَّا بِكُلِّ شَيْءٍ عٰلِمِيْنَ ۝ وَ مِنَ الشَّيٰطِيْنِ مَنْ يَّغُوْصُوْنَ لَهٗ وَ يَعْمَلُوْنَ عَمَلًا دُوْنَ ذٰلِكَ ۚ وَ كُنَّا لَهُمْ حٰفِظِيْنَ ۝

"અને સુલેમાનના માટે તેજ હવા સ્થગિત (તાબામાં) કરી આપી કે એના હુકમથી એ જમીનની તરફ ચાલતી જેમાં અમે બરકત રાખી, અને અમને દરેક ચીજની ખબર છે. અને શૈતાનોમાંથી તે જે એમના માટે ડૂબકી મારતા અને એના સિવાય અન્ય કામ કરતા અને અમે તેમને રોકી રાખેલા હતા." *(સૂ. અંબિયા, ૨૧/૮૨)*

**(૭)** અને રબ ફર્માવે છે :–

وَ لِسُلَيْمٰنَ الرِّيْحَ غُدُوُّهَا شَهْرٌ وَّ رَوَاحُهَا شَهْرٌ ۚ وَ اَسَلْنَا لَهٗ عَيْنَ الْقِطْرِ ؕ وَ مِنَ الْجِنِّ مَنْ يَّعْمَلُ بَيْنَ يَدَيْهِ بِاِذْنِ رَبِّهٖ ؕ وَ مَنْ يَّزِغْ مِنْهُمْ عَنْ اَمْرِنَا نُذِقْهُ مِنْ عَذَابِ السَّعِيْرِ ۝ يَعْمَلُوْنَ لَهٗ مَا يَشَآءُ مِنْ مَّحَارِيْبَ وَ تَمَاثِيْلَ وَ جِفَانٍ كَالْجَوَابِ وَ قُدُوْرٍ رّٰسِيٰتٍ ؕ

"અને સુલેમાનમાં વશમાં હવા કરી આપી તેની સવારની મંઝિલ એક મહીનાનો માર્ગ, અને સાંજની મંઝિલ એક મહીનાનો માર્ગ. અને અમે એમના માટે ઓગળેલા તાંબાનું ઝરણુ બનાવ્યું. અને જિન્નતોમાંથી તે જે તેની આગળ કામ કરતા તેના રબના હુકુમથી. અને જે એમનામાં અમારા હુકમથી ફરે તેને અમે ભડકતી આગનો અઝાબ ચખાડીશું. એના માટે બનાવતા જે તે ચાહતો ઊંચા ઊંચા મહેલ અને તસ્વીરો અને મોટા હોજોના બરાબર થાળી (લગન) અને લંગરદાર દેગો." *(સૂ. સબા, ૩૪/૧૨,૧૩)*

**(૮)** એક ઠેકાણે ફર્માવ્યું :–

قَالَ رَبِّ اغْفِرْ لِيْ وَهَبْ لِيْ مُلْكًا لَّا يَنْۢبَغِيْ لِاَحَدٍ مِّنْۢ بَعْدِيْ ۚ اِنَّكَ اَنْتَ الْوَهَّابُ ۝ فَسَخَّرْنَا لَهُ الرِّيْحَ تَجْرِيْ بِاَمْرِهٖ رُخَآءً حَيْثُ اَصَابَ ۝ وَ الشَّيٰطِيْنَ كُلَّ بَنَّآءٍ وَّ غَوَّاصٍ ۝ وَّ اٰخَرِيْنَ مُقَرَّنِيْنَ فِي الْاَصْفَادِ ۝

"(હઝરત સુલૈમાને) અર્ઝ કરી, હે મારા રબ ! મને બખ્શી આપ ! અને મને એવી સલ્તનત અતા કર કે મારા બાદ કોઈને લાયક ન હોય. બેશક ! તું જ છે ઘણી દેનવાળો. તો અમે હવા તેના તાબામાં કરી આપી કે તેના હુકમથી નરમ નરમ ચાલતી જ્યાં તે ચાહતો અને દેવ (જિન્નાત) વશમાં કરી આપ્યા દરેક મેઅરાર (ઈમારત બનાવનાર) અને ડૂબકી મારનાર અને બીજા જે બેડીઓમાં જકડાયેલા." *(સૂ. સાદ, ૩૮/૩૫ થી ૩૮)*

આ આયતો હઝરત સુલેમાન علیہ السلامના માટે આ તસર્રુફાતની સાક્ષી છે :

★ હવા આપના કન્ટ્રોલમાં છે જે આપના હુકમથી મહીનાઓના રસ્તા અમુક ઘડીઓમાં પાર પાડે છે.

★ જિન તથા શયતાનો આપના ફર્માનના તાબે છે જેઓ આપના હુકમના પ્રમાણે જાત જાતના મહેલ બનાવતા તથા અન્ય મુશ્કેલ કામો અંજામ આપે છે.

★ અને એમનામાં જેઓ શરારતી તથા ફિત્નાપરવર છે તેમના પગોમાં બેડીઓ નાખીને કેદ કરી આપેલા છે. (ક્રમશઃ)

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન

ત્રીજી સદીના મુજદ્દિદ ૫

# હઝરત અબૂ જઅફર મુહમ્મદ બિન જરીર તિબરી رضی اللہ عنہ

**(હિ.સ. ૨૨૪ થી ૩૧૦)**

*(કાર્યાલય)*

**હદીષનો ઈલ્મ :** ઈલ્મે હદીષમાં આપનો પાયો ખૂબ જ બુલંદ હતો. મુહદ્દિષોના વર્તુળમાં હદીષની ખિદમતના લેહાઝથી આપનો મક઼ામ અગ્રગણ્ય છે. ઈમામ ઝહબી "કિતાબુલ ફઝાઈલ"ના તરીક઼ાના બારામાં ફર્માવે છે : મેં એક જિલ્દ (ભાગ) પર આધારિત ઈબ્ને જરીરની આ કિતાબ જોઈ છે જેમાં આ હદીષના તમામ તર્ક઼ (તરીક઼ા) અને સર્વ સનદો ભેગી કરી આપી છે. હું એ કિતાબમાં હદીષની આટલી અધિક સનદો જોઈને આશ્ચર્યમાં ડૂબી ગયો. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ૨/૨૫૩)*

ઈમામ નવવી કહે છે કે તેમની ગણના તિર્મિઝી તથા નસાઈના તબક઼ામાં છે અને એમના મશાઈખ તેઓ જ છે જે બુખારી તથા મુસ્લિમના મશાઈખ છે. *(તહઝીબુલ અસ્મા, ૧/૮૨)*

**ઈતિહાસની ખિદમત :** આપે તારીખ (ઈતિહાસ)માં એક કિતાબ "તારીખુલ ઉમમ વલ મલૂક" લખી જેમાં પોતાની અસાધારણ કોશિશ થકી માલૂમાતનો વિશાળ તથા અણમોલ ખજાનો મેહફૂઝ કરી આપ્યો. એ રીતે પોતાના સમકાલિન અને બાદના ઈતિહાસકારો માટે એક જબરદસ્ત ઈન્સાયકલોપિડિયા પૂરો પાડયો. ઈબ્ને ખલ્ક઼ાનનું બયાન છે કે આ કિતાબ અસ્સહુત્તારીખ છે

આ કિતાબની શરૂઆત એક લાંબી પ્રસ્તાવનાથી શરૂ થાય છે. ત્યાર બાદ સૃષ્ટિનું સર્જન, આદમનું સર્જન, અંબિયાનો ઈતિહાસ, પૂરાણી ક઼ૌમો, ઈરાનના સાસાની (વંશ)ના બાદશાહો, અને યૂનાન તથા રોમના ઈતિહાસ પર ઉપર છલ્લી નજર નાખવામાં આવી છે. પછી રસૂલુલ્લાહ ﷺની સીરત, ખુલફાએ રાશિદીન, ખુલફાએ બની ઉમૈયા, ખુલફાએ બની અબ્બાસના હાલાત તથા કૈફિયતો બેહતરીન અંદાઝમાં વર્ણવવામાં આવેલ છે. આ રીતે આ ઈતિહાસ સૃષ્ટિની પેદાઈશથી લઈને હિ.સ. ૩૦૨ સુધીના બનાવો તથા ઘટનાઓને સમાવે છે.

**કલમી જવાહિર પારે (આપની કિતાબો) :** આપે વિવિધ ઈલ્મો વિદ્યાકલાઓમાં વિવિધ કિતાબો લખેલી છે. આપના કષીરુત્તસાનીફ (અધિકતર કિતાબોના લેખક) હોવાનો અંદાઝો હાફિઝ ઝહબીના આ કથનથી લગાડી શકાય છે : "આપ દરરોજ ૭૦ પાનાં લખતા હતા." આપની કેટલીક મહત્વની કિતાબોનાં નામો નીચે મુજબ છે :

(૧) જામિઉલ બયાન અન તાવીલિ આયલ કુર્આન (૨) તારીખુલ ઉમમ વલ મલકિલ મઅરૂફ બતારીખે તિબ્રાની (૩) કિતાબે તારુખુલ રિજાલ (૪) તલીફુલ ક઼ૌલ ફી અહકામિશ્શરાએઉલ ઈસ્લામ (આ આપના મઝહબે મુખ્તારનો સમૂહ છે) (૫) કિતાબુલ કિ઼રાઅત વત્તન્ઝીલ વલ અદદ (૬) કિતાબે ઈખ્તિલાફુલ ઉલમા ઈલ અમ્સાર (૭) કિતાબુલ ખફીફ ફી અહકામિ શરાએઈલ ઈસ્લામ (૮) કિતાબુત્તબસીર (અહલે તિબ્રિસ્તાનના વિશે એક કિતાબ) (૯) તહઝીબુલ આષાર (૧૦) કિતાબુલ બસીત (૧૧) કિતાબુલ ફસ્લ બયનુલ કિ઼રાઅત (૧૨) કિતાબુલ ફઝાઈલ (૧૩) કિતાબુલ મુહાઝિરાત વસ્સજલાત (૧૪) કિતાબુત્તરતીબુલ ઉલમા (૧૫) મુખ્તસરુલ મનાસિક (૧૬) મુખ્તસરુલ ફરાઈઝ (૧૭)

કિતાબિ સહીહુસ્સુન્નહ (૧૮) અલ મસ્નદુલ મખરજ (૧૯) કિતાબુલ મુઝય્યલ (૨૦) કિતાબ અહાદીષે ગદીરે ખુમ (૨૧) ઈબારતુર્રુઅ્યા. *(નાતમામ)*

**વિસાલે પુરમલાલ** : ઈલ્મો વિદ્યાઓનો આ નય્યરે તાબાં (ચમકતો તારો) ૨૬ શવ્વાલ શનિવારના દિવસે હિ.સ. ૩૧૦માં હમેશાં માટે અસ્ત થઈ ગયો. મહોલ્લા રહબા યાકૂબમાં રવિવારે દફન કરવામાં આવ્યા જ્યાં આપનુ મઝાર મુબારક આમ તથા ખાસ લોકોનું ઝિયારતગાહ છે. *(મોઅજમુલ અદબા, ૧૮/૪૦)*

**કેટલાંક તજદીદી કારનામાં** : ફર્માને રસૂલ ﷺ :–

إن الله يبعث لهذه الأمة على رأس كل مائة سنة من يجدد لها دينها

ના મુજબ નવા ઉપસ્થિત થનારા મસાઈલના કારણે અલ્લાહ તઆલા દરેક સદીમાં એક અથવા વિવિધ મુજદ્દિદોને મબ્ઊષ ફર્માવે (મોકલે) છે જે સુન્નતની મદદ તથા હિમાયત અને બિદઅતની જડ કાપવામાં તથા તેના મૂળીયાં નષ્ટ કરવામાં સક્રિય રહે છે. દીનની હિફાઝતની દરેક શક્ય તદબીર અપનાવે છે. ઈસ્લામ દુશ્મન માન્યતાઓ તથા ખયાલોની વિરૂધ્ધ ઢાલ બનીને રહે છે. એ જ નફૂસે કુદસિયા (પવિત્ર હસ્તીઓ)ના ક્રમની એક સોનેરી કડી મુહમ્મદ બિન જરીર તિબરી رحمۃ اللہ علیہ પણ છે. નીચેના લખાણમાં આ મુજદ્દિદનાં અમુક તજદીદી કારનામાં વર્ણવવામાં આવી રહ્યાં છે :

લાંબા અરસા સુધી ઈલ્મ પ્રાપ્તિ બાદ જ્યારે અલ્લામા ઈબ્ને જરીર તિબરી رحمۃ اللہ علیہ પોતાના વતન તિબ્રિતાન પરત થયા તો જોયું કે લોકોના અક઼ીદાઓમાં બગાડ પેદા થઈ ચૂક્યો છે. રિફ્ઝ તથા તશઈ (શીયાપણા)ના આધાર પર સહાબાએ કિરામની શાનમાં ગુસ્તાખીઓ કરવામાં આવી રહી છે, એમના પર ગાળ ગલોચનો ધંધો સામાન્ય થઈ ગયો છે, બલ્કે અમુકને છોડીને સૌ (સહાબા)ને મઆઝલ્લાહ ! કાફિર તથા મુશ્રિક ઠરાવવામાં આવી રહ્યા છે. ત્રણ ખલીફાની ખિલાફતે રાશિદાને ખિલાફતે ગાસિબા (પચાવી પાડેલ) કહેવામાં આવી રહી છે. અંબિયાએ કિરામથી ઈમામોને અફઝલ બતાવવામાં આવી રહ્યા છે.... આપે આ હાલતમાં રાફઝીઓની રદ શરૂ કરી અને શયખૈન (અબૂક્ર, ઉમર رضی اللہ عنہما)ના ફઝાઈલ વર્ણન કર્યા. છેવટે સમયની હુકૂમતના વિરોધનો સામનો થયો અને વતન ત્યાગ કરીને ઉરૂસુલ બિલાદ બગદાદમાં સ્થાયી થઈ ગયા, જ્યાં આપ પૂરી જિંદગી બિદઅતોની જડો કાપવામાં તથા તેના મૂળીયાં ઉખાડવામાં વ્યસ્ત રહ્યા.

*(મોઅજમુલ અદબા, ૧૮/૮૫,૮૬)*

જ્યારે બગદાદમાં "હદીષે ગદીરે ખુમ"ને જૂઠલાવવામાં આવી અને હઝરત અલી رضی اللہ عنہના ફઝાઈલ તથા કમાલ પર આંગળી ચીંધવામાં આવી તો આપે તેનો જડબાતોડ જવાબ આપ્યો. જેમ કે એક શખ્સે કહ્યું કે હુઝૂર ﷺએ "ગદીરે ખુમ"ના દિવસે હઝરત અલી رضی اللہ عنہના ફઝાઈલ તથા કમાલ વર્ણવ્યા અને તે ત્યાં મૌજૂદ ન હતા બલ્કે આ બનાવ વખતે યમનમાં હતા. તેમજ એ શખ્સ દરેક જગાએ એ જ કહેતો ફરતો હતો કે હદીષ :

من كنت مولاه فعلى مولاه ، اللهم وال من والاه و عاد من عاداه

(હું જેનો મૌલા છું તેની અલી મૌલા છે.)ની નિસ્બત હુઝૂર ﷺની તરફ જાઈઝ નથી. જે એને આપ ﷺની પ્રતિ સંબંધિત કરશે તે من كذب على متعمداً فليتبوأ مقعده من النار (જેણે મારા પ્રતિ ઈરાદાપૂર્વક જૂઠની નિસ્બત કરી તેણે પોતાનુ ઠેકાણુ જહન્નમમાં શોધી લેવું જોઈએ) નો મિસ્દાક થશે. તેમજ એ શખ્સે "ક઼સીદએ

મઝદૂજહ''ની અંદર કેટલાક શેઅરો કહ્યા જેમાં હદીષ ''ગદીરે ખુમ''ને જૂઠલાવવા તરફ નિર્દેશ કર્યો :

ثم مررنا بغدير خمّ　　كم قائل فيه بزور جم
على علي والنبي الأمي

જ્યારે આ ફિત્નાએ પોતાના બાલ તથા પાંખો કાઢવાનું શરૂ કર્યું તો નજીક હતું કે લોકો તેના ધોકામાં આવી જઈને અહલે બયતની મહોબ્બતથી દૂર થઈ જતા જેના બારામાં હુઝૂર ﷺએ ફર્માવ્યું હતું : ''હે લોકો ! તમારા વચ્ચે બે ચીજો છોડુ છું, જો તમે એને મજબૂતીથી થામીને રહેશે તો કદી ગુમરાહ ન થશો, એક કુર્આન અને બીજા અહલે બયત.''

જ્યારે આપને આ ફિત્નાની ખબર પહોંચી તો આપે તેને રદિયો આપ્યો અને અલી ઈબ્ને અબી તાલિબ کرم اللہ وجہہ الکریم ના ફઝાઈલ વર્ણન કર્યા અને હદીષે ગદીરે ખુમના તરીકાને એ અંદાઝમાં વર્ણવ્યો કે ખૂબ જ મોટી સંખ્યામાં લોકો એને સાંભળવા માટે ભેગા થઈ ગયા. *(મોઅજમુલ અદબા, ૧૮/૮૪,૮૫)*

ઈમામ ઝહબીએ ફર્માવ્યું : ''આપે હદીષે ગદીરે ખુમની અસ્નાદોને ચાર ભાગોમાં ભેગી કરી. મેં તેનો એક હિસ્સો જોયો તો તેની રિવાયતોની વિશાળતાએ મને આશ્ચર્યમાં નાખી દીધો અને તેના વકૂઅ (ખરેખર હકીકત હોવા)નું યકીન થઈ ગયું.

જ્યારે બગદાદમાં શયખૈન (અબૂબક્ર, ઉમર رضی اللہ عنہما) પર કીચડ ઉછાળવામાં આવ્યું અને તેમને ગાળો આપવામાં આવી તો આપે લોકોને ધમકાવ્યા (ચેતવ્યા) અને હઝરત અબૂબક્ર, ઉમર رضی اللہ عنہماના ફઝાઈલ વર્ણવ્યા. એના અનુસંધાનમાં આપે ''કિતાબુલ ફઝાઈલે અબૂબક્રો ઉમર رضی اللہ عنہما'' લખી. નકલ થયેલ છે કે મુહમ્મદ બિન સહલે મુહમ્મદ બિન જરીર તિબરી رضی اللہ عنہને જોયા કે સાલેહ આલમ સાથે વાતચીતમાં વ્યસ્ત છે. સંજોગોવસાત હઝરત અલી رضی اللہ عنہની વાત નીકળી પડી તો મુહમ્મદ બિન જરીર તબરીએ કહ્યું :–

من قال إن أبا بكر و عمر ليسا بإمامى هدي ايش هو ؟
قال ابن صالح : مبتدع فقال ابن جرير انكاراً عليه
مبتدع مبتدع ، هذا يقتل

(જેણે એવું કહ્યું કે અબૂબક્ર તથા ઉમર મારા ઈમામ નથી...એની શું હૈસિયત છે ? ઈબ્ને સાલેહે કહ્યું, એ મુબ્તદિઅ (દીનમાં બગાડ પેદા કરનાર) છે. ઈબ્ને જરીરે કહ્યું, એમની ઈમામત પર ઈન્કાર કરનાર એ મુબ્તદિઅ છે ! એ મુબ્તદિઅ છે ! એને કત્લ કરી દેવા જોઈએ) *(સિયરો અઅલામિન્નુબલા, ૧૧/૨૯૬)*

જ્યારે બગદાદમાં જાહિલ હંબલીઓની અંદર ઈમામ અહમદ બિન હંબલના સંબંધે જુલૂસે અલીયુલ અર્શનો અકીદો જોર પકડવા લાગ્યો તો આપે એનો સખત વિરોધ કર્યો અને હક્ક વાત કરી આપી. એના લીધે આપે મુસીબતો તથા તકલીફોનો સામનો પણ કરવો પડયો. જેમ કે બગદાદના રોકાણના જમાનામાં જ્યારે હંબલીઓએ જુલૂસે અલીયુલ અર્શના બારામાં પૂછયું તો આપે ફર્માવ્યું : આ મુહાલ (અશક્ય) છે. પછી આપે આ શેઅર પઢયો :

سبحان من ليس له أنيس　　ولا له في عرشه جليس

અર્થ : અલ્લાહ પાક છે તેનો કોઈ અનીસ (સહારો આપનાર) નથી. તેના અર્શમાં તેનો કોઈ સાથી નથી.

જ્યારે વિવિધ હંબલીઓએ આપનાથી આ વાત સાંભળી તો ગુસ્સે થઈ ગયા અને હજારોની સંખ્યામાં આપની વિરૂધ્ધ આપની સામે ઉભા થઈ ગયા. આપ મજલિસથી ઉઠયા અને પોતાના ઘરે તશરીફ લઈ ગયા તો તેમણે પથ્થરમારો શરૂ કરી આપ્યો. જ્યારે નાઝુક નામના પોલીસ ઓફિસરને માલૂમ પડયું તો

દસ હજાર લશ્કર લઈને આપના રક્ષણ માટે હાજર થયો અને લોકોને આપના દરવાજાથી ખસેડીને ત્યાંથી પથ્થર ઉઠાવવાનો હુકમ આપ્યો.

*(મોઅજમુલ અદબા, ૧૮/૮૫,૮૭)*

આપે અહલે એઅતેઝાલના સર્વ ખબીષ કથનોની પુરજોશ રદ કરી. જેમ કે ખલ્કે કુર્આન (કુર્આનને મખ્લૂક કહેવા)ના મસ્અલામાં ઈમામ અહમદ બિન હંબલનો મૌકફ અપનાવ્યો અને પોતાની કિતાબમાં એના પર દલીલો સ્થાપિત કરી. જ્યારે કેટલાક ગમરાહ લોકોએ રૂયતે બારી તઆલા (રબના દીદાર)નો ઈન્કાર કર્યો તો આપે એ મસ્અલા પર કલમ ઉઠાવી રદ કરતી દલીલોથી સજ્જ કરીને એ સાબિત કરી આપ્યું કે રૂયતે બારી તઆલા (રબનો દીદાર) જાઈઝ છે અને અલ્લાહ તઆલા કયામતમાં મોમિનને પોતાના દીદારથી સરફરાઝ ફર્માવશે. અને જ્યારે કેટલાક માથા કરેલા લોકો શફાઅતને બાતિલ ઠરાવવા લાગ્યા તો આપે કુર્આન તથા હદીષથી તેમને જડબાતોડ જવાબ આપ્યો. આ સર્વ વાતોનું સમર્થન આપની કિતાબ ''જામિઉલ બયાન અન તાવીલિ આયલ કુર્આન''થી કરી શકાય છે.

આપ સુન્નતે રસૂલ ﷺ પર સખ્તીથી અમલકર્તા હતા. એનાથી બાલ બરાબર પણ અલગ થતા ન હતા. જ્યાં સુધી આપ જીવંત રહ્યા રસૂલુલ્લાહ ﷺની પ્યારી સુન્નતને જીવંત રાખી. જેમ કે મૃત્યુ વેળાની બીમારીમાં જ્યારે આપને કહેવામાં આવ્યું કે ઝોહરની નમાઝ લેટ કરીને તેને અસરની સાથે મિલાવીને પઢો. તો આપે ઈન્કાર કરી આપ્યો અને ઝોહર તથા અસરની નમાઝ પોત પોતાના સમયમાં અદા કરી. *(મસ્દરે સાબિક, તલ્ખીસ, પેજ–૫૭,૫૮)*

આપે તફસીર, ફિક્હ, હદીષ, કિરાઅત અને તારીખ (ઈતિહાસ) વગેરે વિવિધ ઈલ્મો વિદ્યાકલાઓમાં વિવિધ કિતાબો લખીને મુસ્લિમ ઉમ્મતના માટે ઈસ્લામી જાણકારીનો એવો ઈન્સાયકલોપીડિયા પૂરો પાડયો જેની રોશનીમાં આજના ઉલમાએ કિરામ તથા મહાન ફકીહો رحمۃ اللہ علیہم સુન્નતોની નુસ્રત તથા હિમાયત અને બિદઅતોના ખાત્મામાં કાર્યરત છે.

આ અઝીમુશ્શાન કારનામાઓની રોશનીમાં આપની જિંદગીનું એ પાસુ ચમકતા સૂરજ જેમ રોશન થઈ જાય છે કે આપ એક એવા મહાન મુજદ્દિદ છે જેમની પૂરી જિંદગી હક્કને સાબિત કરવામાં અને બાતિલની રદમાં ગુજરી. (સંપૂર્ણ)

**કાદરી સુન્ની કમિટી**

*૭–અતાએ શાહે આલમ, અમ્માર ટેનામેન્ટ બેંક ઓફ બરોડા લેન, વિશાલા સર્કલ પાસે, સરખેજ રોડ, અહમદાબાદ–૩૮૦૦૫૫ Mo. 99137 68553*

આ સંસ્થા હઝરત સૈયદ તુફેલ અહમદ સફીયુલ્લાહ દરિયાઈની સદારતમાં ઈ.સ. ૨૦૧૫ દીની સુન્ની સાહિત્યનો પ્રકાશન ક્ષેત્રે કામ કરી રહેલ છે. ફ્રીમાં કિતાબો ગુજરાતભરમાં પહોંચાડી રહેલ છે. ઈમાનની પુખ્તગી તથા અમલોની ઈસ્લાહ કરતી સુન્ની ઉલમાની કિતાબો ગુજરાતીમાં મેળવવા સંપર્ક કરો તેમજ શક્ય તે મદદ કરશો. વધુ માટે ફોન પર સંપર્ક કરી શકો છો.

**NAME : PIRZADA SAFIULLAH FATEHMOHMD**

**BANK OF BARODA** IFSC : BARBODBJUHA **ACCOUNT NO. : 73250100000037**

રૂહાનિયત તથા તસવ્વુફના
વિષય પર વિશ્વ વિખ્યાત મક઼બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

(તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)

(હફ્તો : ૯)

**ફારસી લેખક** : વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફ્તી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*اَلْحَمْدُ لِلّٰہ આ લેખમાળા ક્રમશઃ રજૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*
*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો તો જરૂર હિદાયત પામશો, ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

સૂફિયાએ કિરામને જોનારાઓના વિવિધ તબક઼ા (વર્ગો) છે :

**(૧)** કોઈ તો એમના જાહેરી મામલાઓ તથા તેમની ખાસિયતો પર નજર નાખે છે. **(૨)** અને કોઈ બાતિની (આંત્રિક) સફાઈ, દિલની ચમક, ગુપ્ત રહસ્યો, પ્રાકૃતિક સુંદરતા, મિજાઝનુ મધ્યમપણુ અને દીદારે રબ્બાનીના રાઝોમાં સેહતે મુશાહદા (દર્શનની સત્યતા)ને જુએ છે જેથી મુહક્કિ઼કોનો કુર્બ (નઝદીકી) અને તેમની રિફઅતે કુબ્રા (ઉચ્ચ સ્થાન)ને જુએ અને તેમનાથી નિયાઝમંદીનો શરફ બજાવી લાવીને તેમના મક઼ામથી સંબંધિત થઈ જાય, યોગ્ય સંબંધ પેદા કરીને બસીરત હાંસલ કરે. કેમ કે તેમના હાલની શરૂઆત હાલતોના કશ્ફ અને નફસાની ખ્વાહિશો અને તેની લિજ્જતોથી દૂર રહેવા પર આધારિત હોય છે.

**(૩)** એક વર્ગ એવો છે જે શરીરની દુરુસ્તગી, દિલની પાકીઝગી અને દિલના સુકૂન તથા સલામતીને તેમના જાહેરી હાલમાં જોવા ચાહે છે જેથી તે શરીઅત પર અમલ કરવા અને તેના મુસ્તહબો તથા આદાબ (નિયમો)ની હિફાઝત અને આપસી મામલાઓમાં હુસ્ને અમલ (સદવર્તાવ)ને જોઈ શકે અને તેમની સોહબત અપનાવીને હાલની સુધારણા કરી શકે. આ વર્ગના હાલની શરૂઆત રિયાઝત તથા મુજાહિદા અને સદ વ્યવહાર પર આધારિત છે.

**(૪)** એક વર્ગ એવો છે જે ઈન્સાની અખ્લાક તથા મુરવ્વત (માણસાઈ) તથા વર્તાવ, સોહબત તથા સહવાસની પધ્ધતિ અને તેમના કાર્યોમાં હુસ્ને સીરત (સારી આદતો)ની શોધ કરે છે જેથી તેમની જાહેરી જિંદગીમાં મુરવ્વત તથા વર્તાવની ખૂબી, મોટાઓની તાઝીમ, નાનાઓ પર પ્રેમભાવ તથા મહેરબાની, અને સગાંઓ તથા ભાઈ બહેનો સાથે સદવર્તાવ તથા ઉદારતાને જોઈને તેમની ક઼નાઅત (થોડામાં રાજી રહેવા)નો અંદાઝો લગાડે અને તેમની તલબ તથા

બેનિયાઝીથી કુર્બ હાંસલ કરીને તેમની સોહબત અપનાવે અને આસાન જિંદગી બસર કરે અને પોતાને નેક બંદાઓની ખિદમતના માટે વકફ કરી આપે.

**(૫)** એક વર્ગ એવો છે જેને તબીઅતની સુસ્તી, નફસની બડાઈ, જાહ તલબી (મોટાઈ, ઠાઠમાઠની ખ્વાહિશ) અને વિના ફઝીલતે ઉચ્ચ મક઼ામની ખ્વાહિશ અને બેઈલ્મ હોવા છતાં અહલે ઈલ્મની ખાસિયતોની તલબે ભટકતા કરી દીધા છે. **તેઓ પોતે ખુદ જાણે છે કે તેમનામાં આ જાહેરી દેખાડા સિવાય કાંઈ પણ નથી !** તેઓ કેવળ જાહેરી લાલચમાં તેમની સોહબત અપનાવે છે અને ચાપલૂસીના તરીકા પર તેમની સાથે અખ્લાક તથા કરમનું પ્રદર્શન કરે છે અને "સુલેહકુલ્લી" બનીને તેમની સાથે જીવન વીતાવે છે. એના લીધે એમનાં દિલો પર હક્કાની વાતોની અસર નથી થતી. અને તેમનાં શરીરો પર તરીક઼તની પ્રાપ્તિ મુજાહિદાઓની કોઈ નિશાની પેદા નથી થતી તેમ છતાં તેઓ ખ્વાહિશમંદ હોય છે કે મુહક્કિ઼કોની જેમ લોકો તેમની તાઝીમ કરે તેમને સન્માન આપે અને તેમનાથી એવા ડરે જેમ કે અલ્લાહ તઆલાના ખાસ અવલિયાએ કિરામથી પબ્લિક ડરેલી રહે છે. તેઓ ચાહે છે કે તેમની પોતાની આફતો તેમની સલાહ (અચ્છાઈ)માં છુપી રહે. એવા લોકો એ સૂફિયાએ કિરામના જેવો દેખાવ સ્ટાઈલ અપનાવે છે. જો કે એમનો લિબાસ તેમના મામલાની દુરુસ્તગી વિના તેમના ધોકા પ્રપંચનો પર્દો ચીરી નાખે છે. એવા ધોકા પ્રપંચનો લિબાસ ક઼યામતના દિવસે અફસોસ તથા શર્મિંદગીનો સબબ બનશે. એવા લોકોના બારામાં હક્ક઼ તઆલાનો ઈર્શાદ છે : مَثَلُ الَّذِيْنَ حُمِّلُوا التَّوْرٰىةَ (એમનું દષ્ટાંત જેમના પર તૌરાત રાખવામાં આવી હતી, પછી તેમણે તેમના હુકમનું પાલન ન કર્યું. સૂ. જુમા, ૬૨/૫)એ લોકોનું દષ્ટાંત જેમણે તૌરાત પર અમલ નથી કર્યો એ ગધેડાની જેમ છે જે કિતાબોનો બોજ ઉઠાવેલ હોય.

કેટલુ બુરુ દષ્ટાંત છે એ ક઼ૌમનું જેણે અલ્લાહની આયતોને જૂઠાલાવી. અલ્લાહ તઆલા જાલિમ ક઼ોમો પર હિદાયતના દરવાજા બંધ કરી દે છે. વર્તમાનકાળમાં આ પ્રકારના લોકો ખૂબ જ અધિક પ્રમાણમાં છે, જેથી જ્યાં સુધી થઈ શકે એવાઓથી બચવાની કોશિશ કરો અને તેમની તરફ તદ્દન ધ્યાન ન આપો, એટલા માટે કે આવા નકલી સૂફીઓથી જો તમે હજારવાર સુલૂક તથા તરીક઼ત હાંસલ કરવાની કોશિશ કરી તો એક ક્ષણ માટે પણ તરીક઼તનો દામન હાથ આવશે નહીં. **આ માર્ગ કેવળ ગોદડી (સૂફી જેવો લિબાસ) પહેરવાથી પાર નથી પડતો બલ્કે એ મંઝિલ રિયાઝત તથા મહેનતથી મળે છે.** જે શખ્સ તરીક઼તથી માહિતગાર અને તેનાથી વાકેફ થઈ ગયો તેના માટે તવંગરીવાળો લિબાસ પણ ફકીરાના પોશાક છે, અને જે એનાથી અજાણ તથા ઓળખ વિનાનો છે તેના માટે ફક઼ીરાના ગોડદી નહૂસત તથા દુર્દશાની નિશાની છે, અને આખેરત બદબખ્તી તથા દુર્ભાગ્યતાની નિશાની છે.

એક બુઝુર્ગનો બનાવ છે કે તેમણે કોઈને પૂછયું : "આપ ગોદડી કેમ નથી પહેરતા ? તેમણે કહ્યું, નિફાક઼ (મુનાફિકપણા)ના ડરથી ! એટલા માટે કે મર્દાને ખુદાનો (વલીઓનો) લિબાસ પહેરવાથી એ મામલાઓનો બોજ ઉઠાવવાની શક્તિ નથી આવી જતી. મર્દાને ખુદાનો લિબાસ પહેરવો અને તેમનો બોજ ન ઉઠાવવો જૂઠ તથા મુનાફિક઼પણુ છે.

જો આ ફક઼ીરોનો (વલીઓનો) લિબાસ તમે એટલા માટે પહેરો છો કે અલ્લાહ તઆલા તમને ઓળખે કે તમે એના ખાસ બંદાઓ છો, તો એ લિબાસ વિના પણ જાણે છે. અને જો એટલા માટે પહેરો છો કે લોકો તમને ઓળખે કે તમે ખુદાના ખાસ બંદા છો. જો ખરેખર તમે એવા હોવ તો પણ એ રિયાકારી થશે.

હક઼ીક઼ત એ છે કે આ રાહ ખૂબ મુશ્કેલ તથા ખતરાથી ભરપુર છે અને હક્ક઼વાળા એનાથી પર છે કે તે કોઈ ખાસ લિબાસ અપનાવે.

الصَّفَا مِنَ اللّٰهِ تَعَالٰی اِنْعَامٌ وَ اِکْرَامٌ وَ الصُّوْفُ لِبَاسُ الْاَنْعَامِ

તઝકિયાએ નફ્સ (નફસની પાકી) અને અંતરની સફાઈ અલ્લાહ તઆલાની તરફથી બંદા પર ફઝ્લો કરમ છે, નહીં તો સૌફ એટલે ઊન તો ચોપગાંઓનો લિબાસ છે. લિબાસ તો એક હીલો તથા બહાનુ છે. એક વર્ગે તો લિબાસને જ વિશેષતાનો ઝરીયો માની રાખ્યો છે અને તે તેને પહેરીને પોતાના જાહેરને સજાવે ધજાવે છે અને અપેક્ષા રાખે છે કે તેઓ એમનામાંથી જ થઈ જશે. આ જ વર્ગના સૂફીઓ પોતાના મુરીદોને એવો લિબાસ પહેરવા અને ગોડદીના ઉપયોગની તાકીદ કરે છે અને પોતે પણ સૈરો સિયાહત કરે છે કે જેથી તેઓ મશહૂર તથા મઅરૂફ થઈ જાય. આ રીતે મખ્લૂકે ખુદા (તેમના ધોકામાં આવીને) તેમની નિગેહબાન અને મુહાફિઝ બની જાય છે. જ્યારે પણ તેમનાથી કોઈ એવી હરકત થઈ જાય છે જે શરીઅત તથા તરીક઼તની વિરૂધ્ધ છે તો લોકો એમના પર ટીકા ટીપ્પણ શરૂ કરી આપે છે. જો તેઓ ચાહે કે આ લિબાસ પહેરીને ગુનાહમાં સપડાય તો લોકોથી શરમ અનુભવે છે.

સારાંશ ગોદડી અવલિયા અલ્લાહની ઝીનત (શોભા) છે. આમ લોકો તો એ રીતે ઈજ્જત હાંસલ કરે છે અને ખાસ લોકો એનાથી કમતરીનો (લઘુતાનો) એહસાસ અપાવે છે. અવામ તો એ રીતે ઈજ્જત હાંસલ કરે છે કે જ્યારે તેઓ એ લિબાસને પહેરે છે તો ખુદાની મખ્લૂક઼ તેમની ઈજ્જત કરે છે, અને ખાસ લોકો એ રીતે કમતરી (લઘુતા)નો એહસાસ અપાવે છે કે જ્યારે તે ગોડદી પહેરે છે તો લોકો તેમને આમ લોકોમાંથી જઈને તેમને બુરુભલુ કહે છે. જેથી આ લિબાસ અવામ (આમ પબ્લિક) માટે નેઅમત અને ખાસ લોકો માટે આજમાઈશનું પહેરણ છે. કેમ કે મોટાભાગની અવામ હક઼ીક઼તની પહેચાનમાં ખોવાયેલી રહે છે. કેમ કે આ મકામ તથા દરજો તેમની પહોંચ તથા તેમની સમજથી અધિક ઊંચો છે. અને તેઓ તેની પ્રાપ્તિનો સામાન પણ નથી ધરાવતા. જેથી તેઓ રઈસ બની જાય. કેવળ આ જ સબબને કુલ મૂડી સમજે છે. પરંતુ ખાસ લોકો રિયાકારી તથા નામના તથા રાજનીતિને છોડીને ઈજ્જત પર ઝિલ્લતને, નેઅમત પર આજમાઈશ (બલા)ને એટલા માટે અગ્રતા આપે છે કે **જાહેરી નેઅમતો આમ લોકોના માટે જ ઈજ્જતનો સબબ હોય છે.** પણ તેઓ પોતાના માટે બલા તથા મુસીબતને ફખ્રનો સબબ સમજે છે.

હક઼ીક઼ત એ છે કે સૂફીઓના માટે ગોડદી વફાનો લિબાસ, અને ઘમંડીઓ માટે ખુશીનો પોશાક. એટલા માટે સૂફીઓ તેને પહેરીને બંને જહાનથી કિનારાકશ (દૂર) થઈ જાય છે અને પ્રાકૃતિક આકર્ષણોને છોડીને તેમનાથી સંબંધ કટ કરી લે છે. પરંતુ ઘમંડી લોકો એ લિબાસના સબબથી હક઼થી છુપાયને અહવાલની દુરુસ્તગીથી મેહરૂમ રહે છે. સારાંશ આ લિબાસ દરેકના માટે ભલાઈનો સબબ છે અને દરેકને એનાથી પોતાની મુરાદ (લક્ષ) હાંસલ થઈ જાય છે. કોઈને સફાનો મર્તબો મળે છે તો કોઈને બખ્શિશ તથા અતા મળે છે. કોઈના માટે હિજાબ તથા પર્દો છે તો કોઈના માટે પાયમાલી તથા પડતી. કોઈના માટે રઝા છે તો કોઈના માટે રંજ તથા દુઃખ છે. હું ઉમ્મીદ રાખુ છું કે આપસી મહોબ્બત અને હુસ્ને સોહબતથી સૌ નજાત પામી જશે, કેમ કે રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે : مَنْ اَحَبَّ قَوْمًا فَهُوَ مِنْهُمْ "જે જે ગિરોહથી મહોબ્બત રાખશે તે એમનામાંથી થશે."

ક઼યામતના દિવસે દરેક ગિરોહના દોસ્તોને

તેમની સાથે ઉઠાડવામાં આવશે અને તેઓ તેમના ગિરોહ (ગૃપ)માં સામેલ થશે, પરંતું એ લાઝમી છે કે પોતાના બાતિનને હકીકતની તલબમાં સક્રિય (કાર્યરત) રાખે અને દિખાવાની રસમોથી બચે, એટલા માટે કે જે શખ્સ જાહેરી ચીજોને પસંદ કરે છે તે હકીકત સુધી કદી નથી પહોંચી શકતો. એ પણ સ્પષ્ટ છે કે આદમિયતનો વજૂદ રબૂબિયતના કુર્બ માટે હિજાબ (આડ) છે અને આ હિજાબને અહવાલની ગર્દિશ (હાલતોનું ચક્ર) અને મકામોની રિયાઝત તથા મુજાહિદા જ ફના તથા મઅદૂમ (અનઅસ્તિત્વ) કરે છે. આદમિયતના વજૂદની સફાઈ અને બશરી હિજાબોને દૂર કરવાનું નામ ફના છે અને જે ફાની સિફતોવાળો થઈ જાય તે લિબાસ અખત્યાર નથી કરતો, અને ઝેબો ઝીનત (શણગાર)માં ઉલઝીને કુર્બે હક્ક તથા ફનાએ બશરિયતની પ્રાપ્તિ અશક્ય છે. જે માણસ ફાની સિફત થઈ ગયો અને તેનાથી ફનાએ બશરિયતની આફતો દૂર થઈ ગઈ. આપ ચાહે તેને સૂફી કહીને પુકારો અથવા કોઈ અન્ય નામથી યાદ કરો તેની નજીક સૌ સરખુ છે. *(ક્રમશઃ)*

પેજ 04 નું ચાલુ..

"બેશક ! કાન, આંખ અને દિલ એ સૌનાથી સવાલ થાય છે." *(સૂ. બની ઈસ્રાઈલ, આ.૩૬)*

આપણા દિમાગોમાં સામાન્યપણે માનવ સર્જનનો એક જ મકસદ જોવા મળે છે અને તે ઈબાદત છે. વિના શંકાએ ઈબાદત જ સર્જનનો મકસદ છે, પરંતું એ મકસદને હાંસલ કરતા પહેલાં ઈમ્તેહાનની મંઝિલોએથી પસાર થવું પડે છે. એ જ હકીકત આપણા દિમાગોથી ઓજલ થઈ ચૂકી છે, એટલા માટે આપણે જોઈએ કે એ વાતને નજરો સમક્ષ રાખીએ અને દુનિયાને દારુલ ઈમ્તેહાન (પરીક્ષાનું ઘર) સમજીએ. ઈબાદત તથા મઅરેફતની પ્રાપ્તિ સાચા અર્થમાં એ વખત સુધી થઈ જ નથી શકતી જ્યાં સુધી વિવિધ આજમાઈશોમાં ન સપડાય, અને પોતાના સબ્ર તથા અડગતા અને જિદ્દો જેહદના થકી એમાં કામયાબી હાંસલ ન કરે. આ ઉઘાડી હકીકતને સમજવી કે માણસે દુનિયાને પોતાના માટે કાયમી રહેઠાણ તથા આરામની મંઝિલ સમજી લીધી છે, જ્યારે કે **હકીકતમાં આ દુનિયા ન સદા રહેવાની જગા છે અને ન કાયમી આરામ તથા રાહતનું ઘર છે. આ તો આપણે મુસાફરોના માટે થોડીવાર થોભવાની જગા છે જ્યાંથી આપણે એક દિવસ આગળ સફર કરવાની છે.** આપણે જોઈએ કે આપણે દુનિયવી કસૌટીઓમાં કામયાબી હાંસલ કરવાની પૂરી કોશિશ કરીએ મૌત તથા હયાતની ફિલોસોફીને પણ સમજવાની જિદ્દો જેહદ કરીએ. વિના શંકાએ આ દુનિયામાં આપણા આવવાનો હેતુ ઈબાદત તથા બંદગી છે, પરંતું ઈબાદતના હકીકી ભાવાર્થને સમજવો પણ અત્યંત જરૂરી છે. ઈબાદત કેવળ નમાઝ તથા રોઝા અને ઝકાત તથા હજનું નામ નથી બલ્કે અન્યો સાથે મહોબ્બત, ઈન્સાની હમદર્દી, હક્કાની અદાયગી જેવી ચીજો પણ ઈબાદતના પાયાના તત્વોમાં સામેલ છે. એક શાયરે શું સરસ કહ્યું છે :

*દર્દે દિલ કે વાસ્તે પેદા કિયા ઈન્સાનકો – વરના*
*તાઅત કે લિયે કમ ન થે કરો બયાં*

એટલે આપણી અંદર એ ભાવના પણ હોવી જોઈએ કે આપણુ વજૂદ કેવળ પોતાના માટે લાભદાયી ન થાય બલ્કે અન્યોના માટે પણ લાભદાયી થાય. અલ્લાહ તઆલા આપણને સૌને મૌત તથા જિંદગીની ફિલોસોફીને સમજવાની તૌફીક અતા કરે અને આ દારુલ ઈમ્તિહાન (દુનિયા)માં આપણને કામયાબી તથા સફળતા નસીબ કરે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, નવેમ્બર–૨૦૨૫)*

# ઝર્બે હૈદરી

(હફ્તો : ૭)

**અઝ** : *શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈ*
**ગુલામરસૂલ ક઼ાસમી ક઼ાદરી નક઼્શબંદી** دام ظلہ العالی
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક઼ મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ **'ઝર્બે હૈદરી'** નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અક઼વાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ઉમ્મતનો ઈજમાઅ

**(૧) સર્વ સહાબાનો ઈજમાઅ** : સૈયદના ઈબ્ને ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે તમામ સહાબા મુહાજિરો તથા અન્સાર رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن નો એ વાત પર ઈજમાઅ છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم પછી ઉમ્મતમાં સૌથી અફઝલ અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہ છે. *(બુખારી, હ–૩૬૯૭, અબૂ દાઊદ, હ–૪૬૨૭)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ પણ ફર્માવે છે કે અમે સહાબાનો ગિરોહ અને અમે મોટી સંખ્યા રહેતા હતા. કહ્યા કરતા હતા કે આ ઉમ્મતમાં આપણા નબી صلی اللہ علیہ وسلم ના પછી સૌથી અફઝલ અબૂબક્ર છે. પછી ઉમર પછી ઉષ્માન. *(મરામુલ કલામ, પેજ–૪૬, અઝ : અલ્લામા પરહારવી عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَان)*

નબી કરીમ صلی اللہ علیہ وسلم ની મૌજૂદગીમાં ઈજમાઅની જરૂરત નથી હોતી પરંતુ એનો એ મતલબ નથી કે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن નું કોઈ મસ્અલા પર એકમત થઈ જવું મના હતું. એ જ કારણે ઉલમાએ અહલે સુન્નતે આ હદીષમાં વર્ણવેલ ઈજમાઅને સ્વીકાર્યો છે. જેમ કે હઝરત અલ્લામા અબ્દુલ અઝીઝ પરહાવી رحمۃ اللہ علیہ ફર્માવે છે : قَوْلُہٗ رضی اللہ عنہ کُنَّا نُخَیِّرُ تَصْرِیْحٌ عَلَی الْاِجْمَاعِ એટલે કે આ હદીષના શબ્દો کُنَّا نُخَیِّرُ માં ઈજમાઅ પર સ્પષ્ટતા મૌજૂદ છે. (મરામુલ કલામ, પેજ–૪૬) ઈમામે અહલે સુન્નત عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَان એ اَلْفَصْلُ الْاَوَّلُ فِی الْاِجْمَاعِ નું હેડિંગ સ્થાપીને સૌ પ્રથમ આ જ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની હદીષને નકલ કરી છે.

*(મત્લઉલ ક઼મરૈન ક઼લમી, પેજ–૬૭)*

હઝરત મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ સૈયદના ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી જ નકલ કરે છે : સર્વ મુહાજિરો તથા અન્સારનો એના પર ઈજમાઅ છે કે આ ઉમ્મતમાં સૌથી બેહતર અબૂબક્ર છે અને ઉમર અને ઉષ્માન. *(મિર્ક઼ાત, ૧૧/૩૩૪)*

**(૨) ચારેવ ઈમામોની એકમતી : (અ)** ઈમામે આ'ઝમ عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَان ફર્માવે છે : રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પછી સૌથી અફઝલ અબૂબક્ર છે પછી ઉમર પછી ઉષ્માન પછી અલી رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن *(ફિક઼હે અકબર મઅ શરહ, પેજ–૬૧,૬૨)*

ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ એ અહલે સુન્નતની નિશાની એ વર્ણવી છે કે શૈખેન (અબૂબક્ર, ઉમર رضی اللہ عنہما)ને અફઝલ માનવામાં આવે અને ખતનૈન (જમાઈઓ)થી મહોબ્બત કરવામાં આવે. મતલબ આ મસ્અલો ઈમામ સાહબની નજીક ક઼તઈ છે. એટલા માટે એનો મુન્કિર (નકારનાર) સુન્નિયતની નિશાની ગુમાવી બેસે છે. હઝરત મખ્દૂમ મુહમ્મદ હાશિમ ઠઠવી رحمۃ اللہ علیہ લખે છે કે : ઈમામ સાહબના કલામ (વાત)માં એ વાત માટે દલીલ મૌજૂદ છે કે જેણે હઝરત અલીને શયખૈન (અબૂબક્ર, ઉમર)થી અફઝલ કહ્યા

તે અહલે સુન્નતથી બહાર છે. *(અત્તરીફ઼ુલ અહમદિયા ફી હક઼ીક઼તિલ કતએ બિલ અફઝલિયહ, પેજ–૬)*

અમુક લોકો સવાલ ઉઠાવે છે કે ઈમામ ઝયદનો અક઼ીદો તફઝીલે અલીનો હતો, અને અબ્દુલ કરીમ શહરિસ્તાનીએ અલ મલલ વન્નહલમાં લખ્યું છે કે ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ એ ઈમામ ઝયદની તેહરીકમાં સહાય કરી હતી. એનો જવાબ એ છે કે એ જ કિતાબુલ મલલ વન્નહલમાં વિગતવાર લખ્યું છે કે ઈમામ ઝયદ ન કેવળ તફઝીલી હતા બલ્કે મોઅતઝલાના રઈસ તથા વાસિલ બિન અતાના શાગિર્દ હતા. ઈમામ ઝયદે એ શખ્સથી એ'તેઝાલ (માનવી સારા બુરા કર્મનો ખુદ કર્તા છે એ અક઼ીદો) હાંસલ કર્યો અને તેમના સર્વ સાથી પણ મોઅ્તઝલા થઈ ગયા. *(અલ મલલ વન્નહલ, ૧/૧૫૫)*

આગળ લખ્યું છે કે ઈમામ ઝયદ અને તેમના ભાઈ ઈમામ બાક઼િરની વચ્ચે મુનાઝરા ચાલુ રહ્યા એટલા માટે કે ઈમામ ઝયદે વાસિલ બિન અતાથી એ ઈલ્મ શીખ્યો હતો કે સૈયદના અલી رضی اللہ عنہ નાકિષૈન, ક઼ાસિતૈન અને માર ક઼ૈનના વિરૂધ્ધ જંગ લડવામાં ખતા પર હતા, અને તક઼દીરના વિષયે એવી માન્યતા રાખતા હતા જે અહલે બૈતના અકીદાની વિરૂધ્ધ હતી....છેવટ સુધી. (અલ મલલ વન્નહલ, ૧/૧૫૬) સ્પષ્ટ થઈ ગયું કે ઈમામ ઝયદની માન્યતાઓ એવી હતી જે ખુદ તફઝીલીઓની નજીક પણ અતિશય ખતરનાક છે. હવે જો ઈમામે આ'ઝમ عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانُ એ તેમની હિમાયત કરી છે તો યક઼ીનન કોઈ ટેમ્પરરી અથવા રાજનૈતિક મસ્લેહતના કારણે હશે.

**(બ)** ઈમામ માલિક رحمۃ اللہ علیہ એ ખુદ હદીષ لَوْ كُنْتُ مُتَّخِذاً خَلِيْلاً રિવાયત કરી છે. (મોઅત્તા ઈમામ મુહમ્મદ, પેજ–૩૯૫) અને ફર્માવે છે : اَبُوْبَكْرٍ ثُمَّ عُمَرُ ثُمَّ قَالَ: اَوَفِي ذَالِكَ شَكٌّ એટલે "સૌથી અફઝલ અબૂબક્ર છે પછી ઉમર. અને શું એમાં કોઈ શક છે ?!" *(અસ્સવાઈક઼ુલ મુહર્રિક઼ા, પેજ–૫૭, મરામુલ કલામ, પેજ–૪૬, ફતહુલ મુગીષ, ૩/૧૨૭)* જાણો કે ઈમામ માલિક અફઝલિયતે શૈખેનને કતઈ સમજતા હતા. હા ! અલ્બત્ત ખત્તૈનની દરમિયાન એક અરસા સુધી સુકૂત (મૌન)ને માનનાર રહ્યા પણ બાદમાં એનાથી પણ રુજૂઅ કરી લીધું. *(તદરીબુર્રાવી, ૨/૧૯૭, સવાઈકે મુહર્રિકા, પેજ–૫૭, અલ ઈસ્તીઆબ, પેજ–૫૩૮)*

હવે જો ઈમામ માલિક رضی اللہ عنہ નો કોઈ ક઼ૌલ સૈયદતુન્નિસા અલા અબીહા વ અલૈહિસ્સલાતુવસ્સલામની અફઝલિયતનો મળે તો યક઼ીનન ! એવો ક઼ૌલ રસૂલનો જુઝ હોવાના કારણે જુઝઈ ફઝીલત પર આધારિત છે.

**(ક)** ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

فِي الْخِلَافَةِ وَالتَّفْضِيْلِ نَبْدَأُ بِأَبِي بَكْرٍ وَعُمَرَ وَ عُثْمَانَ وَ عَلِي رَضِيَ اللهُ عَنْهُمْ

એટલે "ખિલાફત હોય કે અફલિયત અમે બંને સ્થિતિઓમાં અબૂબક્રથી શરૂ કરીએ છીએ, અને ઉમર અને ઉષ્માન અને અલી رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ. *(અલ એ'તેક઼ાદ લિલ્બયહક઼ી, પેજ–૩૩૬, ફત્હુલ બારી, ૭/૧૩, મરામુલ કલામ, પેજ–૪૬)*

ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ એ સર્વ સહાબા અને તાબઈનનો એના પર ઈજમાઅ વર્ણવ્યો છે. (અલ્ એતેકાદ લિલ બયહક઼ી, પેજ–૩૬૯, તકમીલુલ ઈમાન, પેજ–૫૬) હવે ઈમામ શાફઈ વગેરેના અશ્આર (શેઅરો) વગેરેની રોશનીમાં તેમના ઈજમાઈ અક઼ીદાની વિરૂધ્ધ ખેંચતાણ કરવી જાઈઝ નથી.

**(ડ)** હઝરત ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ નો અક઼ીદો આ પ્રમાણે છે : ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ અફઝલિયતનો ક્રમ આ પ્રમાણે બતાવતા હતા : અબૂબક્ર, ઉમર, ઉષ્માન, અલી رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ *(અસ્સુન્નહ લિલ ખલાલ, પેજ–૬૦૭)* અને કહ્યું અસ્નાદ સહીહ છે.

**૩. સર્વ સૂફીઓનો ઈજમાઅ :** સર્વ સૂફીઓનો ઈજમાઅ છે કે સૌથી અગ્રેસર અબૂબક્ર છે, પછી ઉમર, પછી ઉષ્માન પછી અલી. رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن *(અત્તઅરફુલ મઝહબે અહલુત્તસવ્વુફ, અબી બક્ર મુહમ્મદ બિન ઈસ્હાક઼, વફાત–હિ.સ. ૩૮૦, પેજ–૬૨)*

**૪. અહલે સુન્નતના તમામ ઉલમા તથા સૂફીઓનો ઈજમાઅ :** ઈમામ શરફુદ્દીન નવવી رحمۃ اللہ علیہ ફર્માવે છે : એના પર અહલે સુન્નતની એકમતી છે કે સહાબીઓમાં સૌથી અફઝલ અબૂબક્ર છે પછી ઉમર *(શરહે નવવી, ૨/૨૭૨)*

**૫.** ચિશ્તી સિલસિલાના પ્રખ્યાત બુઝુર્ગ હઝરત સૈયદ મીર અબ્દુલવાહિદ બેલગ્રામી قدس سرہ પોતાની તસવ્વુફની ઉચ્ચ કોટીની કિતાબમાં ફર્માવે છે કે, એના પર પણ અહલે સુન્નતનો ઈજમાઅ છે કે નબીઓના પછી અન્ય સર્વ મખ્લૂક઼થી બેહતર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે. એમના બાદ હઝરત ઉમર ફારૂક઼, એમના બાદ ઉષ્માન ઝુન્નૂરૈન અને તેમના પછી અલીયુલ મુર્તઝા رضی اللہ عنہم છે. *(સબએ સનાબિલ શરીફ, પેજ–૫૬)*

**(૬)** હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "અહલે સુન્નતનો એના પર ઈજમાઅ છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પછી સર્વ લોકોમાં અફઝલ અબૂબક્ર છે, પછી ઉમર, પછી ઉષ્માન, પછી બાકી અશ્રએ મુબશ્શિરા, પછી બાકીના બદરવાળાઓ, પછી બાકીના ઓહદવાળાઓ, પછી બાકીના બયઅતે રિદ્વાનવાળાઓ, પછી બાકીના સહાબીઓ. અબૂ મન્સૂર બગદાદીએ પણ આ ક્રમ પર ઈજમાઅ નક઼લ કર્યો છે. *(તારીખુલ ખુલફા, પેજ–૩૭)*

અલ્લામા સિયૂતી رحمۃ اللہ علیہએ ન કેવળ શયખૈન (અબૂબક્ર, ઉમર)ની અફઝલિયતના પર ઈજમાઅ નકલ કર્યો છે બલ્કે તમામ સહાબામાં તફઝિલ (અફઝલિયત)ના ક્રમ પર આધારિત છે તો પછી અશ્રએ મુબશ્શિરા, બદરી, ઓહદી તથા અન્ય સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنને ખિલાફત કયાંથી પૂરી પાડશો ? ઈન્સાફ કરો.

**(૭)** અલ્લામા ઈબ્ને હજર મક્કી عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَان ફર્માવે છે કે શયખૈન (અબૂબક્ર, ઉમર رضی اللہ عنہما)ની અફઝલિયત પર પૂરી ઉમ્મતનો ઈજમાઅ છે. જો કોઈ પૂછે કે પૂરી ઉમ્મતની પાસે આ ઈજમાઅનો શું આધાર છે ? તો હું કહું છું કે (પાયો તો કુર્આન તથા અસંખ્ય હદીષોમાં મૌજૂદ છે પરંતું) ઈજમાઅ જાતે પોતે દરેક શખ્સ પર હુજ્જત (દલીલ) છે. ભલે તેનો પાયો માલૂમ હોય કે ન હોય. એટલા માટે કે અલ્લાહ તઆલાએ આ ઉમ્મતને ગુમરાહી પર એકમત થવાથી મેહફૂઝ રાખેલ છે. આ વિષય પર કુર્આનની આયત ઘણી જ સ્પષ્ટ છે કે :

وَيَتَّبِعْ غَيْرَ سَبِيلِ الْمُؤْمِنِينَ نُوَلِّهِ مَا تَوَلَّىٰ وَنُصْلِهِ جَهَنَّمَ ۖ وَسَاءَتْ مَصِيرًا

(અને મુસલમાનોની રાહથી અલગ રાહ ચાલે અમે તેને તેના હાલ પર છોડી આપીશું અને તેને દોઝખમાં દાખલ કરીશું અને કેટલી બુરી જગા પલટવાની. સૂ. નિસાઅ, ૪/૧૧૫)

પછી અફઝલિયતના આ ક્રમનો લેહાઝ રાખીને તેમને ખિલાફતના હક઼દાર પણ ઠરાવવામાં આવ્યા છે. *(સવાઈક઼ે મુહર્રિક઼ા, પેજ–૫૯)*

અલ્લામા ઈબ્ને હજર મક્કી عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانના વર્ણનથી સ્પષ્ટ થઈ ગયું કે ત્રણેવ ખલીફાઓની અફઝલિયત પહેલેથી સાબિત હતી અને એ અફઝલિયતના ક્રમ પ્રમાણે તેમને ખિલાફત મળતી ગઈ.

એ જ وَنُصْلِهِ جَهَنَّمَ (અને તેને દોઝખમાં દાખલ કરીશું. સૂ. નિસાઅ, ૪/૧૧૫) વાળી આયતની ચેતવણી દર્શાવીને અમે તફઝીલીઓ પર સવાલ કરીએ છીએ કે શયખૈનની અફઝલિયતના અક઼ીદા પર કોઈને જહન્નમની ચેતવણી નથી સંભળાવવામાં આવી, જયારે કે મૌલા અલી رضی اللہ عنہને અફઝલ માનનારાઓને આ આયત સંભળાવીને જહન્નમથી ડરાવવામાં આવી રહ્યા છે. ફર્માવો ! સાવધાનીનો તકાઝો શું છે ? (ક્રમશઃ)

# એક પત્રનો ઈમાન અફરોઝ જવાબ

કાર્યાલય

*પ્રસ્તૂત લેખમાં થોડાક વરસો પહેલાં અમેરીકાથી એક પત્ર કોઈક સાહબનો **હઝરત મૌલાના મુહમ્મદ અબુલકલામ રઝવી** (ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ) જેઓ હાલ યુ.કે. લેસ્ટરમાં રહે છે. જ્યારે આપ દયાદરા હતા ત્યારે એ પત્ર તેમને પહોંચેલો તેનો એવો ઈમાન અફરોઝ જવાબ આપે આપેલો જેમાં હિદાયતનું નૂર સમાયેલું છે જેને ત્યારે અમોએ કિતાબ **"એક પત્રનો ઈમાન અફરોઝ જવાબ"** રૂપે પ્રસિધ્ધ કરેલ. એક વાંચક મિત્રની વિનંતિને તથા ઈમાન અફરોઝ માહિતીને લક્ષમાં રાખીને અત્રે ફરીથી પ્રસિધ્ધ કરીએ છીએ કે જેનાથી બરકાતે ખ્વાજા મંથલીના વાંચકો ફયઝ પામી શકે. –તંત્રી...*

અને તમારુ (પત્ર લખનારનું) એ કહેવું કે, "આલિમોનો શું ભરોસો ? તેઓએ તો મુજદ્દિદ અલ્ફેષાની જેવા દુનિયાના સુવિખ્યાત બુઝુર્ગને પણ કાફિર કહી દીધા છે !" આ વાતનો સંપૂર્ણ ખુલાસો આગળ જતાં આવશે. પણ અહીં એક વાત પણ જાણવા જેવી છે, જેનો ઉલ્લેખ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીએ પોતાના કેટલાક રિસાલા (પુસ્તિકા)ઓમાં કર્યો છે. તેઓ જણાવે છે કે મને બદનામ કરવા માટે એક તે હથિયાર વાપરવાનું શરૂ થયું છે કે જેને જે બુઝુર્ગનો વધુ ચાહવાવાળો પામ્યો તેની સમક્ષ એ જ બુઝુર્ગના વિશે એવું કહીને બહેકાવવાનું શરૂ કર્યું કે જુઓ ! આ'લા હઝરત ફક્ત વહાબીઓને કાફિર નથી કહેતા પરંતું ફલાણા ફલાણા બુઝુર્ગને પણ કાફિર કહે છે, એમના કુફ્રી મશીનગનથી કોઈ રક્ષિત નથી. જેથી ઈલાહાબાદના એક બુઝુર્ગ લગભગ એહમદહુસૈન નામના જેઓ મુજદ્દિદ અલ્ફેષાની અને અબ્દુલ અઝીઝ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ના ખૂબ જ ચાહક હતા એમની સમક્ષ જઈને કહ્યું કે ઈમામ અહમદ રઝાએ તો મુજદ્દિદ અલ્ફેષાની અને શાહ અબ્દુલ અઝીઝને પણ કાફિર કહ્યા છે. તે બુઝુર્ગ ખૂબ જ મુતસદ્દી હતા. ખાત્રી કરવા માટે બરેલી લખીને પૂછપરછ કરી. તો આ'લા હઝરતે વહાબીઓની ચાલાકી અને છેતરપીંડી, જૂઠ તથા દગાબાજીની બધી પોલી ખોલીને વિગતવાર જવાબ રવાના કર્યો ત્યારે પેલા બુઝુર્ગને સંતોષ થયો. અને ફક્ત આટલુ જ નહીં વહાબીઓએ તો પોતાના કુફ્રને છુપાવવા માટે એ પણ કહેવાનું શરૂ કર્યું છે કે કાફિરને પણ કાફિર ન કહો, વહાબીઓની આ વાત ઈસ્લામી રિવાયતોથી કેટલી હદે વિરૂધ્ધ છે તે ઈલ્મવાળા લોકોની નજરથી ઓજલ નથી.

એટલા માટે જો આ વાત (એટલે કે આલિમોએ મુજદ્દિદ અલ્ફેષાનીને કુફ્રનો ફત્વો આપ્યો હતો) તમે કોઈ વહાબી પાસેથી સાંભળીને લખ્યું છે. તો તમો એ વિશ્વાસ રાખો કે આ તદ્દન વહાબીઓની દગાબાજી છે. આવી રીતે તેઓ લોકોને બહેકાવે છે. જો કે કુફ્રનો ફત્વો જાહેર કરવાની બાબતમાં ઉલ્માએ દીન તથા મુફતિયાને શરએ મતીન એટલા નીડર અને દિલેર નથી હોતા કે જેને ધારે કાફિર કહી દે, પરંતું કુફ્રના મામલામાં તેઓ ખૂબ જ સાવચેતી રાખતા હોય છે. સહેજ પણ અર્થઘટનની શક્યતા હોય છે તો કદાપિ કુફ્રનો ફત્વો નથી આપતા. જો કે જ્યાં કોઈ અર્થઘટનનો અવકાશ જ બાકી નથી રહેતો મજબૂર થઈ શરીઅતનો હુકમ પાળવા માટે કુફ્રનો ફત્વો આપે છે. જેથી આ'લા હઝરતે હિંદુસ્તાની વહાબીઓની કિતાબોની કુફ્ર ઈબારતો (લખાણ) જે હુઝૂર ﷺ ની તૌહીન (ગુસ્તાખી) માટે વપરાઈ હતી તેની પકડ

કરીને સેંકડો કિતાબોના આધારે અદિલ્લએ અરબાઅ (શરઈ ચાર દલીલો)માંથી દલીલોના ઢગલા ખડકી દીધા અને તેમનું કુફ્ર હોવું સાબિત કર્યું. પછી તેઓથી તૌબા કરી તથા નવેસરથી ઈમાન લાવવાની દરખ્વાસ્ત (માગણી) કરી. આના અનુસંધાનમાં આપે તેઓને વીસ વરસની મોહલત આપી તેમ છતાં પણ તેઓએ પોતાની કુફ્રી ઈબારતો પાછી ન ખેંચી તો મજબૂર થઈને શરીઅતનો હુકમ એવી રીતે લાગુ પાડયો કે અખંડ ભારતના ૨૪૮ મુફતીઓ અને હરમૈન તૈયિબેન તથા મિસર, શામ (સિરીયા) તથા ઈરાકના અગણિત મુફતીઓ સમક્ષ તે કુફ્રી લખાણો રજૂ કર્યા. ત્યાર બાદ સૌએ એકમતે તેના પર કુફ્રનો ફત્વો આપ્યો અને અંતે એ વાત પર ઈજમાઅ કર્યો કે من شک فی کفرہ وعذابہ فقد کفر "જે વ્યક્તિ આવા કાફિરોના કુફ્રમાં અને તેઓના અઝાબમાં સપડાવા વિશે શંકા કરશે તે પણ એવો જ કાફિર છે." યાદ રાખશો કે કુફ્રનો ફત્વો બહાર પાડવાના મામલામાં ઉલમાને આ પ્રમાણે માથાકૂટ કરવાની એટલા માટે જરૂર પડે છે કે એમની નજર સમક્ષ બુખારી શરીફની આ હદીષે પાક હોય છે કે હુઝૂરે ફર્માવ્યું છે કે "જે વ્યક્તિ કોઈ મુસલમાનને કાફિર કહે અને હકીકતમાં તે કાફિર નથી તો તેનું એ કુફ્ર ખુદ કહેવાવાળા પર પાછુ વળશે." આ હદીષને ધ્યાનમાં રાખી ઉલમા હઝરાત કુફ્રનો ફત્વો બહાર પાડવા બાબતે ખૂબ જ સાવધાન અને સાવચેત નજરે આવે છે. અને ફત્વો બહાર પાડવા માટે પણ મજબૂર છે કે હુઝૂરે ફર્માવ્યું છે કે, من بدل دینہ فقتلُ એટલે કે, "જે પોતાનો દીન બદલી નાખે તેને કત્લ કરી દો." આ હદીષ પર ઉલમા ત્યાં સુધી અમલ કરતા રહ્યા જ્યાં સુધી ઈસ્લામના બાદશાહોની હુકૂમત સલામત હતી. આના અનુસંધાનમાં હુઝૂર ﷺની બીજી હદીષ પણ જાણી લો. હુઝૂરે ફર્માવ્યું, "જ્યારે ફિત્નાઓનો સમય, બદઅકીદાઓનો સમય, બદઅકીદાઓનો દુનિયામાં ઉદ્ભવ થાય, મારા સહાબીઓને લોકો ભલુ બુરૂ કહેવા લાગે તો દરેક આલિમે જોઈએ કે તે પોતાના ઈલ્મના હથિયારને કામમાં લાવે. એટલે કે પોતાનો ઈલ્મ જાહેર કરે. અને જેણે આવું ન કર્યું તેના ઉપર અલ્લાહ અને ફરિશ્તાઓ અને તમામ ઈન્સાનોની લાનત થશે. અને તેની તૌબા તેનો ફિદિયો તેના ફર્ઝો તથા નફલો કોઈ પણ ખુદાની બારગાહમાં કબૂલ થશે નહીં. હવે પોતે પણ નિર્ણય કરી લો કે જ્યારે સહાબીઓને ભલુ બુરૂ કહેવાના સમયની આ સ્થિતિ છે તો પછી જ્યારે રસૂલની શાનમાં ગુસ્તાખી તથા બેઅદબી એટલું જ નહીં પણ ખુલી ગાળો આપવામાં આવે એ સમયે આલિમોએ ચૂપ રહેવું કેટલું ભયંકર હોઈ શકે છે ? અનુમાન કરો !

અને તમે (પત્ર લખનારે) જાતે કોઈ કિતાબમાં સુન્ની આલિમોને કોઈ બુઝુર્ગ પર કુફ્રનો ફત્વો આપતાં જોયું હોય તો તેમાં પણ કોઈ દુશ્વારી નથી. અવલિયાએ કિરામ ફનાફીલ્લાહની કેટલીક એવી મંઝિલો પર પહોંચી જાય છે જ્યાં મહેબૂબ (જે પ્રેમ કરે તે) તથા મોહિબ (જેને પ્રેમ કરવામાં આવે તે)ની વચ્ચે કોઈ તારા મારાનો સવાલ રહેતો નથી. એ મંઝિલમાં પહોંચ્યા પછી બંદા પર ખુદાની સિફત જાહેર થવા લાગે છે. જેનો સંકેત હદીષે કુદસીમાં એ પ્રમાણે કરવામાં આવ્યો છે કે, "અલ્લાહ તઆલા ફર્માવે છે, હું તેના હાથ બની જાઉં છું જેનાથી તે પકડે છે, હું તેનો કાન બની જાઉં છું જેનાથી તે સાંભળે છે, હું તેની આંખ બની જાઉં છું જેનાથી તે જુએ છે, વગેરે" એટલા માટે એક વલી દિલોના ભેદથી લોહે મેહફૂઝના લખાણથી માહિતગાર થઈ જાય છે. પળવારમાં દુનિયાના આ ખૂણેથી પેલા ખૂણે પહોંચી જાય છે. દા.ત. જેવી રીતે લોઢાને આગની ભટ્ટીમાં નાખતાં આગની બધી પ્રવૃત્તિ તથા ગુણ લોઢામાં આવી જાય છે, બરાબર એ જ પ્રમાણે જ્યારે અવલિયા અલ્લાહ અલ્લાહના ઈશ્કની ભટ્ટીમાં પોતાની જાતને નાખીને ફના થઈ જાય છે તો એમના પર અલ્લાહની સિફત તથા કુદરત જાહેર થાય છે. હવે જે વલીઓની કુદરતનો ઈન્કાર કરશે તે અલ્લાહની કુદરતનો ઈન્કાર કરે છે એવું ગણાશે.

કેટલીક વાર વલી ફના ફીલ્લાહની મંઝિલમાં પહોંચીને પોતાના હોશહવાસ તથા પોતાની જાતને તદન ગુમાવી બેસે છે તે વખતે ખુદાની સિફત તથા તજલ્લી તેનામાં જાહેર થવા લાગે છે. પછી બેખુદી (બેહોશી)માં એટલે કે મજ્ઝૂબિયતની હાલતમાં એવી વાણી બોલવા લાગે છે. એટલે કે એવી વાણી એની જીભેથી આપોઆપ (ઈરાદાપૂર્વક નહીં) નીકળવા લાગે છે, જેથી જાહેરમાં એવી ખબર પડે છે કે તેઓ પોતાની જાતે ખુદાઈનો દાવો કરી રહ્યા છે. જો કે એવું નથી, પરંતું આ ખુદાની તજલ્લીની અસર હોય છે, જે પ્રકારનો મામલો હઝરત મૂસા علیہ السلام પર જાહેર થયો હતો. કે જ્યારે આપ વાદીએ સૈનાહમાં આગની શોધમાં નીકળ્યા તો દૂરથી એક પ્રકાશને જોયો. પછી જણાવ્યું કે એ પ્રકાશ એક ઝાડથી જાહેર થઈ રહ્યો હતો. જેમ જેમ આપ નજીક જતા તે ઝાડ દૂર થતું જતું અને જ્યારે આપ અટકી જતા તો તે અટકી જતું. અંતે ઝાડમાંથી અવાજ આવ્યો, "હું આખા જહાનનો પાલનહાર અલ્લાહ છું. તમે ખૂબ જ પવિત્ર સ્થળે આવી પહોંચ્યા છો. આપના પગરખાં ઉતારી કાઢો અને જે તમને વહી થાય છે તે કાન દઈને સાંભળો. મેં તમને પસંદ કરી લીધા." તો શું ઝાડ અલ્લાહ થઈ ગયું (અલ્લાહની પનાહ) ? કદાપિ નહીં, પરંતું ઝાડ તે વખતે ખુદાની તજલ્લીગાહ બન્યું હતું. બરાબર એ જ પ્રમાણે વલીઓનો પણ મામલો છે.

હવે અહીં એક મુશ્કેલી એ હતી કે જઝબો સાચો પણ હોય છે અને બનાવટી (કૃત્રિમ) પણ હોય છે. અલ્લાહ તથા રસૂલને ખબર છે કે લોકો કૃત્રિમ જઝબો બતાવીને ધંધાબાજી કરશે. જેમ કે એના અનુસંધાનમાં અગણિત બનાવો મૌજૂદ છે. એટલા માટે અલ્લાહ તથા રસૂલે એના પર બંધન રાખ્યું અને એને પકડ કરવા યોગ્ય ઠરાવ્યું. આ કારણે જ્યારે કોઈનાથી શરીઅત વિરૂધ્ધ વાત જાહેર થાય છે તો આલિમો તેના પર પકડ કરે છે. જો એવું નહીં કરે તો ગુનેહગાર થશે. આ વાતને સામાન્ય રીતે વિચારવાથી પણ સમજી શકાય છે કે, દ્રષ્ટાંત રૂપે જો કોઈ પોતાની જાતને કહે કે હું ખુદા છું, તો તે સમયે તે આલિમો જેઓ અલ્લાહ તથા રસૂલના પ્રતિનિધિઓ છે તેઓનું ચૂપ રહેવું તેઓના હકમાં કેટલું બધું ભયંકર છે દરેક માણસ તેનું અનુમાન કરી શકે છે. આ જ કારણે મન્સૂર હલ્લાજએ જ્યારે "અનલ હક" (હું ખુદા છું)નો અવાજ બુલંદ કર્યો તો બીજા આલિમોને તો જવા દો, હઝરત જુનેદ બગદાદી જે વલીઓના પેશ્વા તથા સરદાર છે તેઓએ પણ મુફતીઓનો વેશ ધારણ કરીને શૂળીએ ચઢાવવાનો ફત્વો આપ્યો.

એ જ પ્રમાણે સુલ્તાનુલ આરેફીન હઝરત બાયઝીદ બોસ્તામી رحمۃ اللہ علیہ જેઓ ખૂબ જ મહાન આલિમ તથા મોહદ્દિષ પણ હતા. આપનાથી પણ જ્યારે જઝ્બના આલમ (સ્થિતિ)માં ગેર શરઈ વાત જાહેર થઈ અને હોશમાં આવ્યા બાદ જ્યારે આપના મુરીદોએ આપને જણાવ્યું તો આપ નારાજ થયા અને ફર્માવ્યું કે મારા પર હદદે શરઅ કેમ જારી ન કરી ? (શરીઅતનો હુકમ લાગુ કરી શિક્ષા કેમ ન કરી ?) પછી દરેકને તલવાર આપીને જણાવ્યું કે હવે પછી જ્યારે પણ કદી આવી વાત જાહેર થાય તો જરૂર મારા પર ખચકાયા વગર તલવાર ચલાવી દેજો. બાદમાં એ કયફિયત પેશ પણ આવી (એ હાલત ઉપસ્થિત પણ થઈ) અને તલવાર પણ ચલાવવામાં આવી, પરંતુ તલવાર આપના શરીરની આરપાર એ રીતે પસાર થઈ ગઈ જેવી રીતે દીવાની જ્યોતમાંથી છરી પસાર થઈ જાય છે.

હવે આનાથી સાબિત થયું કે જો કોઈ બેખુદી (બેહોશી પોતાના પર કાબૂ ન હોય તે સ્થિતિ)ની હાલતમાં પણ ગેરશરઈ કથનો બોલે અથવા કુફ્રી હરકાત (કુફ્ર જાહેર થાય તેવું વર્ણન) કરી બેસે તો અલ્લાહ અને રસૂલના હુકમથી તેના પર શરીઅતનો હુકમ જરૂર લાગુ પાડવામાં આવશે. પરંતું જો તેનો જઝ્બ કરીનાથી (જાંચ પડતાલથી) સાચો સાબિત થાય તો તે મરફુઉલ કલમ (જેના પર શરઈ હુકમ

લાગુ ન કરાય)માં ગણવામાં આવશે. જેમ કે પાગલ મરફુઉલ કલમ હોય છે. તે ઉપરાંત મરફુઉલ કલમ અને મા'ઝૂર (મજબૂરીવાળો) હોવાના કારણે એના પરથી કુફ્રના હુકમ પણ ઉઠી જશે અને તે અવલિયા અલ્લાહમાં ગણાશે. અને જે હોશમાં રહીને કુફ્રી કથનો કહેશે એના ઉપર શરીઅતનો હુકમ લાગુ પાડવામાં આવશે, અને જ્યાં સુધી તૌબા અને નવેસરથી ઈમાન નહીં લાવે એના ઉપર કુફ્રનો હુકમ તથા શરીઅતની રૂએ સજા બાકી રહેશે. જો એ જ હાલતમાં મૃત્યુ પામે તો કુફ્રી મૌત (કુફ્રની હાલતમાં) મરશે અને હમેશાંના માટે જહન્નમની આગમાં જશે.

આ બેઉની વચ્ચે તફાવત દર્શાવવા માટે આ ઉદાહરણ ખૂબ જ ઉપયોગી છે કે ફિરઔને કુફ્રી કથન اَنَا رَبُّكُمُ الْاَعْلٰى (હું તમારો શ્રેષ્ઠ તથા મહાન મઅબૂદ છું એટલે પોતાની જાતને ''ખુદા'' કહી) સભાન અવસ્થામાં કહ્યું હતું જેના કારણે તે કાફિર અને ખુદાનો દુશ્મન થયો. અને આ જ પ્રકારની વાણી હઝરત મન્સૂર હલ્લાજે કહી એટલે કે 'અનલ હક' જેનો અર્થ થાય છે ''હું ખુદા છું'' પણ તે બુખૂદીમાં કહી હતી એટલા માટે તેઓ મો'મિન તથા વલી રહ્યા.

મતલબ કે આ ચર્ચાથી સાબિત થયું કે શરીઅત વિરૂધ્ધ વાતો પર પકડ કરીને તેના પર ફત્વો લાગુ પાડવો આલિમો તથા મુફતીઓ (ઉલમાએ કિરામ અને મુફતિયાંને શરએ મતીન) માટે ખૂબ જ જરૂરી ફરજ છે. કારણ રસૂલે ખુદાએ તેઓને પોતાના નાયબ બનાવીને શરીઅતનો હુકમ લાગુ પાડવાની ડયૂટી (ફરજ)ની જિમ્મેદારી તેઓને સોંપી છે. (એમની એ જવાબદારી છે.) જો આમાં નિષ્કાળજી (સુસ્તી) રાખશે તો ચોક્કસ જહન્નમની આગના લાયક ઠરશે. જેમ કે મિશ્કાત શરીફમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **''જ્યારે બની ઈસ્રાઈલમાં નાફર્માની (આજ્ઞાની વિરૂધ્ધ વર્તન) શરૂ થઈ તો શરૂ શરૂમાં તેઓના આલિમોએ તેઓને રોકયા, પરંતુ તેઓ માન્યા નહીં તો પછી આલિમોએ પણ (ધીમે ધીમે) તેઓની મહેફિલોમાં ભાગ લેવાનું અને ખાવા પીવાનું શરૂ કરી દીધું. તો અલ્લાહ તઆલાએ તેઓમાંથી કેટલાકને કેટલાક વડે (આપસમાં) હલાક કરી દીધા.** અને હઝરત દાઊદ તથા હઝરત ઈસા علیہ السلامની ઝબાની તેઓ પર લાનત મોકલી.'' એની જ અંદર આ રિવાયત પણ છે કે હુઝૂરે ફર્માવ્યું, ''ખુદાની કસમ તમે લોકો અમ્ર બિલ મઅરૂફ (ભલી વાતનો હુકમ આપવો) અને નેહી અનિલ મુનકર (ખરાબ વાતોથી રોકવું) કરતા રહો અને જાલિમોનો હાથ તે સમય સુધી રોકતા રહો જ્યાં સુધી તેઓ હાથ પગ વગરના ન થઈ જાય અને જો આવું નહીં કરો તો અલ્લાહ તઆલા કેટલાકને કેટલાકના દ્વારા (એકબીજાથી અંદર અંદર) તબાહ કરી દેશે અને પછી તેઓની જેમ તમારા પર પણ લાનત મોકલશે.''

આલિમો જો ખુદાની નાફર્માની અને શરીઅત વિરૂધ્ધની વાત ઉપર પકડ ન કરે અને જવાબ ન માગે તો ધર્મ વ્યવસ્થા જ અસ્ત વ્યસ્ત થઈ જાય. અને દરેક મુસલમાનનું ઘર અકબર બાદશાહના 'દીને ઈલાહી'નું કેન્દ્ર જણાવા લાગશે.

રહી એ વાત કે જે લોકોએ મુજદ્દિદ અલ્ફેષાની પર કુફ્ર તથા કત્લનો ફત્વો આપ્યો હતો તેમાં મોટાભાગના દરબારી (જહાંગીર મોગલ બાદશાહના) શીઆ મોલ્વીઓ હતા. કારણ કે નૂરજહાં શીઆ હતી અને બાદશાહ તેના પ્રભાવ હેઠળ હતો. એટલા માટે તેના દરબારી આલિમો મોટાભાગે શીઆ લોકો હતા અને તેઓ મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہના એટલા માટે જાની દુશ્મન હતા કે હઝરતે શીઆઓનો ખૂબ જ સખ્તાઈથી વિરોધ કર્યો હતો, ત્યાં સુધી કે તેઓની રદમાં કિતાબો પણ લખીને બહાર પાડી હતી એટલા માટે તેઓ લાગ જોઈને બેઠા હતા. જ્યારે લાગ મળ્યો તો ફત્વાના રૂપે બદલો લેવાની કોશિશ કરી. તે કયો મોકો હાથ ચઢયો હતો તે જાણી લો.

શાહ ફતેહ મુહમ્મદ ફતેહપુરી જેઓ મુજદ્દિદ

અલ્ફેષાની رحمۃ اللہ علیہના ખૂબ જ નજીકના સમયના ઈતિહાસકાર થઈ ગયા. તેઓ પોતાની કિતાબ ''મનાકિબુલ આરેફિન''માં લખે છે કે જ્યારે મુજદ્દિદ ''અલ્ફેષાનીની દાસ્તાન'' લખવાનો પ્રસંગ આવ્યો અને મેં તેઓના મકતૂબાત (લખાણો–પત્રો)ને અને પછી શયખ અબ્દુલ્લાહ મોહદ્દિષ દહેલ્વીના વાંધાઓને વાંચ્યા, ત્યારે આશ્ચર્યમાં પડી ગયો કે હું એવી વ્યક્તિના વિશે શું લખું કે એકબાજુ તો તેઓથી રસૂલુલ્લાહના બારામાં આવા કુફ્રી કથનો જાહેર થયાં છે અને આવા મહાન પાયાના અવલિયાની તૌહીન કરી છે કે જેમની મહાનતા અને શાનો શૌકત માટે આસમાન તથા જમીન સાક્ષી આપે છે. અને બીજી બાજુ હઝરત સૈયદ આદમ બિન્નોરી જેવા અવલિયા તેઓના (મુજદ્દિદે અલ્ફેષાનીના) મુરીદ હોય અને સાહિબે હાલોકાલ (વલી સિફત) આલિમો તથા મોહદ્દિષો તેઓના સિલસિલાથી જોડાયેલા હોય, અને ખાસ કરીને બલ્ખ તથા બુખારા તથા કાબુલના આલિમો જેઓ દીનદારી અને દીન પ્રત્યે ચુસ્તીમાં અજોડ છે તેઓ તેમના સિલસિલામાં દાખલ થયેલા હોય, આ સ્થિતિ ધ્યાનમાં લેતાં હું વાસ્તવિકતા જાણવા માટે દિલ્હી રવાના થયો અને ત્યાં શયખ નૂરૂલહકથી મળ્યો જેઓ શયખ અબ્દુલહક મોહદ્દિષ દહેલ્વીના સાહબઝાદા (પુત્ર) છે તેમનાથી મને વાસ્તવિક બાબતની ભાળ મળી જેથી તેને હું લખું છું.

હસનખાં અફઘાન, શયખ મુજદ્દિદ અલ્ફેષાનીનો મુરીદ હતો. કોઈક કારણસર તેમનાથી નારાજ થઈ ગયો. તેની પાસે હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہના કેટલાક પત્રો હતા. તેણે તે પત્રોના લખાણમાં ફેરફાર કર્યો અને પછી તેના પરથી વીસ પત્રો લખાવીને વહેંચ્યા (ફેલાવ્યા). જ્યારે શયખ અબ્દુલ હકની પાસે જેઓ શાહ અબ્દુલબાકીના ખલીફા છે તે પત્રો પહોંચ્યા તો તેઓ ખૂબ જ નારાજ થયા અને તેને રદિયો આપતા પત્રો લખીને શયખ અહમદ મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہને રવાના કર્યા. શયખ અબ્દુલહક رحمۃ اللہ علیہના પત્રો ધાક ધમકીથી ભરેલા હતા. મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہએ અસલ પત્રોની નકલ પોતાના હાથોથી લખીને શયખ અબ્દુલહકને રવાના કરી અને તેમને લખ્યું કે આવા લખાણથી અલ્લાહ મને બચાવે. મારા મુરીદોમાંથી એક વ્યક્તિ મારાથી નારાજ થઈને આ ફિત્નો ફેલાવીને મને દરેક નાના મોટાની લાનતનું (ફિટકારનું) નિશાન બનાવ્યો. અંતે મારી બદ્દુઆ તેને લાગી અને તે બુખારામાં મુર્તદ હોવાના આરોપસર માર્યો ગયો. જ્યારે શયખ અબ્દુલહક્ક દહેલ્વી رحمۃ اللہ علیہ સમક્ષ આ વાત ઉઘાડી થઈ તો તેમણે એક પત્ર લખ્યો જેમાં આપના લખાણમાં પ્રશંસા અને તે બાબતે પોતાની અજાણતાનો ઉલ્લેખ કર્યો છે. કારણ કે આપના હાથે લખેલ તે લખાણ મેં જોયું છે. (ઈતિહાસકારે જોયુ છે.)

આ ઉપરથી જણાયું કે જો કોઈએ હઝરત મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ પર કુફ્રનો ફત્વો આપ્યો પણ હતો તો આ કારણે કે હઝરતના પ્રત્યે કુફ્રી લખાણનો સંબંધ જોડીને તેને મશહૂર કરવામાં આવ્યું હતું અને તેના પર પકડ કરીને ફત્વો આપવામાં આવ્યો હતો. અને આ કારણને લઈને તે સમયના મહાન બુઝુર્ગ, આલિમ તથા મોહદ્દિષ હઝરત અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہએ પણ ધામ ધમકીઓ આપી હતી. પરંતું જણાવ્યું કે હઝરતની જાત આવી કુફ્રી ઈબારત (લખાણ)થી પાક છે તો પછી તેનાથી રૂજુઅ (પાછું લેવું) કરી લીધું.

તે ઉપરાંત પીરના અનુસંધાનમાં તમે (પત્ર લખનારે) જે વિચાર પ્રદર્શિત કર્યો છે તે મને માન્ય નથી. કારણ કે અમે તેને પીર જ માનતા નથી. આવા પીર તો એક ધંધાદારી અને બિઝનેશમેન માણસ છે જે પોતાનો ધંધો ચલાવવા માટે દરેક પ્રકારના દાવપેચ ખેલતા રહે છે. એક ધંધાદારીથી એનાથી વધારે આશા પણ ન રાખવી જોઈએ. અમારા અને અમારા સુન્ની મસ્લકની નજીક (દ્રષ્ટિએ) પીર થવા માટે ઓછામાં ઓછી ચાર વસ્તુઓ તેનામાં હોવી આવશ્યક છે, જે

શરતના રૂપે રાખવામાં આવી છે. જો આ ચાર શરતો હશે તો તે પીર થઈ શકે છે નહીં તો તેનાથી બયઅત થવું હરામ છે. (૧) સુન્ની સહીહુલ અકીદા હોવું, (૨) પીર એટલો ઈલ્મ ધરાવતો હોય કે તમામ જરૂરીયાતે દીન અને પોતાને તમામ જરૂરી મસાઈલ પોતે કિતાબોથી હલ કરી શકે. નહીં તો હક્કો બાતિલ, હરામો–હલાલમાં તફાવત નહીં કરી શકે. તો જે હરામો હલાલ, હક્કો બાતિલમાં તફાવત ન સમજી શકે તે પીર કઈ રીતે બની શકે છે ? એવા પીરના હાથમાં હાથ આપવો જાણે કે શયતાનના હાથમાં હાથ આપવા બરાબર છે. (૩) પીર ફાસિકો ફાજિર ન હોવો જોઈએ એટલે કે શરીઅત વિરૂધ્ધ કોઈ કામ ન કરતો હોય, (૪) પીરથી લઈને હુઝૂર ﷺ સુધી બધા પીરો ઉપરની ત્રણેવ શરતોવાળા હોય જેથી સિલસિલો (ક્રમ) જોડાયેલો રહે અને ફયઝ મળતો રહે. અને જો વચમાં કોઈ પીર પણ એવો નીકળે કે તેમાં કેટલીક શરતો અથવા એક (પણ) શરત નથી જોવા મળતી તો એ સિલસિલો તૂટેલો છે. તેનાથી કદી પણ ફયઝ પ્રાપ્ત થશે નહીં, અને તૂટેલા સિલસિલાવાળા પીરથી, ભલે પછી તે ગમે તેટલો કાબેલ, મુત્તકી (તકવાવાળો), પરહેઝગાર કેમ ન જણાતો હોય તેનાથી પણ બયઅત જાઈઝ થશે નહીં. એટલા માટે પીર તે જ છે જે ચારે શરતોને આધિન હોય. જેનામાં આ શરતો નથી તેને પીર કહેવો પણ જાઈઝ નથી. જે લોકો તેમનાથી મુરીદ થાય છે તેઓ પોતાની જહાલત (અજ્ઞાનતા) તથા સ્વાર્થીપણાના કારણે થાય છે. જે સાચો પીર હશે તે મુરીદની ખુશામત અને બિનજરૂરી વેખાણ કરશે નહીં અને આજે ધનિક લોકો એવા પીરના આગ્રહી હોય છે જે તેમના વખાણ કરે. બ્રિટનમાં તમે અમુક પીરો જોયા હશે, આ પ્રકારના જ હશે. નહીં તો આજે પણ શરતોને આધિન રહેનારા પીરો મૌજૂદ છે. અને ઈન્શા અલ્લાહ ! કયામત સુધી રહેશે. જો તમે કેટલાક બ્રિટનના શરતોને આધિન નહીં એવા અને જાહિલ પીરોને જોયા છે તો કમસેકમ સરકાર હુઝૂર મુફતીએ આઝમે હિંદ, હુઝૂર મુજાહિદે મિલ્લત, હુઝૂર હાફિઝે મિલ્લત, હુઝૂર સૈયદ અબ્દુલ લતીફ, હુઝૂર મુહદ્દિષે આ'ઝમ વગેરે શરતોને આધિન રહેનારા પીરોને જોઈ લીધા હોત તો કદી પણ આપની જીભેથી આ પ્રકારની વાણી ન નીકળતી.★ રહ્યો આજનો તે જમાનો જેમાં અધિકતર માણસો બુરા નજરે પડે છે, એવા સમયમાં સાચા પીર પણ જરૂર ઓછા હશે. તમે તો જાહિલ પીરની વાત કરો છો પરંતું તમને સાંભળીને આશ્ચર્ય થશે કે જે લોકો તકવા તથા પાકીઝગીનો ઢંઢેરો પીટે છે, લાંબી લાંબી દાઢી તથા જભ્ભા તથા દસ્તાર પર નાઝ કરે છે, હિદાયતના બહાને ઈમાન લૂટવા માટે ગામે ગામ તબ્લીગ કરતા ફરે છે. એવા તબ્લીગી જમાઅતના અમીર મૌલાના હઝરાતો તબ્લીગના બહાને પરદેશના દેશોમાં હસીસ તથા ગાંજો તથા પાવડરનો ધંધો કરતા નજરે પડે છે. તેઓમાંથી ખબર નહીં કેટલા જભ્ભા તથા દસ્તાર સાથે ગાંજો, પાવડર વગેરેના કાળાબજારીના ગુના હેઠળ જેલમાં પણ પૂરાઈ ચૂક્યા છે. જેના દાખલા જગ જાહેર છે જ.

આ ઘણા લોકો જેલની હવા ખાઈને આવી ચૂક્યા છે. ખુદાનો ફઝલ છે કે જાહિલ પીરને પણ આ નોબત હજી સુધી આવી નથી. યાદ રાખશો કે પોતાના જ લોકોમાં રહી કોઈ બુરું કામ કરીને ખુદ બદનામ થવું જુદી વાત છે અને બીજા દેશોમાં તબ્લીગના બહાના હેઠળ જઈને અને તે પણ કોમના રેહબરના રૂપમાં ખોટા ધંધા કરીને જેલમાં જવું કેટલું ખતરનાક કૃત્ય છે, અનુમાન કરો કે એનાથી ખુદ પોતે જ બદનામ નથી થતો પરંતુ આખી કૌમ ત્યાં સુધી કે ઈસ્લામ મઝહબ ઉપર પણ બદનામીનો ધબ્બો લગાવેલો ગણાય. –*(ક્રમશઃ)*

★ *આ પત્ર લખનારને આ બુઝુર્ગોનો સમય મળ્યો હતો*

# ઈરાન : જે યુદ્ધથી ન તૂટે, તેને બગાવતથી તોડો !

✦ લેખક : મુહમ્મદ ઝાહિદ અલી મરકઝી ✦ ચેરમેન : તહરીકે ઉલમા બુંદેલખંડ
✦ અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી

હાલમાં ઈરાનમાં ભારે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ જોવા મળી રહી છે. પ્રદર્શનકારીઓ એટલા ઉગ્ર બની ગયા છે કે તેઓ પોતાના ધાર્મિક સ્થળોની પવિત્રતાનો પણ ખયાલ રાખતા નથી. આ પ્રદર્શનો કરન્સીના ભારે અવમૂલ્યન અને મોંઘવારીના કારણે શરૂ થયાં હતાં, પરંતુ તે માત્ર સરકાર વિરોધી ન રહ્યાં, બલ્કે ધર્મ વિરોધી પણ બની ગયાં છે. દુનિયામાં આવા પ્રદર્શનકારીઓ ક્યાંય જોવા મળતા નથી કે જ્યાં જનતા સરકારથી નારાજ હોય અને નિશાન પવિત્ર સ્થળોને બનાવે, રાષ્ટ્રીય ધ્વજને પણ ઉતારીને આગ ચાંપી દેવામાં આવે. તેથી એવું કહી શકાય કે આ પ્રદર્શનકારીઓ અમેરિકા સમર્થિત છે, નહિતર તેઓ આવું ક્યારેય ન કરતા. ૨૫ મસ્જિદમાં આગઝની કરવામાં આવી છે, ૨૬ બેંકો પર હુમ્લા કરવામાં આવ્યા છે. ૪૮ ફાયર બ્રિગેડની ગાડીઓ સળગાવી દેવામાં આવી અને તેમના કર્મચારીઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. કેટલાક પોલીસ કર્મચારીઓના મૃત્યુની પણ માહિતી મળી છે. સરકારી તેમજ બિન સરકારી સંપત્તિને જાણીબુઝીને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

### ★ ઈમામ મૂસા કાઝિમના (મઝાર) સબ્ઝ કુબ્બાને સળગાવ્યો ! ★

શીઆ સમુદાય પોતાના ઈમામો પ્રત્યે ખૂબ જ આસ્થા રાખે છે. આવી પરિસ્થિતિમાં એક મહાન ઈમામ, હઝરત ઈમામ મૂસા કાઝિમ (رضی اللہ عنہ)ની મુબારક મઝાર, જેને "સબ્ઝ કુબ્બા" કહેવાય છે, તેને પણ પ્રદર્શનકારીઓએ છોડયો નથી. ત્યાં આગઝની અને તોડફોડ કરવામાં આવી છે. આવી હરકતો ઈરાની પ્રદર્શનકારીઓ દ્વારા થાય એ કલ્પના થી દૂર લાગે છે. અને જો એવું નથી, તો ચિંતા વધુ ઊંડી બની જાય છે. કારણ કે અંતે વિદેશી કે દેશી એજન્ટો આટલા સક્રિય અને અધિક સખ્યામાં છે છતાં ત્યાંની સરકારને કાનોકાન ખબર કેમ નથી ?!

તાજેતરના ઈરાન, ઈઝરાઈલ યુદ્ધ દરમિયાન પણ આંતરિક કારવાઈઓમાં એ વાત સામે આવી હતી કે મોટાભાગનું નુકસાન વિદેશી એજન્ટો દ્વારા થયું હતું. તેમ છતાં ઈરાન સરકાર ખાસ ધ્યાન આપતી દેખાતી નથી. તેની ફોકસ ભારત અને ભારતના પડોશી દેશોમાં સુન્ની ઉલમા અને મશાઈખને ખરીદવા અને ધર્મપ્રચારમાં વધુ જોવા મળે છે. જો આવું જ ચાલતું રહેશે તો કદાચ ધર્મ બચી જશે, પરંતુ દેશ હાથમાંથી નીકળી જશે.

અહીં આપણે આવા કેટલાક મુદ્દાઓ પર નજર કરીએ જેથી સ્પષ્ટ થઈ જાય કે અમેરિકા અને યુરોપ હમેશાં આવું જ કરતા આવ્યા છે. જ્યાં શક્તિ કામ ન કરે, ત્યાં બગાવત (બળવા)નો રસ્તો અપનાવવામાં આવે છે. છતાં જો દેશના લોકો આ ન સમજે તો તેમની બુદ્ધિ પર અફસોસ છે. અને જો સરકારો પણ આ ખાતરાઓને અવગણે, તો નુકસાન નિશ્ચિત છે. ખામેનેઈએ શુક્રવારે કડક નિવેદન આપ્યું છે અને પ્રદર્શનકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની વાત કરી છે, પરંતું વાત તો એ જ છે કે દરેક વખતે ચકલીઓના ખેતર ચળી ગયા પછી જાગવાથી શું ફાયદો ?

**લિબિયા-૧૯૬૯** : લિબિયામાં સૈન્ય અધિકારી રહેલા મુઅમ્મર ગદ્દાફીએ ૧૯૬૯ માં એક લોહિયાળ બગાવત દ્વારા રાજા ઈદ્રીસ પ્રથમને

સત્તાથી હટાવી લિબિયાને પ્રજાસત્તાક જાહેર કર્યું અને પોતે દાયકાઓ સુધી સત્તા પર કબ્જો જમાવી રહ્યા. જ્યારે અમેરિકા અને યુરોપ કોઈ રીતે લિબિયામાં ગદ્દાફીને હટાવવામાં નિષ્ફળ રહ્યા, ત્યારે બગાવત, અંતિમ વિકલ્પ બચ્યો જેને અપનાવવામાં આવી અને તેમાં તેઓને સફળતા મળી.

૨૦૧૧માં "આરબ સ્પ્રિંગ"ની લહેર દરમિયાન, જાહેર પ્રદર્શન અને આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપ (નેટોની મદદ)ના પરિણામે ગદ્દાફી સરકારનો અંત આવ્યો, ત્યારબાદ ગદ્દાફી માર્યા ગયા અને દેશમાં ગૃહયુદ્ધ શરૂ થયું. આજે દેશ અનેક લડાકુ જૂથો વચ્ચે ફૂટબોલ બની ગયો છે.

**ઈરાન–૧૯૫૩** : ૧૯૫૩નું તખ્તાપલટ (Coup of 1953) સૌથી પ્રખ્યાત ઘટના છે, જેમાં CIA અને MI6 એ ઈરાનના વડાપ્રધાન મુહમ્મદ મુસદ્દિકને હટાવ્યા જેઓને ઈરાનના તેલના રાષ્ટ્રીયકરણને કારણે ઈરાનના શાહ અને પશ્ચિમી દેશો સાથે મતભેદ હતા.

ઈરાનમાં બીજી ક્રાંતિ ૧૯૭૯માં આવી, જેમાં શાહ મુહમ્મદ રઝા પહલવીની સરકારનો અંત આવ્યો અને ખોમેનીના નેતૃત્વમાં ઈસ્લામિક પ્રજાસત્તાક સ્થાપિત થયું. ત્યારથી ઈરાન તમામ પ્રતિબંધોને પાર કરી એક વૈશ્વિક શક્તિ બની ગયું છે.

ઈરાન, ઈઝરાઈલ યુદ્ધમાં જે હથિયારોને નિશાન બનાવ્યાની વાત થઈ હતી, તે હકીકતમાં એક નાટક સિવાય કંઈ ન હોતું, જે અમે ત્યારે જ જણાવ્યું હતું. હવે અહીં પણ લિબિયા પેટર્ન અપનાવીને ઈરાનને નબળું કરવાની કોશિશ થઈ રહી છે. જુઓ શું થાય છે ?!

**તુર્કી–૨૦૧૬** : ૨૦૧૬માં અમેરિકાએ અહીં પણ વર્તમાન રાષ્ટ્રપતિ રજબ તય્યિ એર્દોગાન સામે જનતાને બહાર કાઢી પરંતુ તેમાં સફળતા મેળવી શકયો નહીં. આજે તુર્કી પણ એક મોટી શક્તિ છે, પરંતુ ઈસ્લામી ખલીફા જેવું કંઈ નથી.

**સીરિયા–૨૦૨૪** : ડિસેમ્બર ૨૦૨૪માં અમેરિકાની કોશિશોથી અહીં પણ બશાર અલ–અસદની ૨૪ વર્ષીય આક્રમક સરકારનો અંત આવ્યો અને અમેરિકા પોતાના ઉદ્દેશમાં સફળ થયું. અમેરિકાના મનપસંદ જૌલાની આજે અહીં સત્તામાં છે અને અમેરિકી તથા ઈઝરાઈલી હિતોને અમલમાં મૂકવાની પૂરી કોશિશ કરી રહ્યા છે.

**૩ જાન્યુઆરી ૨૦૨૬** : વેનેઝુએલાના ગૃહમંત્રી દિઓસદાદો કાબેલોના અનુસાર, કરાકાસ પર અમેરિકી હુમ્લા અને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ કરવાની કાર્યવાહી દરમિયાન ૧૦૦ લોકોનાં મોત થયાં.

કાબેલોએ બુધવારે જણાવ્યું હતું : "હજી સુધી ૧૦૦ લોકો માર્યા ગયા છે અને એટલાં જ લોકો ઘાયલ થયા છે. અમારા દેશ પર હુમ્લો અત્યંત ભયાનક હતો."

**જુલ્મ કરનાર શક્તિશાળી નથી, પીડિત ડરપોક છે** : યાદી લાંબી છે, પરંતુ સમજવા માટે એટલું પૂરતું છે કે દુનિયા જેટલી મોડે અમેરિકા સામે ઊભી થશે, તેટલી ભારે કિંમત ચૂકવવી પડશે, દરેક દેશ પોતાની વારીની રાહ જોઈ રહ્યો છે. હાલ ગ્રીનલેન્ડ અને અમેરિકાના કેટલાક પડોશી દેશો પણ જોખમમાં છે. ટેરિફની રમત તો હજી શરૂ જ થઈ છે, તાજા નિવેદન મુજબ ભારત પર વધુ ટેરિફ લગાવવાની વાત છે.

દરેક દેશ અમેરિકાની દાદાગીરીથી પરેશાન છે, છતાં એના આગળ જ ઝુકેલો છે, આ જ તેની હિંમત છે. ઉત્તર કોરિયાને જુઓ, તે અમેરિકાનો એક શબ્દ પણ સાંભળતું નથી, અમેરિકા અને યુરોપ તેનું કંઈ કરી શકતા નથી અને તેનાથી દૂર રહેવામાં જ ભલાઈ સમજે છે. જે દિવસે બીજા દેશો આ વાત સમજી જશે, તે દિવસે અમેરિકા અથવા તો સુધરી જશે, અથવા એકલું પડી જશે.